

અમૃતધારા
ગુણવંત બરવળિયા

# અમૃત ધારા

: લેખક :

ગુણવંત બરવળિયા

**નવભારત સાહિત્ય મંદિર**
૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ – ૪૦૦ ૦૦૨
દેરાસર પાસે, ગાંધી રોડ, અમદાવાદ – ૩૮૦ ૦૦૧
૨૦૧, પેલીકન હાઉસ, નટરાજ ટોકીઝ પાસે,
આશ્રમ રોડ, અમદાવાદ – ૩૮૦ ૦૦૯
E-mail : navbharat@icenet.net
Visit us at : www.navbharatonline.com

Amrut Dhara
by **Gunvant Barvalia**
**Published by** Navbharat Sahitya Mandir,
Ahmedabad-1 & Mumbai-2
E-mail : navbharat@icenet.net
Visit us at : www.navbharatonline.com

© MRS (DR) M. G. BARVALIA

**પ્રથમ આવૃત્તિ :** ઓક્ટોબર, ૨૦૦૩

**મૂલ્ય : રૂ. ૮૦-૦૦**

**પ્રકાશક :**
**અશોક ધનજીભાઈ શાહ**
**નવભારત સાહિત્ય મંદિર**
૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ,
મુંબઈ – ૪૦૦ ૦૦૨
દેરાસર પાસે, ગાંધી રોડ,
અમદાવાદ – ૩૮૦ ૦૦૧
૨૦૧, પેલીકન હાઉસ,
નટરાજ ટોકીઝ પાસે, આશ્રમ રોડ,
અમદાવાદ – ૩૮૦ ૦૦૬

**ટાઈપસેટિંગ :**
**ઈનોવેટિવ પ્રિન્ટ ઍન્ડ પૅક**
કચરિયા પોળ, બાલાહનુમાન,
ગાંધી રોડ, અમદાવાદ–૩૮૦ ૦૦૧
ફોન : ૨૧૩૭૯૫૭, ૨૧૭૧૯૪૮

**મુદ્રક :**
**યુનિક ઑફસેટ**
એન. આર. એસ્ટેટ, તાવડીપુરા,
શાહીબાગ, અમદાવાદ – ૩૮૦ ૦૦૪

# લેખકનું નિવેદન

પરમ ઉપકારી સંતોની અધ્યાત્મ સભર સંતવાણી, સ્વાધ્યાય, પ્રવચન, આદિ. સાંભળવાનો અવસર પ્રાપ્ત થયો ત્યાર પછી, હૃદયમાં ઉઠેલા ભાવોને કલમ દ્વારા ચિંતન મનન રૂપે રજૂ કરવાનો અવસર મળ્યો. કોઇ મર્મસ્પર્શી પ્રસંગ વાચવામાં આવ્યો અને પછીના વિચાર મંથન દ્વારા કંઇક લખવાની પ્રેરણા મળી આમ આ લખાણોની શ્રૃંખલા રચાણી.

આ બધાં લખાણો મારી સાધના કે વિદ્વતાભર્યા જ્ઞાનથી લખાયેલા નથી આ લખાણો સંતસમાગમ અને વિદ્વતવર્યોના સંબંધો ની નીપજ છે. વિદ્વતજનો ને ગુરુભગવંતોના પ્રવચનો સાંભળીને અને સ્વાધ્યાય દ્વારા જે કાંઇ જાણ્યું તેને મારી રીતે આ લેખો દ્વારા રજૂ કરવાનો પ્રયાસ કર્યો છે. જેમા મારા નિજી સંવેદનો અને નિરિક્ષણો નું આલેખન થયેલું જણાશે.

પ્રસ્તુત ગ્રંથમાં ધર્મ, અધ્યાત્મ, સંસ્કૃતિ વગેરે વિષયક મારા લેખો ગ્રંથસ્થ કર્યા છે. તે છેલ્લા પંદરેક વર્ષ દરમ્યાન લખાયેલા છે.

આ બધા લખાણો 'મુંબઇ સમાચાર', 'જન્મભૂમિ', 'કાઠિયાવાડી જૈન', 'જૈન પ્રકાશ', 'જાગૃતિ સંદેશ', 'જૈન સૌરભ', 'ધર્મધારા', 'શાસન પ્રગતિ', 'વડલો વિહાર', 'પરમાર્થ' વ. વર્તમાન પત્રો અને સામયિકોમાં પ્રગટ થયેલા છે.

આ લખાણોની પ્રેરણા માટે અનેક ગુરુભગવંતો અને સતીજીઓ મારા ઉપકારી છે. પૂ. બાપજી સ્વામીના શિષ્યા પૂ. ડૉ. તરુલતાજી વિદ્યાગુરુ નવલભાઇ જોષી, વિદ્વાન મુરબ્બી ડૉ. જયંત મહેતા, રમણીકભાઇ શેઠ, પન્નાલાલ શાહ અને ડૉ. રસિકભાઇ મહેતાનો હું આભારી છું.

મારા ધર્મ પત્ની ડૉ. મધુબહેન બરવાળિયા પુત્રીઓ અમીષા, નિલેષા, શૈલેષી અને પુત્ર ચિંતને મારા આ કાર્યમાં હંમેશા સહયોગ આપ્યો છે. કૉમ્પ્યુટર ટાઇપ સેટીંગ માટે વિધાતા આર્ટસના ધ્રુવ અજમેરા નો આભાર.

'અમૃત ધારા' નું પ્રકાશન કરવા બદલ નવભારત સાહિત્ય મંદિરના શ્રી અશોકભાઇ શ્રી મહેન્દ્રભાઇ તથા મુરબ્બી શ્રી ધનજીભાઇનો આભાર માનું છું.

**– ગુણવંત બરવાળિયા**

અનુક્રમણિકા

# અમૃત ધારા


| | | |
|---|---|---|
| ૧. | અહિંસાનો સંદેશ સર્વજીવ હિતાય છે | ૫ |
| ૨. | જૈન ધર્મ દ્વારા ભારતીય સંસ્કૃતિમાં એકાત્મ માનવદર્શન | ૮ |
| ૩. | વૈભાવિક વૃત્તિને સ્વાભાવિક વૃત્તિમાં બદલે તે વ્રત | ૧૩ |
| ૪. | શ્રીમદ્ રાજચંદ્રજી અને ગાંધીજીની દષ્ટિએ દયાધર્મનું સ્વરૂપ | ૧૭ |
| ૫. | જીવદયાનો આધુનિક અભિગમ | ૨૩ |
| ૬. | ન્યાયસંપન્ન વૈભવ | ૨૭ |
| ૭. | જૈન સંસ્કૃતિના વિકાસમાં નારીનું યોગદાન | ૩૦ |
| ૮. | સ્વદોષ દર્શન – પાવન અંતર્યાત્રા | ૩૫ |
| ૯. | પૂ.પ્રાણગુરુ : પ્રભાવક ધર્મ પુરુષ | ૩૭ |
| ૧૦. | સર્જનની શતાબ્દી પ્રસંગે આત્મસિદ્ધિશાસ્ત્રને વંદના | ૪૧ |
| ૧૧. | જૈનોને લઘુમતીની માન્યતા : એક વિશ્લેષણ | ૪૫ |
| ૧૨. | માનવધર્મના મંદિરમાં જીવદયાની પ્રતિષ્ઠા કરીએ : સમય ચિંતન | ૫૪ |
| ૧૩. | વૈયાવૃત્ય એ ધ્યાનના ઊંડાણની પારાશીશી છે | ૬૧ |
| ૧૪. | સત્યને માર્ગે મુક્તિની યાત્રા : સત્યની સંપત્તિ અંદર છે, બહાર નથી | ૬૬ |
| ૧૫. | સત્યને માર્ગે મુક્તિની યાત્રા : સત્ય કે સ્વપ્ન | ૬૮ |
| ૧૬. | સત્યને માર્ગે મુક્તિની યાત્રા : સત્યનો પ્રભાવ | ૭૧ |
| ૧૭. | ચાતુર્માસ : સંતવાણીમાં તરબોળ થવાની મોસમ | ૭૩ |
| ૧૮. | મર્યાદામહોત્સવ : આત્મનિરીક્ષણનો અવસર | ૭૬ |
| ૧૯. | તપસ્વી પૂ. માણેકચંદજી મહારાજની જીવન ઝરમર | ૮૧ |
| ૨૦. | પૂ. તપસ્વીજીની દેશનાના વિશિષ્ટ પાસાં | ૯૧ |
| ૨૧. | ગુરુદેવ ! આપે મને અક્ષયનિધિ સોંપ્યો છે | ૯૫ |
| ૨૨. | ભૂમિનો પ્રભાવ | ૧૦૦ |
| ૨૩. | વિશ્વવાત્સલ્યના આરાધક ક્રાંતદષ્ટા મુનિસંતબાલ | ૧૦૪ |
| ૨૪. | અનુપ્રેક્ષા : શુભમાંથી શુદ્ધ પ્રતિ જવાની યાત્રા | ૧૦૮ |

## અહિંસાનો સંદેશ સર્વજીવ હિતાય છે

સંભવત: વિશ્વસાહિત્યમાં ઉપલબ્ધ પ્રાચીનત્તમ જૈન ગ્રંથ 'આચારાંગ' સૂત્ર ગ્રંથ એવો છે જેમાં અહિંસાને સર્વાધિક અર્થવિસ્તાર સાથે વર્ણવવામાં આવી છે. તેમાં પૃથ્વી, પાણી, અગ્નિ, વાયું, વનસ્પતિ અને પ્રાણીરૂપ ષટ્જીવનિકાયની હિંસાનો નિષેધ ફરમાવવામાં આવ્યો છે. તેનો પ્રથમ અધ્યાય શસ્ત્રપરિજ્ઞા છે. તે તેના નામને અનુરૂપ હિંસાના કારણ અને સાધનોનો વિવેક કરાવે છે. હિંસા-અહિંસાના વિવેક સંબંધિત ષટ્જીવનિકાયની અવધારણા આચારાંગની પોતાની વિશેષતા છે જે પરવર્તી સંપૂર્ણ જૈન સાહિત્યમાં સ્વીકૃત રહી છે. આચારાંગમાં માત્ર અહિંસાની અવધારણાનો અર્થ વિસ્તાર જ નથી પરંતુ, તેને વિશેષરૂપે ઊંડો અને મનોવૈજ્ઞાનિક બનાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

આચારાંગમાં ધર્મની બે મુખ્યવ્યાખ્યાઓ મળી આવે છે.

(૧) **सेमियाए धम्मे आरियेहिं पवेइए** – ૧/૮/૩, આર્યજનોએ સમભાવને ધર્મ કહ્યો છે.

(૨) **सव्वे भूया सव्वे जीवा सव्वे सत्ता न हंतव्वा**
**ए स धम्मे सुद्धे, निइए सासए**
**समिच्च लोयं खेयम्मेहिं पवेइए – १/४१**

કોઈપણ પ્રાણી, જીવ અને સત્ત્વની હિંસા ન કરો તે જ શુદ્ધ, નિત્ય અને શાશ્વતધર્મ છે. જેનો ઉપદેશ સમસ્ત લોકની પીડા જાણીને કરવામાં આવ્યો છે.

'પ્રશ્ન વ્યાકરણ સૂત્ર'માં વાંચતા પ્રાણ વધનું સ્વરૂપ હિંસા અને અહિંસા ભગવતીના વિવિધ નામો દ્વારા તેની અર્થપૂર્ણ વિવેચના કરવામાં આવી છે.

આ બંને વ્યાખ્યાઓ ભિન્ન દૃષ્ટિકોણ પર આધારિત છે. સમભાવરૂપે ધર્મની પરિભાષા સમાજ નિરપેક્ષ વ્યક્તિગત ધર્મની પરિભાષા છે. કારણ સમભાવ સૈદ્ધાંતિક અને મનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ પોતાના સ્વ સ્વભાવનો પરિચાયક છે.

અહિંસા એક વ્યવહારિક અને સમાજ સાપેક્ષ ધર્મ છે. કારણ તે લોકોની, સમાજની પીડાના નિવારણાર્થે છે. અહિંસા સમભાવની સાધનાની બાહ્ય અભિવ્યક્તિ છે. સમભાવ અહિંસાનો સાર તત્ત્વ છે, અહિંસાની આધારભૂમિ છે. અહિંસાને આર્હત્ પ્રવચનનો સાર અને શુદ્ધ એવં શાશ્વત ધર્મરૂપે દર્શાવી છે.

આયારો, ૫/૧૦૧માં કહ્યું છે,
'જેને તું મારવા ઇચ્છે છે, તે તું જ છે.
જેના પર તું શાસન કરવા ઈચ્છે છે, તે તું જ છે.
જેને તું દાસ બનાવવા ઈચ્છે છે, તે તું જ છે....વગેરે....

પોતાની હિંસા કોઈ ઈચ્છતું નથી. જો કોઈ આત્મા મારાથી ભિન્ન નથી તો હું કોને મારીશ? અસ્તિત્વની ભૂમિકા પર આ અભેદાનુભૂતિ છે, આ જ છે અહિંસા. આત્મા – આત્માની વચ્ચે અભેદાનુભૂતિ છે, તે અહિંસા છે. ભગવાન મહાવીરે ઉપદેશ દ્વારા સમજાવ્યું કે સમસ્ત વિશ્વમાં પ્રવર્તમાન દરેક આત્મામાં સમાન ચેતના છે. દરેક આત્મા સમાનરૂપે સુખ મેળવવા ઝંખે છે. માટે સૃષ્ટિના પ્રત્યેક પ્રાણીને નિજાત્મા-પોતાના આત્માની જેમ સમજવો-માનવો જોઈએ. જે કાર્યથી, વાણીથી, વર્તનથી પોતાને દુઃખ, હાનિ કે ગ્લાની થાય છે તે કાર્ય કે વર્તન અન્ય તરફ પણ ન થાય. જ્યારે સ્વઆત્મા અને પરઆત્મા વચ્ચેનું અંતર નાશ પામશે ત્યારે અહિંસાની સાધના સફળ થશે, સાર્થક થશે. નહીંતર અહિંસા શબ્દ માત્ર દંભ-આડંબર, બાહ્ય મહોરું બની રહેશે. વ્યક્તિત્વની ભિન્નતા હોવા છતાં બંન્નેનાં એક ધર્મ સમાન છે, તે છે દુઃખની અપ્રિયતા, આ રહ્યું તેનું ઉદાહરણ.

જૂના જમાનામાં પંચાયત સમાજની પ્રભાવી સંસ્થા હતી. પંચનો ફેસલો ન્યાયાધીશનું કામ કરતો. બે ભાઈઓ વચ્ચે મિલકતના મુદ્દે ઝઘડો થયો. મામલો ન્યાય માટે પંચ પાસે ગયો. મોટા ભાઈને આરોપી ઠેરવવામાં આવ્યો. પરંતુ મોટો ભાઈ પોતે આરોપ સ્વીકારવા તૈયાર ન હતો. પંચનો ન્યાય ધર્મન્યાય-સર્વમાન્ય ગણાય. તે સમયની પ્રણાલી મુજબ તવો ગરમ કરીને નિર્ણય કરવાનું નક્કી થયું. ગરમ તવો આરોપીના હાથ પર મૂકવામાં આવે. જો તેનો હાથ બળે નહિ તો તે આરોપથી મુક્ત અને હાથ બળે તો આરોપ સાચો.

નિશ્ચિત દિવસે તવો ગરમ કરવામાં આવ્યો. પંચમાંના એકે સાણસીથી તવો પકડીને આરોપીના હાથ પર મુકવા માંડ્યો કે તરત આરોપીએ હાથ ખેંચી લીધો. પંચે તેમ ન કરવા સમજાવ્યો અને ન માને તો પોતે આરોપી છે તેમ નક્કી થશે તેવો નિર્ણય જાહેર કર્યો, ત્યારે મોટા ભાઈએ ખૂબ સ્વસ્થતાથી કહ્યું, 'પંચમહાશય! પંચનો હાથ તે મારો હાથ. પંચની સાણશી તે મારી સાણશી. પંચમહાશય આપ ગુનેગાર નથી. આપ નિર્દોષ-સાચા છો. આપ આ તવો હાથથી ઉપાડીને આપો. મારો હાથ આને લેવા તૈયાર છે.'

આ સમાનતાના સૂત્રે પંચના નિર્ણયનો માર્ગ બદલી નાંખ્યો. પંચ ચૂપચાપ પોતાના આસને બેસી ગયું. અહીંયા સ્વ-આત્મા અને પર-આત્મા વચ્ચેનું અંતર નાશ પામ્યું અને ઉત્પન્ન થયું સમાનતાનું સૂત્ર. પરમાત્મા મહાવીરના સમાનતાના આ સૂત્રે જ હજારો-હજારો-માણસોને જાગૃત કર્યા. તેથી જ તેમણે કહ્યું, 'અહિંસાનો સંદેશ સર્વજીવ હિતાય છે' આથી આસંદેશને સર્વત્ર પહોંચાડો.

આમ જૈન ધર્મમાં અહિંસાનો વિશિષ્ટ અર્થ વિસ્તાર જોવા મળે છે.

# જૈન ધર્મ દ્વારા ભારતીય સંસ્કૃતિમાં એકાત્મ માનવદર્શન

સામાજિક આચારસંહિતાને અનુકૂળ જીવનશૈલી અપનાવવી એટલે સંસ્કાર. ધર્મ, નીતિ અને સંસ્કારનો સમન્વય એટલે સંસ્કૃતિ. દરેક દેશ કે પ્રજાને પોત પોતાની સંસ્કૃતિ હોય છે અને એ સંસ્કૃતિને ઘડવામાં ત્યાંની દરેક વ્યક્તિનો, ભૌગોલિક પરિસ્થિતિ, બહારનાં આક્રમણો વિદેશવ્યાપાર સંબંધોનો ઓછો-વત્તો હિસ્સો હોય છે. આ બધામાં ધર્મોનો સૌથી મહત્ત્વનો ફાળો હોય છે. ધર્મના સિધ્ધાંતો અને ધર્મગુરુઓના પ્રભાવ નીચે સંસ્કૃતિઓનો વિકાસ થયો અને તે સંસ્કૃતિ સાથે ધર્મનું નામ જોડાયું. જેમકે ભારતીયસંસ્કૃતિ, હિન્દુ અથવા આર્ય સંસ્કૃતિના નામે પ્રસિધ્ધ થઈ.

આપણા મૂર્ધન્ય સાહિત્યકાર કાકાસાહેબ કાલેલકરે લખ્યું –

***"જીવન એ પ્રકૃતિ છે, સંસ્કૃતિ તેનો ઓપ છે.***
***જીવન જો ધરતી હોય તો સંસ્કૃતિ તેનું સ્વર્ગ છે."***

લેખકે સ્વર્ગ સાથે સરખામણી કરીને સંસ્કૃતિનું ગૌરવ વધાર્યું છે.

અન્ય સંસ્કૃતિઓ સ્વર્ગના સુખ સુધીના માર્ગની વાત કરે છે, જ્યારે જૈનધર્મની શ્રમણસંસ્કૃતિ માનવીને મોક્ષના સુખ સુધી આગળ લઈ જવાની વાત કરે છે. આમ જૈનસંસ્કૃતિ મોક્ષપ્રધાન છે. જૈન દર્શનના સિદ્ધાંતો અને શ્રમણ ભગવંતોના પ્રભાવ નીચે વિકાસ પામેલી સંસ્કૃતિને આપણે શ્રમણસંસ્કૃતિને નામે જાણીએ છીએ. આ સંસ્કૃતિના ચાર પાયા ધર્મ, અર્થ, કામ અને મોક્ષ છે. તાત્પર્ય એ કે અર્થ અને કામની પ્રાપ્તિ પણ ધર્મમય માર્ગે થાય તો જ સંસ્કૃતિ સુરક્ષિત રહે અને તે માનવીને મોક્ષમાર્ગે જવામાં સહાયક બને છે.

આર્યાવર્તને આંગણે જે સંસ્કૃતિ વિકસી છે તેનાં ઘડતરમાં અનેક પ્રજા અને ધર્મોએ યથામતિ પોતપોતાનો ફાળો આપ્યો છે. આ સંસ્કૃતિનું મહદ અંશે લોકમાતા નદીઓના કિનારે સંવર્ધન થયું છે. અને સંતો, ચિંતકો, ઋષિમુનિઓ અને શાસ્ત્રકાર પરમર્શિઓએ તેનું રક્ષણ અને સંવર્ધન કર્યું છે.

જૈનધર્મે તેના તીર્થંકરો, ગણધરો, સાધુ સંત-સતીઓ શ્રાવક-શ્રાવિકાઓ - જૈન શિલ્પ સ્થાપત્યકળા, જૈન કવિઓ અને સાહિત્યકારો, પ્રવર્તકો, સંરક્ષક મહાપુરુષો દ્વારા આર્યાવર્ત સંસ્કૃતિના ઘડતરમાં ખૂબજ મહત્ત્વનો ફાળો, ઉત્કૃષ્ટ યોગદાન આપ્યું છે.

પ્રથમ તીર્થંકર આદિનાથ ભગવાન ૠષભદેવે અસી મસિ અને કૃષિની કલા શીખવી. સ્વરક્ષણ માટે તલવાર-હથિયાર, લખવા માટે કલમ-શ્યાહી અને ભરણપોષણ માટે ખેતી કરવાનું શીખવ્યું. પુત્રી બ્રાહ્મી અને સુંદરી દ્વારા વિવિધ કલા શીખવી, લગ્ન અને કુટુંબજીવનના આદર્શો આપ્યા. અહીંથી માનવસંસ્કારના બીજ રોપાયા. પ્રથમથી ચરમ તીર્થંકર ભગવાન મહાવીર સુધી ચોવીશે તીર્થંકરના જીવનની ઘટના, સમય અને દેશના તપાસતાં જણાશે કે તે સર્વના જીવનમાં ત્યાગ, સદાચાર, સંયમ, સત્ય, પરોપકાર અને આત્મધર્મનો સાક્ષાત્કાર કરી સ્વપરનું કલ્યાણ કરવું તે જ આદર્શ નજરે પડે છે. વિવિધ ક્ષેત્રે, વિવિધ સમયે દેખાતા જીવનના વિધવિધ ક્રમોમાં રહેલી આ એકરાગતા જ આર્યસંસ્કૃતિના વિશાળ ફલક પર શ્રમણ સંસ્કૃતિની ઉપસતી તેજોમય મહોર જેવી છે.

ભગવાન મહાવીર અને ભગવાન બુદ્ધના સમયમાં સંસ્કૃતિ પર વિકૃતિએ અતિક્રમણ કરેલું. ધર્મના સૌમ્ય તત્ત્વો પર હિંસાની રૌદ્રતા તાંડવનૃત્ય કરી રહી હતી. એ સમયના યજ્ઞયાગના દિલ કંપાવનારાં વર્ણનો ઉપરથી આપણે જાણી શકીએ છીએ કે દેશમાં સુખશાંતિની વૃદ્ધિ અર્થે થતાં યજ્ઞો પ્રજાની સર્વશ્રેષ્ઠ સંપતિરૂપ પશુઓની "શ્વાહા" બોલાવતા. પશુવધ સુખ અને શાંતિ આપવાને બદલે સંતાપ અને વિલાપ જ આપી જાય. વર્ણવ્યવસ્થામાં ઊંચ-નીચ અને અસ્પૃશ્યતા, સામાજિક બહિષ્કાર શોષણ અને ગુલામ પ્રથા દ્વારા સૂક્ષ્મ અને સ્થૂળ હિંસા થતી હતી.

"શાસ્ત્રજ્ઞાન અને દાનપ્રપ્તિનો અધિકાર માત્ર બ્રાહ્મણોનો" તે વાત ન્યાયનો છેદ ઉડાડતી તો "પુત્રપ્રાપ્તિ વિના મૃત્યુ પામનારની સદ્ગતિ નથી." એ વાત બ્રહ્મચર્યની પવિત્ર ભાવનાનો છેદ ઉડાડનારી હતી. કહેવાતા સાધુઓ ચમત્કાર દ્વારા લોકોને અંધશ્રદ્ધાના કૂવા તરફ દોરતા.

આ સમયમાં ભગવાન મહાવીરે સંસ્કૃતિમાંથી વિકૃતિઓ દૂર કરવા અહિંસા અને સમ્યક્ શ્રદ્ધાનો ઝંડો ફરકાવ્યો.

ભગવાન મહાવીરે પોતાના આચરણ દ્વારા માનવ જીવનમાં દેખાતી વિસંગતિઓ પ્રતિ ધ્યાન દોર્યું.

ગૃહત્યાગ કરી જંગલમાં જઈ દેહદમન કરનારા જટાધારી સાધુઓનો મોટો ભાગ જન્મ જરા અને મરણનો પરિતાપ ટાળવારૂપ આર્ય આદર્શને ભૂલ્યો હતો. ભૌતિક સુખો કે માત્ર સ્વર્ગ, ચક્રવર્તીપણું કે લોકપ્રિયતા માટે સિધ્ધિઓ કે લબ્ધિઓની પ્રાપ્તિ માટે અભિલાષા હતી, તે માટે તપ કે સાધના થતી હતી. કેટલાક ત્યાગીઓ કે તાપસો તામસી વૃત્તિના જણાતા. તપશ્ચરણ વિધિમાં અંતરાય રૂપ બનતા પશુ-પંખી કે માનવી તેમની તેજ-શક્તિનો ભયંકર ભોગ બન્યાનું ઇતિહાસમાં નોંધાયું છે. આત્મજ્ઞાનના સાધનભૂત યોગવિદ્યામાં પણ હઠયોગ પ્રધાનતા ભોગવતો હતો. હઠયોગથી સધાતી સિદ્ધિમાં તેઓ અટવાઈ ગયા હતા. સાત્વિક વૃત્તિના સંવર્ધન માટે સાદુ અને સંયમીજીવન સ્વીકારનાર સાધુઓ વાસ્તવિક રીતે તામસી કે રાજસી વૃત્તિમાં જ વીંટળાઈ રહેતા હતા.

ભયંકર આરંભ-સમારંભ અને હિંસાયુક્ત અનેક ક્રિયાકંડો અને અસંખ્ય મત મતાંતરોના જંગલમાં કહેવાતા ધર્મગુરુઓ ભૂલા પડ્યા હતા. આવા સમયે ભગવાન મહાવીરે 'દરેકનો આત્મા સરખો છે દરેકને જીવવાનો અધિકાર છે, એ સર્વવ્યાપી મહાનિયમ સમજાવ્યો જ્ઞાન માત્રનો સાર અહિંસાનું આચરણ છે તે બતાવ્યું.એકેન્દ્રિયથી લઈને પંચેન્દ્રિય સુધીના સર્વ જીવોનું સૂક્ષ્મ અને વ્યવસ્થિત વૈજ્ઞાનિક વિભાજન અન્યત્ર ક્યાંય નથી એવું જૈનદર્શનોમાં મળે છે. વળી મન, વચન અને કાયાની પ્રવૃત્તિને અહિંસાની એરણ પર ચડાવીને ચકાસવાની વાત કરે છે. વળી ભગવાને આચરણ દ્વારા બતાવ્યું કે લબ્ધિ માટે સાધના ન કરાય પરંતુ સાધનાના પરિપાક રૂપે પ્રાપ્ત થતી સિદ્ધિ કે લબ્ધિનો પ્રયોગ પરમાર્થે જ કરાય તેમનું જીવન જ લબ્ધિ-પ્રયોગ દિશા–દર્શન કરાવનારું હતું. આ બધો પુરુષાર્થ મહાવીરની જીવમાત્ર પ્રત્યેની અનુકંપાભાવનાના દર્શન કરાવે છે. મહાવીર ધર્મના કણકણમાં માનવતાનું અમૃત છલકાતું જોવા મળશે. મહાવીરના આચરણને કારણે જ તે પ્રદેશના કેટલાય લોકોએ માંસ ભક્ષણ કે યજ્ઞયાગ જેવા હિંસક ક્રિયાકાંડોને છોડ્યા. ખરેખર ભારતવર્ષનો સાંસ્કૃતિક આદર્શ એક હોવાને કારણે જે જે ઉત્તમ હોય તેને તે તરત અને નિઃસંકોચ અપનાવી

લે છે એ જ ભારતીય સંસ્કૃતિની વિશેષતા છે.

વિરોધીઓ પ્રત્યે સમભાવ કે કરુણા ભાવ તીર્થંકરોની પ્રબુદ્ધ કરુણાના દર્શન કરાવે છે. કમઠ તાપસ કે ગૌશાલકને ક્ષમા, પાર્શ્વ કે મહાવીર જ આપી શકે. ક્ષમાપનાનો વિચાર શ્રમણસંસ્કૃતિની વિશ્વને અણમોલ ભેટ છે.

સંયમ અને તપ, રાગ દ્વેષ ઉપરના વિજય માટે છે આત્માની ઓળખ માટે છે જૈન ધર્મ કહે છે કે આત્મજ્ઞાનની ઓળખ વિનાનું તપ માત્ર દેહદમન છે. ભગવાન મહાવીરે પરંપરાથી ચાલ્યા આવતા સ્થૂલ તપનો સંબંધ આધ્યાત્મિક શુદ્ધિ સાથે અનિવાર્યપણે જોડી દીધો. એમણે બાહ્યતપ સાથે આભ્યંતર તપનો સમન્વય કર્યો. કેવળ શરીર અને ઈન્દ્રિયોના દમનમાં સમાઈ જતા બાહ્યતપમાં અંતરદૃષ્ટિ ઉમેરી તપને અંતર્મુખ બનાવ્યું.

શ્રમણ સંસ્કૃતિએ સર્વ જીવોની સમાનતા સાથે કર્મસિદ્ધાંતની વૈજ્ઞાનિકતા સમજાવી ભગવાન મહાવીરના આ કર્મસિધ્ધાંતે ચાર વર્ણોમાં વિદ્યમાન જન્મગત ઊંચનીચ ભાવનાનો પ્રબળ વિરોધ કર્યો તેમણે એ જાહેર કર્યું કે ચંડાળ કર્મ કરનારો બ્રાહ્મણ ચંડાળ જ કહેવાય. સાત્ત્વિક વૃત્તિ અને ધર્મ આચરણ કરનારો શુદ્ર બ્રાહ્મણ કહેવાય શૂદ્ર નહિ. બ્રાહ્મણ અને ચંડાળને ઈન્દ્રિયો સરખી છે. ભૂખ તરસની સંવેદના સરખી છે. તેમને ધર્મ કર્મ કે સમાજના સદ્‌વ્યવહારથી વંચિત ન રખાય. મેતારજ અને હરિકેશી જેવા અત્યંજ પણ જૈન દીક્ષા લઈ મહામુનિ બન્યા.

જૈનસંસ્કૃતિએ સ્ત્રીઓને યોગ્ય સ્થાન આપ્યું છે. સ્ત્રીઓ પણ સંયમજીવન સ્વીકારી મોક્ષના અધિકારી બની શકે. ગુલામ અવસ્થામાં રહેલી પૂર્વાશ્રમની રાજકુમાર ચંદનબાળાના હાથે પારણું કરી તેને દીક્ષિત કરી ભગવાન મહાવીરે નારી ગૌરવને પ્રતિષ્ઠા આપી છે.

અનેકાંતદૃષ્ટિ જૈનદર્શનનો મૌલિક સિદ્ધાંત છે. અનેકાંતવાદના પરમત = સહિષ્ણુતાના સિદ્ધાંતની ઉદારતાને કારણે જૈનો બધા જ દર્શનને આદર આપે છે માટે જ શ્રમણ સંસ્કૃતિ અને ભારતીય સંસ્કૃતિ વચ્ચે સંવાદિતા છે.

જૈન ધર્મના અપરિગ્રહના સિદ્ધાંતે સમાજવાદના આદર્શને ચરિતાર્થ કર્યો છે. જૈનધર્મના અપરિગ્રહ અને ત્યાગના કારણે ભારતીય સંસ્કૃતિની દાનભાવનાનું રક્ષણ અને સંવર્ધન થયું છે. કુદરતી કે માનવસર્જિત આફતો વખતે જૈન દાનવીરોની ઉત્કૃષ્ટ દાન ભાવનાની વાતો ઈતિહાસના સુવર્ણ પૃષ્ઠો પર અંકિત છે.

વનસ્પતિ, પાણી, પૃથ્વી, વાયુ અને અગ્નિમાં પણ જીવ છે માટે તેમનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવો. વધુ બગાડ વેડફાટ કે અન્યને દુ:ખ કે નુકશાન ન પહોંચે તેવી જતનાપૂર્વકની જૈનધર્મની જીવનશૈલી પર્યાવરણસંતુલનપોષક છે. સંસ્કૃતિના રક્ષણ અને સંવર્ધન માટે આ પાંચ તત્ત્વોનું રક્ષણ પ્રકૃતિને વિકૃત ન કરવી. ઉપરાંત જીવદયા અને ગૌરક્ષા – પ્રાણીદયા જેવા મહત્ત્વના અંગો છે. જૈનધર્મના આ વિચારોએ ભારતીય સંસ્કૃતિની રક્ષા અને સંવર્ધનમાં સિંહફાળો આપ્યો છે.

શ્રમણસંસ્કૃતિના રક્ષક ક્ષમાશ્રમણના પાદવિહાર, કેશલુંચન, રાત્રિભોજન ત્યાગ, સર્વથા માંસ-મદિરા અભક્ષ્યત્યાગ અને પંચમહાવ્રતના આચરણનું તેજસ્વી પ્રતિબિંબ ભારતીય સંસ્કૃતિએ ઝીલ્યું છે.

કોઈપણ સંસ્કૃતિનો વાસ્તવિક પરિચય મેળવવા માટે તેની દાર્શનિક વિચારધારાનું જ્ઞાન મેળવવું જરૂરી છે. ભારતીયસંસ્કૃતિની બ્રાહ્મણ અને શ્રમણ એ બે મુખ્ય દાર્શનિક પરંપરા ગણાય. શ્રમણપરંપરામાં બૌદ્ધ દર્શન અને જૈનદર્શન બ્રાહ્મણ પરંપરામાં વૈદક દર્શનો અભિપ્રેત છે. ભગવાન મહાવીરના સમયમાં આદર્શ બ્રાહ્મણ પરંપરામાં જે વિકૃતિઓ પેસી હતી તેને ભગવાન મહાવીરની શ્રમણ પરંપરાએ દૂર કરવાનો સમ્યક્ અને સફળ પુરુષાર્થ કર્યો.

શ્રમણસંસ્કૃતિએ પ્રાણીમાત્રમાં મૈત્રીભાવના દર્શન કરાવ્યા. વ્યક્તિમાંથી સમષ્ટિ તરફ જવાની આ ગતિ છે. ભારતીય સંસ્કૃતિ તેને એકાત્મ માનવદર્શન તરીકે ઓળખે છે. પરંપરાગત સંસ્કૃતિ અને દર્શનોનો સમન્વય વિવેકપૂર્વકની જીવનશૈલી નિપજાવે છે જે માનવજાત માટે કલ્યાણકારી છે.

## વૈભાવિક વૃત્તિને સ્વાભાવિક વૃત્તિમાં બદલે તે વ્રત

અનાદિકાળથી આત્મા અને કર્મનો સંયોગ છે. જ્યાં સુધી આત્મા કર્મોથી બંધાયેલો છે ત્યાં સુધી તે સંસારી છે અને જ્યાં સુધી સંસારી છે ત્યાં સુધી જન્મ-જીવન અને મૃત્યુનાં દુઃખો ભોગવવાના રહે છે જેવી રીતે માટી મિશ્રિત સોનાને અગ્નિમાં તપાવવાથી તે સોનું માટીથી છૂટું પડી પોતાનું મૂળરૂપ શુદ્ધ કાંચન ધારણ કરી શકે છે. તેવી રીતે કર્મરૂપ મેલથી ખરડાયેલો જીવ તપશ્ચર્યા રૂપ અગ્નિના પ્રયોગથી શુધ્ધ થઈ નિજરૂપને પ્રાપ્ત કરે છે.

શરીર અને મનના અનેક પ્રકારના રોગો સામે ચતુર કુશળ અને અનુભવી વૈદ્ય જેમ વિવિધ પ્રકારના ઔષધો આપે છે તેમ ભગવાન મહાવીરે ભવરોગના નિવારણ માટે એક માત્ર ઉત્તમ કોટીનું તપશ્ચર્યા રૂપી ઔષધ આપી આપણા પર પરમ ઉપકાર કર્યો છે.

પ્રબુદ્ધ કરૂણાના કરનાર મહાશ્રમણ ભગવાન મહાવીરે પોતાના નિજી જીવનને પ્રયોગશાળા બનાવી આ ઔષધિનો સફળ પ્રયોગ પોતાની જાત ઉપર કર્યો પછી જ તપશ્ચર્યા નામની ઉત્કૃષ્ટ જડીબુટ્ટી આપણને આપી.

જૈનધર્મમાં ઉપવાસ, ઉણોદરી આદિ છ પ્રકારના બાહ્ય તપ અને ધ્યાન, સ્વાધ્યાય, વૈયાવચ્ચ આદિ છ પ્રકારના અભ્યંતર તપ એમ ૧૨ પ્રકારના તપને મહત્ત્વ આપવામાં આવ્યું છે.

ભગવાન મહાવીરની સહજજીવનચર્યામાં બાહ્યતપ સાથે આભ્યંતરતપના અનુસંધાનનું અદ્‌ભુત સાયુજ્ય રચાતું જોઈ શકાય છે. જે સાધકને આંતરિક વિશુદ્ધિના રાજમાર્ગ પર જવા પરમ પ્રેરક બને છે. કર્મોને તપાવે, નાશ કરે તે તપ.

જૈન દર્શનમાં તપશ્ચર્યાનો મુખ્ય ઉદ્દેશ કર્મોની નિર્જરાનો છે. જ્ઞાનીઓ કહે છે કે, 'વૃત્તિ બદલે તે વ્રત'

કર્મસહિત આત્મામાં બે પ્રકારની વૃત્તિઓ વહી રહી હોય. એક સ્વાભાવિક વૃત્તિ અને બીજી વૈભાવિક વૃત્તિ.

જ્ઞાનાદિ મૌલિક ગુણો તથા ક્ષમા શ્રધ્ધા આદિ વિવેક ગુણોનું પરિણામધારામાં પ્રગટ થવું તે સ્વાભાવિક વૃત્તિ અને ક્રોધાદિ કષાયો, રાગ, દ્વેષ વિકાર વગેરે દુર્ગુણોનું આત્મામાં પરિણમી જવું અને પછી તે રૂપે પ્રગટ થવું તે છે વૈભાવિક વૃત્તિ.

આ બન્ને વૃત્તિઓના સ્વરૂપને જાણી વૈભાવિક વૃત્તિઓ દૂર કરવા અને સ્વાભાવિક વૃત્તિઓને પ્રગટ કરવા વ્રત અને તપની આરાધના છે.

આપણને હેરાન કરતી અંદરની વૃત્તિને તોડવા માટે જ વ્રત તપની સાધના કરવાની છે. 'વૃત્તિને તોડે તે વ્રત' બાહ્યાભ્યાંતર તપનું આપણા જીવનમાં અનુસંધાન રચાય તો બ્રહ્મચર્યાદિવ્રતો મહાન તપશ્ચર્યામાં પરિણમે.

જરા રૂપ જોઉને અંજાઈ જાઉ. વિકારી શબ્દો સાંભળુ, વિકારી દૃશ્યો જોઉં ને વિકારી વૃત્તિઓ ઉછાળા મારવા માંડે – બહુ સતાવે, ઉપવાસ દ્વારા આત્માની નજીક વાસ કરીને મારા અવિકારી સ્વરૂપમાં વાસ કરી વૃત્તિને અંતરથી નિહાળી અને તેની સાથે યુધ્ધ કરીને હરાવવી છે. જે તપસ્વીની ચિંતનધારા એ રીતે ચાલે તો વૃત્તિઓ કેટલે અંશે નિર્બળ બની તે પણ અનુભવી શકાય. આમ ક્રોધની સામે ક્ષમા, માયા પ્રપંચ સામે સરળતા, લોભ સામે સંતોષની વૃત્તિમાં જો તપ ત્યાગ કર્યા પહેલાની સ્થિતિ અને પછીની સ્થિતિમાં સુધારો થતો હોય, વિભાવના નિમિત્તો આવે છતાં જીવ વિભાવરૂપે પરિણત ન થતો હોય અથવા ઓછો થતો હોય તો આપણે સમજીએ કે તપથી કર્મોની નિર્જરા થઈ છે. આ જ કર્મનિર્જરાનો કે તપની ફળશ્રૃતિનો માપદંડ છે.

જે વૃત્તિનું સ્વરૂપ જાણે તે સાધક જ વ્રતનું મૂલ્ય સમજી શકે. તપશ્ચર્યા દરમ્યાન સંતદર્શન, શ્રવણ અને સ્વાધ્યાય આંતર ચેતનાને જાગૃત કરવામાં અને તપમાં આગળ વધવામાં પ્રેરક બનશે. તપની સાત્તિવક પ્રવૃત્તિ સાથે દાનનો મહિમા જોડાયેલો છે. ત્યાગ વૈભાવિક વૃત્તિને બદલવામાં સહાયક થશે.

નવકારશીના નાના તપશ્ચર્યારૂપી ઝરણાનો પ્રવાહ સંલેખના વ્રતના મહાસાગર સુધી વિસ્તરે તે જૈનદર્શનના તપની લાક્ષણિકતા છે.

બાહ્ય અને આભ્યંતર તપને આપણે માત્ર કર્મનિર્જરાના સાધન રૂપે જ સ્વીકારવું જોઈએ. છતાં તપ માનસિક અને શારીરિક આરોગ્ય જાળવવામાં ઘણું જ ઉપકારક છે.

ભગવાન મહાવીર પરમ વૈજ્ઞાનિક હતા. જૈનધર્મનાં તપમાં વૈજ્ઞાનિક અભિગમ અભિપ્રેત છે. જૈનાચાર્યોએ ૠતુ કાળ અને સ્થળને લક્ષમાં રાખી વ્રતો અને તપની જે પ્રરૂપણા કરી છે તે શરીરવિજ્ઞાન, મનોવિજ્ઞાનના સિદ્ધંતોને અનુકૂળ અને પર્યાવરણ સંતુલન પોષક છે.

'ધ્યાન' દ્વારા તપસાધના કરવાથી વીલપાવર વધે. ચંચળતા-વીવરીંગ માઈંડ હોય તેને સ્થિરતા આવે. નિર્ણયશક્તિ વધે, વ્યસનમુક્તિ માટે પણ ધ્યાન ઉપકારક છે.

ઉપવાસ દરમ્યાન ભોજન ન લેવાથી સમગ્ર પાચનતંત્રને પાચનક્રિયાના કાર્યમાંથી મુક્તિ મળવાથી પાચનતંત્રમાં શુદ્ધિકાર્ય આરંભાય છે. અને આખા શરીરમાં સ્વશુધ્ધિકરણની પ્રક્રિયા આરંભાય છે. શરીરમાં કોઈ જગ્યાએ વિષદ્રવ્યનો જમાવ થયેલો હોય તો ઉપવાસ દરમ્યાન તે ઓટોલિસીસ (Autolysis)ની પ્રક્રિયા દ્વારા વિસર્જિત થવા માંડે છે. તેમનામાં રહેલા ઉપયોગી ભાગ શરીરના મહત્ત્વના અંગો હૃદય, મગજ વગેરેને પોષણ આપવાના કામમાં આવે છે. શરીરમાંથી ઝેર બહાર ફેંકાય છે. ગાંઠો અને ઓછી ઉપયોગી પેશીઓનું વિસર્જન થાય, શરીર નિર્મળ અને નિરોગી બને છે.

આયુર્વેદના ગ્રંથોમાં ઉપવાસની ઘણી પ્રશસ્તિ કરવામાં આવી છે. ઉપવાસ, ધ્યાન અને પ્રાણાયામ દ્વારા ઘણા રોગો મટાડવાની પદ્ધતિ વિકાસ પામી છે. કુદરતી ઉપચાર (Nature Care)માં ગાંધીજીએ ઉપવાસનું ઘણું મહત્ત્વ દર્શાવ્યું છે.

શક્તિ પ્રમાણે આપણે વ્રત તપ કરવા જોઈએ. શક્તિને ગોપવવી નહી. સાથે સાથે સ્થળ કાળ પરિવાર અને પોતાના આરોગ્યના સંદર્ભે તપ કરવામાં વિવેક રાખવાથી તપ વગોવાશે નહીં, એટલે વ્રત તપની નિંદા થશે નહી. અને અન્યને તપ કરવાની પ્રેરણા મળશે.

તપની અનુમોદના કરવા તપસ્વીનું અભિવાદન થાય તે ઉચિત છે. પરંતુ વિશાળ પાયે ઉજવણી, સાંજી, લ્હાણી એ તો માત્ર તપની ભવ્યતાનું પ્રદર્શન કરશે. તપનું લક્ષ માત્ર કર્મનિર્જરા, તપનું બહુમાન તપથી અને તપસ્વીની વૈયાવચ્ચ એ તપશ્ચર્યાની દિવ્યતા છે. તપશ્ચર્યા લૌકિક માન માટે નથી. જૈનધર્મની તપશ્ચર્યા પર થયેલા લોકવ્યવહારના અતિક્રમણથી તેને બચાવી લોકોત્તર અનુષ્ઠાનોનું પવિત્ર મૂલ્ય જાળવવું જોઈએ.

## શ્રીમદ્ રાજચંદ્રજી અને ગાંધીજીની દષ્ટિએ દયાધર્મનું સ્વરૂપ

સત્ય એ ભગવાનનું બીજું સ્વરૂપ છે. (Truth is God) તો, અહિંસા મા ભગવતી સ્વરૂપ છે. સત્ય ભાવાત્મક છે અને અહિંસા ક્રિયાત્મક છે. સત્યની ક્રિયાત્મક અને વિધેયાત્મક વત્સલશક્તિ, તે ભગવતી અહિંસા છે. આ અહિંસા, ભયભીત બનેલાને શરણ આપતા પિયરઘર જેવી છે, ઊર્ધ્વગમન કરવા ઈચ્છતા સાધકને, ગગન જેમ પંખીને આધાર આપે તેમ આધાર આપનારી છે. દયાધર્મ તૃષાતુરને જળ (જલદાન), ક્ષુધાતુરને અન્ન (અન્નદાન), રોગીઓને ઓષધ (ઔષધ દાન) આપનાર છે. ચૌપગા પ્રાણીઓને આશ્રય આપનાર છે, સાર્થવાહની જેમ ભૂલેલાને માર્ગ બતાવનાર છે, સમુદ્રમધ્યે નૌકા, પ્રવાસીઓનું રક્ષણ કરે તેમ રક્ષણ કરનારી છે. આવી સુપ્રસિદ્ધ અહિંસા-દયાધર્મ મોક્ષના અભિલાષી જીવોને પ્રાણરૂપ શરણરૂપ છે.

અહિંસાનું વિધેયાત્મક સ્વરૂપ દયા જ છે માટે જ ગમે તેવા વિકટ સંજોગોમાં સાધકઆત્મા દયા છોડતા નથી અને તેનું પરિપાલન કરે છે. દયાનો અર્થ પ્રાણી માત્ર પ્રત્યે સહાનુભૂતિ, કરૂણા, પ્રેમ, પ્રીતિ, રક્ષા કરવી, અનુગ્રહ કે કૃપા કરવી તેવો થાય છે. જ્ઞાનીઓએ કહ્યું છે :

> ''દયા તે સુખની વેલડી, દયા તે સુખની ખાણ,
> અનંત જીવ મોક્ષે ગયા, દયા તણા ફળ જાણ.''

યુગપુરુષ શ્રીમદ્ રાજચંદ્રજીએ દયાને સત્‌ધર્મ તરીકે પ્રરૂપેલ છે. સર્વજ્ઞ ભગવંતે ધર્મતત્ત્વના ભિન્ન ભિન્ન ભેદ કહ્યાં છે. તેમાં મુખ્ય બે છે વ્યવહાર ધર્મ અને નિશ્ચય ધર્મ. આપણે વ્યવહારધર્મમાં દયાની વિચારણા કરીએ.

૧) યત્નાપૂર્વક જીવ રક્ષા કરવી તે દ્રવ્ય દયા.

૨) બીજા જીવોને દુર્ગતિ તરફ જતાં દેખી અનુકંપા બુદ્ધિથી ઉપદેશ આપવો તે ભાવ દયા.

૩) અજ્ઞાની જીવ તત્ત્વ પામતા નથી એમ ચિંતવી ધર્મ પ્રત્યે પ્રેરવો તે સ્વદયા.

૪) છ કાય જીવની રક્ષા કરવી તે પરદયા.

૫) સૂક્ષ્મ વિવેકથી સ્વરૂપ વિચારણા તે સ્વરૂપ દયા.

૬) કડવા કથનથી અશુભમાંથી રોકવા દબાણ કરે તે દેખાવમાં અયોગ્ય લાગે પરંતુ, પરિણામે કરૂણાનું કારણ બને તે અનુબંધ દયા.

૭) શુદ્ધ સાધ્ય અને શુદ્ધ સાધનના ઉપયોગમાં એકતાભાવ અને અભેદ તે નિશ્ચય દયા.

૮) ઉપયોગ અને વિધિપૂર્વક દયા પાળવી તે વ્યવહાર દયા.

આત્માને આત્મભાવે ઓળખાવે તે નિશ્ચયધર્મ, આ સંસાર કે દેહ તે મારો નથી. હું એથી ભિન્ન પરમ અસંગ, સિધ્ધ આત્મા છું. એવી આત્મ સ્વભાવે વર્તના. જેમાં કોઈ પ્રાણીનું દુઃખ, અહિત કે અસંતોષ રહ્યા છે જ્યાં દયા નથી ત્યાં ધર્મ નથી.

દયા ધર્મની પ્રશસ્તિ કરતાં કાવ્યમાં શ્રીમદ્જીએ કહ્યું છે કે,

''ધર્મ તત્ત્વ જો પૂછ્યું મને, તો સંભળાવુ સ્નેહે તને.
જે સિદ્ધાંત સકળનો સાર, સર્વમાન્ય સહુને હિતકાર.
ભાખ્યુ ભાષણમાં ભગવાન, ધર્મ ન બીજો દયા સમાન.
અભયદાન સાથે સંતોષ, દ્યો પ્રાણીને દળવા દોષ.
સત્ય શીળને સઘળાં દાન, દયા હોઈને રહ્યા પ્રમાણ.
દયા નહિ તો એ નહિ એક, વિના સૂર્ય કિરણ નહિ દેખ.
પુષ્પ પાંખડી જ્યાં દુભાય, જિનવરની ત્યાં નહિ આજ્ઞાય.
સર્વ જીવનું ઈચ્છો સુખ, મહાવીરની શિક્ષા મુખ્ય.''

દયાને સૂર્યની ઉપમા આપી દયાધર્મની પ્રધાનતા સિદ્ધ કરી છે. 'અભયદાન સાથે સંતોષ'ની વાતમાં પણ સૂક્ષ્મ ગુઢાર્થ છુપાયેલો છે. જીવોને જાન-માલ, આબરૂ

અને આજીવિકાની રક્ષા થાય તેવી સલામતી આપવી તે અભયદાન. તેને સામાજિક ન્યાય અને રોજી રોટી મળી રહે તો તેને જીવનમાં સંતોષ થાય અને પરના હિતને પોતાનું હિત માની, પરના દુઃખને પોતાનું દુઃખ માની તે દૂર કરવું તે દયા ધર્મ છે.

વ્યવહારમાં સર્વજીવોને સુખ મળે તેવી મહાવીરની શિખામણનું પાલન કરવાથી અધર્મ કે હિંસાનો દોષ ટળે છે. કેમકે જેમાં કોઈ પ્રાણીનું અહિત, દુઃખ કે અસંતોષ રહ્યા છે ત્યાં દયા નથી. આ અધર્મનો દોષ ટાળવા અભયદાન સાથે સંતોષ સૌ પ્રાણીને મળે તે જોવું જોઈએ. અભયદાનમાં મૈત્રીભાવ અભિપ્રેત છે. ભગવાનના કહેલા ધર્મ તત્ત્વથી સર્વ પ્રાણી અભય થાય છે. આ સંસારના ભયોથી ભયભીતને અહિંસા પરમ ઔષધિરૂપ અને ભૂતમાત્રની માતા સમાન હિતકારી છે, તેથી અહિંસાને જગતમાતા જગદંબા કહે છે; તે સમસ્તજીવોનું પ્રતિપાલન કરે છે. અહિંસા જ આનંદની પરિપાટી ઊભી કરે છે. આ અહિંસાના વિધેયાત્મક સ્વરૂપ દયાને જૈનો કુળદેવી સમાન ગણે છે.

શ્રીમદ્ રાજચંદ્રજીએ આત્મસિદ્ધિશાસ્ત્રની ૩૮ અને ૧૦૮મી ગાથામાં દયાધર્મ અંગે ખૂબ જ સુંદર વાત કરી છે.

"કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ,
ભવે ખેદ પ્રાણી દયા, ત્યાં આત્માર્થનિવાસ."

આ ગાથા સમજાવતા વિદ્વાન સાધ્વી ડૉ. તરૂલતાજીએ કહ્યું છે :-

"જેના સમગ્ર જીવનમાં પ્રાણીદયા અભિપ્રેત છે તેવા જીવોનો શ્રીમદ્જી આત્માર્થીમાં સમાવેશ કરે છે. જીવદયા આત્માર્થીનો ચોથો ગુણ કહ્યો જેને પ્રાણીદયા, અનુકંપા અને કરૂણાદષ્ટિ લાધી છે, એવો આત્માર્થી જીવ સર્વ પ્રાણીઓમાં સમાન આત્મા જ ભાળતો હોય છે. સહુને સિદ્ધ સમાન વિશુદ્ધ દષ્ટિએ જાણતો હોય, તેથી કોઈ જીવે કરેલા રાગ, દ્વેષ એ જીવનું વાસ્તવિક સ્વરૂપ નથી પણ તેના અજ્ઞાનનું જ પરિણામ છે; તેથી તેના અજ્ઞાન પર તો કરૂણા જ સંભવે, તેના અજ્ઞાનના નિમિત્તે આત્માર્થીને રાગ દ્વેષ ન સંભવે, મૈત્રી ભાવે પ્રેમ ઉપજે, તેના ઉપાધિ કે દુઃખો પરત્વે

કરૂણા ઉપજે.'' જાગૃતિ સેવતા આત્માર્થી જીવની જાગેલી જીવદયા, ભાવદયા સહજ રૂપે અન્ય જીવ પ્રત્યે અનુકંપા ભાવથી વરસી પડે એટલે દ્રવ્યદયા તો હોય જ.

હવે ૧૦૮મી ગાથામાં કહેલા અંતરદયાના ભાવો જોઈએ.

''કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ;
ભવે ખેદ અંતર દયા, તે કહીએ જિજ્ઞાસ.''

આત્મસિદ્ધિશાસ્ત્રમાં થોડા ફેરફાર સાથે આજ ગાથા બીજીવાર આવી છે, જે સૂચવે છે કે મોક્ષના અભિલાષી જીવને દયા ધર્મના ગુણની કેટલી જબરજસ્ત આવશ્યકતા હશે.

અંતર દયા એ જિજ્ઞાસુ જીવનું એક વિશિષ્ટ લક્ષણ છે.

'અંતરદયા'માં છ કાય જીવોની દયાની વાત છે. છ કાયના જીવો એટલે પૃથ્વી, પાણી, વનસ્પતિ, વાયુ, અગ્નિના જીવો તથા હાલતા ચાલતા ત્રસ જીવો. છ કાયના જીવોની દયાનું ફરમાન શ્રી પ્રભુએ કર્યું છે. એ છ કાયમાં પોતે પ્રથમ છે. 'પોતે' અર્થાત્ 'આત્મા'. જે આત્માની દયા કરી શકે તે જ છ કાયની દયા કરી શકે. જેને બીજા શબ્દોમાં સ્વદયા કહી શકાય. જ્યાં સુધી જીવ, પાત્રતા કેળવવાની દશામાં હતો ત્યાં સુધી પ્રાણીદયા સુધી જ સીમિત હતો, પરંતુ હવે તો મોક્ષના માર્ગે પ્રયાણ આદર્યું છે તેથી સ્વદયા, અંતરદયા પ્રગટ થઈ જ હોય એવા જીવને સમય સમયની અત્યંત જાગૃતિ વર્તતી હોય. જેના અંતરમાં સ્વદયા વણાઈ ગઈ છે, તેના વ્યવહારમાં અન્ય જીવો પ્રત્યે અનુકંપાના ધોધ વહેતા હોય અને ત્યારે જ તે જીવ મોક્ષમાર્ગ પ્રાપ્ત કરી શકે છે.

શ્રીમદ્જી પાસેથી જેમણે દયાધર્મના કુંડા અને કુંડા રસ પીને સત્ય, અહિંસાના પ્રયોગો કર્યા છે, એવા ગાંધીજી લખે છે :-

"સત્ય એ ઈશ્વર છે. એ સૂત્રની સહાયથી જ હું જાણે કે ઈશ્વરનું પ્રત્યક્ષ દર્શન કરી શકું છું. મારી રગેરગમાં હું તેને વ્યાપી રહેલો અનુભવું છું. સત્યને તમે ઈશ્વર તરીકે પામવા ચાહતા હો તો તે માટે એક અનિવાર્ય સાધન પ્રેમ એટલે અહિંસા છે. આખરે સાધ્ય અને સાધન એક જ અર્થના બે શબ્દો છે. અહિંસા મારો ઈશ્વર છે. સત્ય મારો ઈશ્વર છે. સત્યને શોધું છું ત્યારે અહિંસા કહે છે, મારી મારફત શોધ અને અહિંસાને શોધુ છું ત્યારે સત્ય કહે છે, "મારી મારફત શોધો!" આવી અહિંસા તે પ્રેમનો સાગર છે. શ્રીમદ્ રાજચંદ્રજી અને મહાત્મા ગાંધીજી જેવી વિભૂતિઓએ સત્ય ભગવાન અને અહિંસા ભગવતીને જાણી છે, અનુભવી છે, પ્રેમ, દયા, અહિંસા કે સત્ધર્મરૂપે પ્રકાશી છે ને પ્રસરાવી છે.

રાયચંદભાઈ (શ્રીમદ્ રાજચંદ્રજી) પાસેથી ગાંધીજીએ દયા ધર્મના કુંડા ને કુંડા પીધા અને આઠેય પ્રકારે દયા પાળી તેમના સત્યધર્મના ઉદ્ધારની વાતને ગાંધીજીએ કઈ રીતે આગળ વધારી તે વાતનું તત્ત્વચિંતક દુલેરાય માટલીયાએ સુંદર રીતે નિરૂપણ કર્યું છે.

૧) દ્રવ્યદયામાં એકેન્દ્રીય જીવોનો પણ ખ્યાલ રાખતા, આશ્રમના એક અંતેવાસી જાજરૂ જઈ આવીને માટી વધારે લાવ્યા ત્યારે ગાંધીજીએ તેને ખેતરમાં જ પાછી મૂકાવી. પોતે લીમડાની ચટણી વાપરતા, એક ભાઈ મોટી ડાળખી લાવ્યા, તો ચાર દિવસ ચલાવી. વાપરવાનું સ્નાન માટેનું પાણી પણ અઢી શીશા જેટલું જ, દાતણ પણ ચાર-પાંચ દિવસ ચલાવે.

૨) ભાવદયા: શાકાહારી ક્લબની શરૂઆતથી અંત સુધી બીજાને દયાધર્મ સમજાવતાં રહ્યા.

૩) સ્વદયા: પોતાને પાપથી બચાવતાં રહ્યા.

૪) સ્વરૂપદયા: પોતે પોતાના આત્માનું જ કરી શકે છે. બીજાના સુખ દુ:ખનો કર્તા નથી તેવી શુદ્ધ સ્વરૂપ દયા.

૫) પરદયા: બીજા પ્રત્યે આત્મતુલ્ય પ્રીતિ રાખી અનુકંપા પરોપકારના કાર્યમાં પરદયાનો પ્રચાર કર્યો.

૬) અનુબંધ દયા: મા જેમ બાળકને દુ:ખ લાગે તોય તેના હિત માટે કડવું ઔષધ (ઓસડ) પાય છે તેમ વ્યસન, અસત્ય, અન્યાય કરનારને કડવું લાગે, દબાણ લાગે તોય તેના હિતાર્થે કરનારી અનુબંધ દયાને ટેકો આપ્યો.

૭) પોતાના સ્વરૂપમાં રહેનારી નિશ્ચય દયા.

૮) નિશ્ચયને અનુરૂપ વ્યવહાર રાખીને ગાંધીજીએ સત્ય ધર્મના ઉદ્ધારની શ્રીમદ્‌ની વાતને આગળ વધારી તેમાં અહિંસા ધર્મની શાન છે.

સ્વરૂપ દયા એટલે ઈર્ષા, રાગ-દ્વેષ, અહં, સ્વરૂપને ઘેરી ન લે તેની સાવધાની અને ચિંતન તેની ખાસ આવશ્યકતા અનુબંધ દયા વખતે રાખવાની છે.

જેના રોમરોમમાં પ્રેમ અને દયા ઉભરતા હોય તે કોઈ પ્રકારનો અન્યાય, અધર્મ, અસત્ય, જૂઠ, અત્યાચાર કે ભ્રષ્ટાચાર સહી જ ન શકે. એ ભ્રષ્ટાચારનો, એ પ્રેમના બળથી, અહિંસાના બળથી, દયાના બળથી, આત્માના બળથી કે સત્યના બળથી પ્રતિકાર કરે, તે સ્વીકારવા ઈન્કાર કરે ને કરાવે તેમ કરતા બાહ્ય દૃષ્ટિએ એને કડવું લાગે, આકરું લાગે અને સત્યાગ્રહી પર જુલ્મ કરે તો હસતા હસતા સહન કરે, સરકારના દુષ્કૃત્ય, પક્ષપાત અને અન્યાયથી કાયદાનો વિનયપૂર્વક ભંગ કરે અને સજા સહન કરે. આ સત્યાગ્રહની શોધ અને તેનો સામુદાયિક પ્રયોગ એ ગાંધીજીની ધર્મક્રાંતિ છે.

## માંસાહાર માટે કુદરતી સંપત્તિનો ભારે દુર્વ્યય અમેરિકાના લોકોને ચોંકાવી મૂકે છે.

આર્યસંસ્કૃતિના સિદ્ધાંતોમાં માનનારા આપણે સૌ શાકાહારનો પ્રચાર કરીએ છી એ. આ પ્રચારના મુદાઓમાં માત્ર જીવદયા, અહિંસા અને અનુકંપાભાવને પ્રાધાન્ય આપીએ છીએ. પરંતુ માંસાહારીઓને કારણે જે પર્યાવરણ દૂષિત થાય છે તે આ સૃષ્ટિની સમગ્ર માનવજાત માટે ભયંકર નુકસાનકારક છે. માંસાહારીઓને કારણે કુદરતી સંપત્તિ, ઉર્જા, પાણી અને વનસ્પતિનો જે ભયંકર દુર્વ્યય થાય તે વિષય પણ ગંભીર વિચારણાનો છે.

પૂજ્ય હિતરુચિ વિજયજી મહારાજ સાહેબે 'ડાયેટ ફોર ન્યુ અમેરિકા' પુસ્તક વાંચવાની ભલામણ કરી છે. અમેરિકાની એક બહુ મોટી આઈસક્રીમ બનાવનારી કંપનીના માલિક જ્હોન રોબિન્સે 'ડાયેટ ફોર, ન્યુ અમેરિકા'માં નવા દષ્ટિકોણથી વિશિષ્ટ નિરીક્ષણો અને વિશ્લેષણો રજૂ કર્યા છે.

લેખકના મતે, અમેરિકનોને માંસ ખવડાવવામાં માટે જે પશુઓ ઉછેરવામાં આવે છે તે પશુઓને ખવડાવાતા અનાજ અને સોયાબીન વડે દુનિયાના એક અબજ કરતાંય વધારે ભૂખ્યાજનોની જઠરાગ્નિ સંતોષી શકાય. સર્વથા માંસ છોડવાની વાત ઘડીભર બાજુએ મૂકીએ, પરંતુ અમેરિકનો તેમના માંસાહારનું પ્રમાણ જો દસ ટકા જેટલું ઘટાડે તો પણ દુનિયાભરમાં દર વર્ષે ભૂખમરાને કારણે મરતા છ કરોડ લોકોને પેટ પૂરતું ખાવાનું પહોંચાડી શકાય. માત્ર એક પાઉન્ડ બીફ પેદા કરવા માટે, સોળ પાઉન્ડ અનાજ અને સોયાબીન, પચીસ્સો પાઉન્ડ પાણી અને એક ગેલન ગેસોલીન (પેટ્રોલ) જેટલી ઊર્જા વેડફાય છે. અમેરિકામાં ઘર વપરાશથી લઈને ખેતી અને ઔદ્યોગિક સંકુલોમાં બધુ મળીને જેટલું પાણી વપરાય છે, તેટલું જ પાણી માંસ માટે ઉછેરાતા પશુઓ પાછળ વેડફાય છે. આ જ હેતુ માટે કેવળ બાવીશ કરોડ એકર (આખા ઓસ્ટ્રેલિયા દેશ જેટલી) જમીનમાં સેન્ટ્રલ અમેરિકામાં આવેલ અડધોઅડધ જંગલોનો ખાતમો બીફ (ગોમાંસ)ના ઉત્પાદન માટે બોલાવવામાં આવ્યો છે. ત્યાં દર વર્ષે જેટલું ખનીજ તેલ, કુદરતી ગેસ અને કોલસો

વાપરવામાં આવે છે તેની કુલ કિંમતમાંથી વધુ કિંમતના બળતણ માંસ ઉત્પાદન માટે વપરાય છે. માંસ ઉત્પાદન માટે જે માલ વાપરવામાં આવે છે તેના ફક્ત પાંચ ટકા માલનો ઉપયોગ કરીને તેટલા જ જંગી પ્રમાણમાં અનાજ, શાકભાજી અને ફળો ઉગાડી શકાય છે. પાંચ ટકા સાધનોના ઉપયોગથી ચલાવી શકાતું હોય ત્યારે કેટલાકની જીભનો માત્ર સ્વાદ સંતોષવા ખાતર વીસગણા વધુ 'રીસોર્સીઝ' વેડફી નાખવા એ ઊર્જાની કટોકટીના કાળમાં ક્રિમીનલ ગુનો ન ગણવો જોઈએ?

જગપ્રસિધ્ધ ફૂડ ચેઈન સ્ટોર 'મેકડોનાલ્ડ' એક અઠવાડિયામાં જેટલા 'હેમ્બર્ગર' (માંસની વાનગી) પીરસે છે તેના માટે સોળ હજાર પશુઓનો સૌથી મહત્ત્વનો, જીવન જીવવાનો અધિકાર ઝૂંટવી લેવામાં આવે છે. ચીકનના માત્ર એક સર્વિંગ પાછળ ૪૦૮ ગેલન પાણી વપરાતું હોય છે. એક પાઉંડ જેટલા ઘઉં પેદા કરવા કરતાં એક પાઉંડ માંસ પેદા કરવામાં સોગણું વધારે પાણી વેડફાય છે.

આ પુસ્તક ઉપરથી એક ફિલ્મ પણ બનાવવામાં આવી છે. ફિલ્મની તીવ્ર અસરને કારણે ફિલ્મ જોયા પછી, કેટલાંકે માંસાહાર તજી દીધો અને શાકાહારી બની ગયા.

પુસ્તકમાં અમેરિકા જેવા સમૃદ્ધ દેશના લેખકો જો તેના દેશની ચિંતા કરતા માંસાહારનું નુકસાન અને ભાવિનાં ભયંકર પરિણામો વર્ણવ્યા છે. તો આપણા વિકાસની પ્રક્રિયામાંથી પસાર થઈ રહેલા ભારત જેવા દેશની શું દશા થાય?

પશ્ચિમનું આંધળું અનુકરણ કરનારા કહેવાતા થોડા સમૃદ્ધ(?) ભારતીઓને હિસાબે માંસાહારથી ભારતમાં પણ પાણી અને ઊર્જા જેવી કિંમતી કુદરતી સંપત્તિનો દુર્વ્યય થાય છે. કહેવાનું તાત્પર્ય એ છે કે માત્ર શાકાહારના પ્રચારથી આપણું કામ સરવાનું નથી. દરેક દ્દષ્ટિકોણથી માંસાહારથી થતા નુકસાનનો પ્રચાર પણ જરૂરી છે.

માંસાહારના અતિરેકથી પાકિસ્તાનમાં ખેતીને ઉપયોગી બળદોને અછત સર્જાણી, તે દેશે ૪ લાખ બળદો આયાત કરવા ટેન્ડરો બહાર પાડવા પડયાં છે.

ગેરકાયદે કતલખાનાને પરિણામે આપણાં દેશમાં પણ છાણિયા ખાતર, બળદો અને દૂધની બનાવટોના ઉત્પાદન પર ભયંકર માઠી અસર પડે છે તે અંગે જાગૃત થવાની જરૂર છે.

માંસાહારને કારણે પર્યાવરણ પર વિપરીત અસર અને અર્થતંત્રનું અસંતુલન વધે છે. આજે જ્યારે વિદેશીઓ માંસાહારથી થતા રોગોથી પીડિત થઈ ભયભીત થયા છે. ત્યારે તેઓ શાકાહાર તરફ ઝડપથી આગળ વધી રહ્યાં છે, છતાં તેઓ દ્વારા અભક્ષ્ય આહારનો પ્રચાર-પ્રસાર સુપરફાસ્ટ ટ્રેનની ગતિ જેવો છે. શાકાહારનો તીવ્ર અને ઝડપી પ્રચાર અને માંસાહારનો વિરોધ અને તેના ગેરકાયદા પ્રચારનું અભિયાન એ સાંપ્રત સમયની માંગ છે.

મેનકા ગાંધીના પુસ્તક 'હેડઝ એન્ડ ટેઈલ્સ'માં શાકાહાર, જીવદયા, પ્રાણી-રક્ષા, ભારતની આયાત નિકાસ પોલીસી, પર્યાવરણ, શાકાહાર અને આરોગ્ય, પ્રાણીઓનું શોષણ અને હિંસાનું વિશદ્ વિશ્લેષણ કર્યું છે. ઉપરાંત, જે વસ્તુના ઉત્પાદન અને પ્રાપ્તિમાં હિંસા ન થઈ હોય તેવી જ ચીજ વસ્તુઓની દુકાન 'અહિંસા શોપ'ની વાતમાં દેશના શહેરોમાં 'અહિંસા શોપ-ચેઈન સ્ટોર'ની આદર્શ પરિકલ્પના પણ આ પુસ્તકમાં કરવામાં આવી છે.

થોડા સમય પહેલાં 'સાયલેન્ટ સ્ક્રીમ (મૂંગી ચીસ) નામની ફિલ્મે ગર્ભપાત અને ભ્રૂણહત્યા અંગે ચકચાર જગાવી હતી. ગર્ભમાં રહેલા જીવને મારવા માટે ડોક્ટરના સાધનો ભ્રૂણ પર હૂમલો કરે છે ત્યારે એ જીવના બચવા માટેના વલખા, તલસાટ અને અંતે તેની અકથ્ય ચીસ ફિલ્મની અંદર દિગ્દર્શિત કરવામાં આવી છે તે જોતા ઘણાં કઠોર હૃદયવાળા પણ ગર્ભપરીક્ષણ અને ગર્ભપાત નહીં કરાવવાની પ્રેરણા મળી, જેથી કેટલીય બાળકીઓના ગર્ભમાં મૃત્યુ થતાં બચી ગયા અને ઘણાં લોકો ગર્ભપાતના મહાહિંસાના પાપમાંથી ઉગરી ગયા.'

માંસાહારને લગતી વાતો આપણને સીધી રીતે લાગુ પડતી નથી કારણ કે આપણે તો શાકાહારી છીએ. પરંતુ શાકાહારી વાનગીઓનો પ્રચાર, શુધ્ધ શાકાહારી વસ્તુઓની દુકાન, અહિંસક ખાદ્ય પદાર્થો અને સૌંદર્ય પ્રસાધનોનું માર્કેટીંગ, તે અંગેની જાગૃતિ કેળવવાનું અભિયાન પણ જીવદયા અને અહિંસા ધર્મનું કાર્ય ગણીએ. આકર્ષક રીતે સુલભતાથી

શાકાહારી વાનગીઓ, અહિંસક સૌંદર્ય પ્રસાધનોનો વિકલ્પ પૂરો પાડીએ અને ચેઈન સ્ટોર દ્વારા સરળતાથી તેને ઉપલબ્ધ બનાવીએ, તો વધુમાં વધુ લોકો તે તરફ આકર્ષાશે.

જીવદયાને માત્ર જૈનોની કુળદેવી ન ગણતા માનવધર્મના મંદિરમાં જીવદયાની પ્રતિષ્ઠા કરતાં વિશ્વમૈત્રીના દર્શન થશે. પાંજરાપોળના કાર્યક્ષેત્રમાં જૈનોનું મોટું યોગદાન છે. પશુ ચિકિત્સાલયો, પાંજરાપોળની જમીનોના મહત્તમ ઉપયોગ દ્વારા તેને પગભર બનાવવી. નીરણકેન્દ્રો માટે સહાય, ચરિયાણો-ગૌચરોના રક્ષણ અને સંવર્ધનના કાર્યક્રમો હાથ ધરવા, ગૌશાળાઓ દ્વારા દૂધ અને ઘીની બનાવટો વધુ સસ્તી અને ચોખ્ખી, સુલભ બને તે કાર્યને વેગ આપવો પડશે. આધુનિક વૈજ્ઞાનિક નિષ્ણાતોના માર્ગદર્શન હેઠળ આ અંગેનાં સંશોધન કેન્દ્રો ખોલવાની જરૂર છે.

કૂતરાને રોટલા આપવાનું જીવદયાનું કાર્ય ઘણી સંસ્થાઓ કરે જ છે, પરંતુ મુંબઈમાં બે-ત્રણ સંસ્થાઓ કૂતરાઓને મ્યુનિસિપાલીટી ઈલેક્ટ્રોકટીંગ કેન્દ્રમાં જતા બચાવી અને તેની વસતિના નિયંત્રણ માટે ઓપરેશન કરવાનું કાર્ય કરે છે, વળી મૂંગા પશુઓ પર થતાં અન્યાયમાં તેનો પક્ષ લઈ પશુઓની વકીલાત કરતી સંસ્થાઓએ જીવદયાનો આધુનિક અભિગમ અપનાવ્યો છે, એમ કહી શકાય.

કતલખાને જતા પશુને બચાવવા અનુદાન, નવા કતલખાના થતાં રોકવા અને અનઅધિકૃત કતલ અને કતલખાનાનો કાનુન દ્વારા વિરોધ કરતી સંસ્થાઓ, પાંજરાપોળ ગૌશાળા કે જીવદયા ના કાર્યમાં દાન આપીએ પણ સાથે સાથે 'ડાયેટ ફોર ન્યુ અમેરિકા' 'હેડઝ એન્ડ ટેઈલ્સ' સાયલેન્ટ સ્ક્રીમ 'બ્યુટી વીધાઉટ ક્રુઅલ્ટી'નાં ચિંતનને વિવેકપૂર્ણ કંડારી, તેના પ્રચારના કાર્યને જીવદયાના કાર્યનો એક ભાગ ગણી વ્યાપક સ્વરૂપ આપીશું તો અહિંસા ધર્મનું બહુમાન કર્યું ગણાશે, ઉપરાંત દાનના પ્રવાહને આ દિશા તરફ પણ વાળવાથી વિવિધ ક્ષેત્રો પ્રતિ કાર્ય થશે અને અનેકોના અંતરના આશીર્વાદ પ્રાપ્ત થશે.

## ન્યાયસંપન્ન વૈભવ

જીવનમાં સુખને ધન અને વૈભવ સાથે ગાઢ સંબંધ સ્થપાઇ ચૂકયો છે. સુખના દરેક તબક્કાને લક્ષ્મીના સમીકરણના સંદર્ભે મૂલવવાની ભ્રમણામાંથી આપણે બહાર નીકળી શકતાં નથી. ધન અને વૈભવથી જ દરેક સુખની પ્રાપ્તિ થાય છે એવા માની લીધેલા સત્યને કારણે જીવનને માત્ર ભૌતિક નજરે જોયા કરીએ છીએ.

કોઇ પણ વ્યક્તિ સાથે ભૌતિક વસ્તુની આપ-લેના વ્યવહારને, પ્રેમનો વિકલ્પ માની લીધો છે. અને કોઇ પણ સાધનો દ્વારા બાહ્યાભ્યાંતર પરિગ્રહ, એટલે સંપત્તિ, વૈભવ કે સત્તા પ્રાપ્ત કરવી તે જીવનનું ધ્યેય બની ગયું છે.

પદાર્થને બદલે પ્રેમ અને સાધન શુદ્ધિનો વિચાર જ જીવન પ્રવાહની દિશા બદલી શકે કે સાચી દૃષ્ટિ આપી શકે.

સંપત્તિ અને વૈભવ, જીવનવ્યવહાર માટે જરૂરી ખરા પરંતુ આપણે તેને જે અગ્રીમ સ્થાન આપી દીધું છે. દરેક ક્ષેત્રમાં સંપતિની પ્રધાનતાને કારણે જીવનના ખરા મૂલ્યોની અવગણના થઇ છે.

કુટુંબજીવન કે સમાજજીવનમાં સંપત્તિના માપદંડના ત્રાજવાંએ માનવીના સત્વશીલ ગુણોની અવગણના કરી છે.

સમગ્ર સમાજજીવન દ્વારા માનવીના સત્ત્વશીલ ગુણોને પ્રધાનતા આપવી હોય તો પૂર્વાચાર્યોએ આપેલ ન્યાયસંપન્ન વૈભવના વિચારનું સાધન શુધ્ધિના સંદર્ભે જીવનમાં અવતરણ કરીએ તો સત્ત્વગુણોનો વિકાસ થાય.

ધર્મ-નીતિ અને અધ્યાત્મનું અર્થશાસ્ત્ર નિરાળુ છે. તેમાં ગમે તે રીતે નફો ગાંઠે કરી લેવાની વાત નથી. વ્યક્તિ, પરિસ્થિતિ અને સંજોગોને પણ આર્થિક વહેવાર કરતી વખતે લક્ષમાં લેવામાં આવે છે.

સામેવાળાની લાચાર પરિસ્થિતિનો ફાયદો ઉઠાવી શોષણ કરવું, અન્યની શારીરિક પાયમાલી થાય, માનસિક અથવા નૈતિક અધઃપતન થાય, અન્યજીવોને દુભવીને કે હણીને હિંસા દ્વારા થતી આવક, ન્યાયસંપન્ન વૈભવ નથી. તંદુરસ્ત સમાજ કે રાષ્ટ્રના નિર્માણ માટે આ પાયાની વાત છે.

ટૂંકમાં ન્યાયસંપન્ન વૈભવ એટલે, હિંસા, અન્યાય, શોષણ કે અનૈતિક ધંધા દ્વારા સંપત્તિ કે વૈભવની પ્રાપ્તિ ન કરવી, નીતિમય માર્ગે આજીવિકા કે સંપત્તિ પ્રાપ્ત કરવી.

સંપત્તિની મુખ્યત્વે ત્રણ ગતિ છે. ભોગ, ચોરી અને દાન. ન્યાયસંપન્ન લક્ષ્મીનો ઉચિત જીવનવ્યવહાર માટે વિવેકપૂર્ણ ઉપયોગ કર્યા પછી વધે તે સુપાત્રે ઉલ્લાસ ભાવપૂર્વક દાન દઇએ તો લક્ષ્મી મહાલક્ષ્મી બને છે.

ન્યાયમાર્ગે આવેલી સંપત્તિ આપણે સુખપૂર્વક ભોગવી શકીશું અને પરિવારમાં સંતોષ અને પ્રસન્નતાનું વાતાવરણ જળવાઇ રહેશે.

હિંદના દાદા, દાદાભાઇ નવરોજીએ એમના મુંબઇના કેટલાક મિત્રોના આગ્રહથી, તે મિત્રોએ વિલાયતમાં એક પેઢીની સ્થાપના કરી હતી, તેમાં દાદાભાઇ પોતે પણ સામેલ થયા હતા.

પેઢી ખૂબ સારી ચાલતી, વર્ષને અંતે તેના સરવૈયામાં સારો એવો નફો થયો. ભાગીદારો વચ્ચે નફાની વહેંચણી થવા લાગી. દાદાભાઇને નફાના ભાગ સાથે ધંધાની લેવડ-દેવડના પ્રોફીટ એન્ડ લોસ એકાઉન્ટ અને બેલેન્સશીટ (સરવૈયું) ના કાગળો આપવામાં આવ્યા, તે વાંચ્યા પછી દાદાભાઇએ પોતાનો ભાગ લેવાની ના પાડી, તેનું કારણ દર્શાવતા કહ્યું કે,

આપણી પેઢીમાં દારુ અને અફીણનો પણ વેપાર થાય છે. એ આ હિસાબના કાગળો વાંચી-જાણી મને દુઃખ થાય છે. લોકોને દારુ અને અફીણ વેચી કોઇને દારુડિયા કે અફીણના બંધાણી બનાવવા એ પાપ છે. આવી પાપના માર્ગની કમાણીનો ભાગ

મારે જોઇતો નથી અને મારે પાપના ભાગીદાર બનવું નથી. આમ કહી તે પેઢીમાંથી ભાગીદાર તરીકે છૂટા થઇ ગયા. આના ઉપરથી આપણે જાણી શકીએ કે તે ન્યાયસંપન્ન વૈભવ અને સાધનશુદ્ધિના સાચા આગ્રહી હતા.

જ્ઞાનીઓએ કામવાસના કરતાં પણ અર્થવાસનાના સાતત્યને વધુ ભયંકર અનર્થકારી બતાવી છે. કામવાસના અમુક સમય પૂરતી જ જાગે જ્યારે અર્થવાસના ચોવીસેય કલાક જીવતી અને જાગતી, અને એનું ખપ્પર પૂરવા આપણે અમૂલ્ય જિંદગીને સ્વાહા કરી દઇએ છીએ,

પરંપરાગત રીતે દિવાળીની રાત્રે, આખા વર્ષના ધંધાની લેવડ-દેવડના ચોપડાઓનું પૂજન કરવામાં આવે છે. આ ચોપડાપૂજન દ્વારા આપણે આવતા વર્ષ માટે કુબેરજીનો ભંડાર, ધન્ન શાલિભદ્રની રિદ્ધિ, અને કયવના શેઠના સૌભાગ્યની આશા સેવીએ છીએ, સાથે સાથે કુબેરજીનો ત્યાગ અને શાલીભદ્રના દાનભાવનું સ્મરણ કરવું જોઇએ. મહારાજા જનક અને આનંદશ્રાવકને ન્યાયસંપન્ન લક્ષ્મી વરી હતી. પરંતુ આ અનાસકત આત્માઓએ તો આત્મલક્ષ્મીને વરમાળા પહેરાવી દીધી હતી. તેના પાવન સ્મરણ સાથે, લક્ષ્મીપૂજન વેળાએ 'મને ન્યાયસંપન્ન વૈભવની પ્રાપ્તિ થાય' ની પ્રાર્થના આપણને મહાલક્ષ્મી સમીપ દોરી જશે.

પાપનુબંધી પુણ્યની લક્ષ્મી પાપ કર્મ કરાવીને જતી રહે અને કુલક્ષણો પણ વારસામાં આપતી જાય છે જે જીવનનું અધઃપતન કરાવનાર હોય છે. પુણ્યાનુબંધી પુણ્યની લક્ષ્મી પુણ્યકર્મ કરાવીને વધતી રહે છે.

'લક્ષ્મી ચંચળ છે' ની સાથે જ્ઞાનીઓએ નિષ્કામ કર્મયોગની વાત કહી છે જેમાં પુરુષાર્થ અભિપ્રેત છે, તેની પાછળ ઉધામા કે દોડધામ કરવાથી નહિ પણ પુણ્યના ઉદયથી લક્ષ્મીની સહજ પ્રાપ્તિ થાય છે. લક્ષ્મીની પ્રાપ્તિ માટેનો પુરુષાર્થ કરતાં તો, અશુભ કર્મના યોગે આપણી સંપતિ જતી રહે તો તે સમયે આર્તધ્યાન કે રૌદ્રધ્યાનને બદલે સમભાવ કેળવીએ તે સમ્યકપુરુષાર્થ કર્યો કહેવાય. ન્યાયસંપન્ન વૈભવની પ્રાપ્તિ પાછળ પાવન પરિબળો કામ કરે છે લક્ષ્મીનો ભોગ તેની ભવ્યતાનું પ્રતિનિધિત્વ કરે છે, જ્યારે લક્ષ્મીનું દાન તેની દિવ્યતાના દર્શન કરાવે છે.

# જૈન સંસ્કૃતિના વિકાસમાં નારીનું યોગદાન

સામાજિક આચારસંહિતાને અનુકૂળ જીવનશૈલી અપનાવવી એટલે સંસ્કાર. ધર્મ, નીતિ અને સંસ્કારનો સમન્વય એટલે સંસ્કૃતિ. ધર્મના સિદ્ધાંતો અને ધર્મગુરુઓના પ્રભાવ નીચે સંસ્કૃતિઓનો વિકાસ થયો અને તે સંસ્કૃતિ સાથે ધર્મનું નામ જોડાયું. જેમકે ભારતીય સંસ્કૃતિ હિન્દુ અથવા આર્યસંસ્કૃતિના નામે પ્રસિદ્ધ થઇ.

અન્ય સંસ્કૃતિઓ સ્વર્ગના સુખ સુધીના માર્ગની વાતો કરે છે. જ્યારે જૈનશ્રમણ સંસ્કૃતિ ત્યાંથી આગળ વધી અને માનવીને મોક્ષના સુખ સુધી ઊંચે લઇ જવાની વાત કરે છે. આમ જૈનસંસ્કૃતિ મોક્ષપ્રધાન છે. જૈનદર્શનના સિધ્ધાંતો અને શ્રમણ ભગવંતોના પ્રભાવ નીચે વિકાસ પામેલી સંસ્કૃતિને આપણે શ્રમણ સંસ્કૃતિને નામે જાણીએ છીએ. આ જૈન સંસ્કૃતિના ચાર પાયા ધર્મ, અર્થ, કામ અને મોક્ષ છે. તાત્પર્ય એ કે, અર્થ અને કામની પ્રાપ્તિ ધર્મમય માર્ગે થાય તો જ સંસ્કૃતિ સુરક્ષિત રહે અને તે માનવીને મોક્ષ માર્ગે લઇ જવામાં સહાયક બને છે.

જૈન સંસ્કૃતિની રક્ષા અને વિકાસમાં નારીએ ખૂબજ મહત્ત્વની ભૂમિકા ભજવી છે. આ અવસર્પિણી કાળના ચોથા આરામાં પ્રથમ તીર્થંકર ઋષભદેવની માતા મરૂદેવીએ મોક્ષનાં દ્વાર ખોલ્યાં અને સાબિત કર્યું કે સ્ત્રી માટે પણ મોક્ષનાં દ્વાર ખુલાં છે. પ્રથમ તીર્થંકર આદિનાથથી લઇને ચરમતીર્થંકર દેવાધિદેવ મહાવીર સ્વામી સુધીના સમય ગાળામાં અનેક શીલવંત સતીઓ, મહાસતી અને શ્રાવિકાઓના તપ, ત્યાગ અને શીલ સંયમથી શોભતા જીવન દ્વારા જૈન સંસ્કૃતિની રક્ષા થઇ છે એટલુ જ નહી, સંસ્કૃતિ વિકાસમાં પણ નારીનું મહત્ત્વનું પ્રદાન છે.

આર્ય અને જૈનસંસ્કૃતિએ સ્ત્રીની સ્વતંત્રતા માટે એક સીમા એક લક્ષ્મણ રેખા આંકી છે. આ સીમામાં રહેવાથી સ્ત્રી ગુલામડી બની જશે તે વાત સાવ વજૂદ વિનાની છે. આપણી પ્રાચીન સંસ્કૃતિએ અને તેના પ્રણેતા મહર્ષિઓએ સ્ત્રીને ભોગ્યા કહેવા પર કદી ભાર આપ્યો નથી, જેટલો રક્ષ્યા કહેવા માટે આપ્યો છે. સ્ત્રી જેટલું મૂલ્યવાન તત્ત્વ ભારતીય પ્રજામાં અપેક્ષાએ બીજું એક પણ નથી. મૂલ્યવાન હીરા માણેકને આપણે જ્યાં ત્યાં મુકતા નથી તેનું સ્થાન સુરક્ષિત જગાએ જ હોય !

પુરુષ કરતાં સ્ત્રીનું મૂલ્ય વધુ ગણાયું માટે જ તેના બાહ્ય સ્વાતંત્ર્ય પર કાપ મૂકવામાં આવ્યો, આમ છતાં ગૃહની આંતરિક બાબતોમાં એને જ સર્વેસર્વા રાણી તરીકેનું સ્થાન બક્ષવામાં આવ્યું છે અને ત્યાં પુરુષના સ્વાતંત્ર્ય ઉપર એવો જ કાપ મુકવામાં આવ્યો છે.

સંસ્કૃતિની રક્ષા અને વિકાસના સંદર્ભે નારીની ભૂમિકાની વિચારણા કરતા જ્ઞાનીઓએ કહ્યું કે, કાં સ્ત્રી મહાસતી બને કાં તો તે રત્નકુક્ષીધારિણી બને ! માનવજીવનના અઢળક મૂલ્યોનું વર્ણન કરતાં શાસ્ત્રકાર પરામર્શિએ સંસારપરિત્યાગ કરવાનું એકજ કર્તવ્ય જણાવ્યું છે આ બાબતને અનુલક્ષીને નારીજાત ઉપર વિચાર કરીએ.

સતી કરતાંય મહાસતી (સંસાર ત્યાગ કરતી સાધ્વી સ્ત્રી) ઘણી જ મહાન છે. દરેક સ્ત્રીએ મહાસતી જ બનવું જોઇએ. પણ છતાં જેની એ ક્ષમતા ન હોય અને જે લગ્નજીવનમાં પ્રવેશ પામતી જ હોય અને સંસારસુખને સ્પર્શતી જ હોય તે સ્ત્રીને રત્નકુક્ષીધારિણી બનવું રહ્યું. આર્યદેશની પ્રત્યેક સ્ત્રીએ આ બેમાંથી એકજ પસંદગી કરવાની હતી. આવી સ્ત્રીઓ આવા ગૃહને ધર્મના માર્ગે દોરતી, પતિ અને બાળકો ઉપર એનો કાબૂ હતો. અને તે તેનો સુંદરમાં સુંદર ઉપયોગ કરતી. આથી જ આજ સુધી આ આર્યભૂમિને અરિહંતો, સંતો અને મહંતો મળ્યા. વીર સુભટો, સંસ્કૃતિ અને ધર્મની રક્ષામાં માતાઓ, વિદ્યાગુરુઓ અને ધર્મગુરુઓની સમાન ભૂમિકા છે.

માતા તો ગજસુકુમારની મા દેવકી જ કહેવાય. કે જે ભરયૌવનમાં દીક્ષા લેવા તૈયાર થતા સાતમા અને છેલ્લા દીકરાને આશિષ આપી કહે કે બેટા ! સુખેથી દીક્ષા લે, પણ આ સંસારમાં છેલ્લી મા હવે મને જ બનાવજે !

રાજા સંપ્રતિની માતાએ, દિગ્વિજયી બનીને આવેલા દીકરાને સમગ્ર ધરતી જિનમંદિરોથી વિભૂષિત કરી દેવાની અનુપમ પ્રેરણા કરી !

નેમનાથ જ્યારે પ્રભુતા તરફ પગલાં માંડવાને બદલે સંયમપથ તરફ વળ્યા, એ ક્ષણે રાજુલે પણ તેમને સાથ આપી સાચા અર્થમાં સાથી બન્યા અને આગળ જતા નેમનાથના ભાઇ રહનેમિને પતનના વિચારોમાંથી સંયમ માર્ગે લઇ જઇ અને મહાસતી રાજુલે જૈન સંસ્કૃતિની રક્ષાનો ઇતિહાસ સર્જ્યો.

સુધર્માસ્વામીના શિષ્ય જંબૂકુમારે આઠ આઠ કન્યાઓ સાથે લગ્ન કર્યાં છતાં વૈરાગ્યભાવે દીક્ષા લેવાનું નક્કી કર્યું. ત્યારે તેમની આઠેય સૌંદર્યવાન પત્નીઓએ સંસાર ત્યાગી સંયમ સ્વીકારી ઉચ્ચતમ નારીના આદર્શોનું ઉદાહરણ પૂરું પાડ્યું.

અશોકવાટિકામાં રહેલા સીતાજીને એક રાક્ષસી દબાણપૂર્વક સમજાવતાં સચોટ રીતે રજૂઆત કરે છે કે, જો તમે રાવણને તમારો દેહ નહિ સોંપો તો રામ-રાવણનું ખૂનખાર યુદ્ધ ખેલાશે, જેમાં લાખો પુરુષો કપાઇ જતા, લાખો સ્ત્રીઓ વિધવા થશે, લાખો માતાઓ પુત્રવિહોણી થશે આના કરતાં તમે રાવણને તમારો દેહ સોંપી દો તેજ સહુના ભલામાં છે.

સીતાજી કહે છે કે, તમારી વાત તદ્દન સાચી છે, પણ હવે બીજી બાજુનો વિચાર કરો ! તમે કહો છો તેમ હું રાવણને દેહ સોંપી દઇશ તો કદાચ આફત નહિ આવે પરન્તુ આ દેશમાં, ભાવિમાં થનાર કરોડો સ્ત્રી, પુરુષના સકંજામાં આવશે ત્યારે મને યાદ કરીને વિચારશે કે, જો સીતાએ શરણાગતિ સ્વીકારી હતી તો આપણને શું વાંધો ?

હાય ! આમ થતાં તો કરોડો સ્ત્રીઓ કુલટાઓ પાકશે, ઓ રાક્ષસીઓ ! તમેજ કહો કે લાખો વિધવા થાય અને કરોડો કુલટા પાકે તે બેમાંથી મારે ક્યાં વિકલ્પને તિરસ્કારી નાખવો જોઇએ ? રાક્ષસીઓ ચૂપ થઇ ગઇ ! આમ અનેક કષ્ટો વેઠીને પણ મહાસતી સીતાએ પોતાના જીવનઆદર્શ દ્વારા સંસ્કૃતિની રક્ષા કરી.

સતીસુલસાએ દેવગુરુ અને ધર્મમાં અખૂટ શ્રદ્ધા રાખી, અને ચંદનબાળાએ સહનશીલતાની ચરમ સીમા વટાવી, પ્રભુ મહાવીરના પ્રિય પાત્ર બની. સંસ્કૃતિની રક્ષા કરી પોતાનું યોગદાન આપ્યું.

પ્રાચીન અને મધ્યકાલીન યુગની નારીની, જૈન સંસ્કૃતિની રક્ષા અને વિકાસના સંદર્ભે આપણે છણાવટ કરી. હવે સાંપ્રતપ્રવાહના સંદર્ભે નારીની ભૂમિકાની આપણે વિચારણા કરીશું.

નારીરક્ષા સામે જે ભયસ્થાનો ઊભાં થયા છે તે જોઇએ. આદિનાથ ભગવાનથી પ્રભુ મહાવીરના કાળ સુધીની નારીઓ ઘર સંભાળતી અને કુટુંબના ઘડતરની ફરજ નિભાવતી. વર્તમાન કાળે સ્ત્રી સ્વાતંત્ર્ય અને સામાજિક વિષમતાને કારણે ઘોડિયાઘરો અસ્તિત્વમાં આવ્યા. ભાડૂતી સ્ત્રીઓ અને આયાઓને કારણે સારા સંસ્કારથી બાળકો વંચિત રહ્યા, માતા-પિતાની હૂંફ, વાત્સલ્ય અને પ્રેમના અભાવને કારણે બે પેઢી વચ્ચેનું અંતર વધતું ચાલ્યું અને આ ઘોડિયાઘરોનું અંતિમ પરિણામ ઘરડાઘરોમાં આવ્યું. અને છેલ્લે મર્સીકીલીંગ અનુકંપાપ્રેરિત મૃત્યુ સુધીના ભયાનક વિચારોનો પણ પ્રચાર થવા લાગ્યો કુટુંબથી ઉપેક્ષિત થયેલી અને ઘરડાઘરમાં ઉદાસ જીવન વિતાવતી નારી ધર્મ અને સંસ્કૃતિની શી રક્ષા કરી શકે ?

આ પરિસ્થિતિના નિર્માણમાં, પાશ્ચાત્ય અને સંકરશિક્ષણ, સંતતિનિયમનનાં સાધનોનો દુરઉપયોગ અને બેફામ ઉપયોગ, સિનેમા, ટીવી, વીડિયો ગર્ભપાત, છૂટાછેડા અને વિવેકહિન સહશિક્ષણ તથા આંતરજાતીયથી આંતરરાષ્ટ્રીય લગ્નો પણ જવાબદાર છે.

વિષમતાના ભયંકર ફૂંકાતા વાયરા સામે જૈનશાસને અણમોલ ભેટ ધરેલી ચતુર્વિધસંઘની વ્યવસ્થા અડીખમ દિવાલ બનીને ઊભી રહી શકે તેમ છે.

સાધુ-સાધ્વીઓ (ગુરુભગવંતો) નો સદ્‌ઉપદેશ જમાનાવાદ સામે લાલબત્તી અને સત્ત્વશીલ જીવનશૈલી અપનાવવા માટેનો ઉપદેશ, જીવનમાં ધર્મતત્ત્વને ઉમેરી શકશે.

પોતાના ગર્ભકાળથી નારી, સાધુસંતોનો સતસંગ અને સતસાહિત્યનું વાંચન કરશે તો બાળક પર સારા સંસ્કાર પડશે. પોતાનાં બાળકોને જૈનશાળાનું શિક્ષણ આપશે તો ધર્મના સંસ્કારો આવશે.

કાળના સાંપ્રતપ્રવાહમાં મહિલામંડળો અને નારીસંસ્થાઓ સંસ્કૃતિની રક્ષા અને વિકાસમાં ખૂબ જ મહત્ત્વનું યોગદાન આપી શકે છે. કીટીપાર્ટીઓ અને કલબ ને બદલે જૈન મહિલામંડળો અને જૈન નારીસંસ્થાઓ, ધર્મનું શિક્ષણ, આધ્યાત્મિક જ્ઞાન,

સાધ્વીજીઓના સમાગમ દ્વારા ધર્મ પામી શકે. કલાપ્રવૃત્તિઓ નિબંધસ્પર્ધા, વક્તૃત્વસ્પર્ધાઓ, સંગીત-સ્તવન સ્પર્ધા, અને દર્શનયાત્રા જેવી વિવિધલક્ષી પ્રવૃત્તિઓ દ્વારા સંસ્કૃતિના વિકાસમાં સિંહ ફાળો આપી શકે, સ્વરોજગાર યોજનાઓ દ્વારા નારીને આર્થિક રીતે પગભર થવામાં પણ આવી સંસ્થાઓ સહાયક બની શકે.

નહિ તો....

વીરપ્રસૂતા થવા સર્જાયેલી નારી નિર્વીર્ય પ્રસૂતા બને... તે છે વર્તમાન સમાજ વ્યવસ્થા અને શિક્ષણની ફલશ્રુતિ...! ભૌતિક વૈભવી જીવનની પાછળ વહી જતી ભ્રષ્ટાચારની ગંદી ગટરોના ગંદા પાણીની આત્મકથાનો નિચોડ....!

સ્ત્રી અંગે માતા અને પત્નીરૂપે સંકળાયેલા પરંપરાગત મૂલ્યો... નારી તું નારાયણી...! અને જે કર ઝૂલાવે પારણું તે જગત પર શાસન કરે ....! એ ઉક્તિ આપણી સંસ્કૃતિનો વિશિષ્ટ વારસો છે.

# સ્વદોષ દર્શન-પાવન અંતર્યાત્રા

નિજદોષ દર્શન એક નિર્દોષ પ્રક્રિયા છે. સ્વદોષદર્શન પાવન અંતર્યાત્રા છે.

આ પ્રક્રિયાની પૂર્વભૂમિકા રૂપે સર્વ પ્રથમ અન્યના ગુણો જોવાની દૃષ્ટિ કેળવવી પડશે. દરેક વ્યક્તિમાં કોઇને કોઇ ગુણ પડયો જ હોય છે. આપણી જોવાની અણ આવડતને કારણે એ ગુણ આપણી નજરે ચડતો નથી. કારણ કે આપણે ગુણ જોવાની દૃષ્ટિ જ કેળવી નથી. અન્યનો નાનો સરખો પણ દોષ આપણને પહાડ જેટલો દેખાશે અને આપણો પર્વત જેવડો દોષ આપણને રાઇના દાણા જેવો પણ નથી દેખાતો. જીવની અનાદિની અવળચંડાઇના આ સંસ્કાર સ્વદોષ દર્શનની પાવનપ્રક્રિયામાં બાધારૂપ બને છે. આ અડચણો દૂર કરવા સર્વ પ્રથમ મેગ્નીફાઇંગ ગ્લાસવાળી નજર કરી પરગુણ દર્શન સતત કરતા રહેવાનો પુરુષાર્થ કરવો પડશે. આ પ્રવૃત્તિના સાતત્યને કારણે બીજાના નાના નાના ગુણો આપણી નજરે ચઢશે. અન્યના નાના કે મોટા ગુણોનું આપણા નિજી જીવનમાં અવતરણ થાય એવી ઝંખના જાગશે.

આપણી નાની મોટી ભૂલો આપણી ઉપરી બની બેસે છે. આ દોષો આપણા પર રાજ કરે છે. આપણે એનાથી જ દબાયેલા રહીએ છીએ. જીવને સંપૂર્ણ આઝાદી કે સ્વતંત્રતા જોઇતી હોય ત્યારે તેણે પોતાની ભૂલોની ભ્રમણાને ભાંગવી પડે. દોષોથી રહિત આત્મા પરમપદને પામે છે એ સમજણ એક જાગૃતિ લાવશે. આ જ્ઞાન અને સમજણ દોષો સુધારવાની ચાવી છે.

નિર્દોષ પવિત્ર શિખર પર જવાનું પ્રથમ પગથિયું એટલે નિજદોષનો એકરાર, સ્વદોષનો સ્વીકાર. આ ક્રિયાથી સૌથી પહેલા ચિત્તમાંનો અહંકારનો હિમાલય ઓળગશે. આંખમાંથી કરુણાની ગંગા વહશે, પશ્ચાત્તાપનું પાવન ઝરણું વહેશે, આ પરિસ્થિતિએ પહોંચ્યા પછી કોઇ આપણને આપણો દોષ બતાવશે તો તેની પર ક્રોધ નહિ આવે, દ્વેષ નહિ થાય પરંતુ આપણને થશે કે આપણા દોષના ભાવ ઉદયમાં આવ્યા એ સમયે તેણે અંગુલિ નિર્દેશ કર્યો, આપણને જાગૃત કર્યા તો તેનો ઉપકાર માનવો જોઇશે.

સ્વદોષદર્શનની ટેવથી નિમિત્તને જવાબદાર ઠેરવીશું નહિ. આપણને કાંઇ પીડા આવી કે નુકસાન થયું તેવા સંજોગોમાં આપણે .....આના કારણે મને પીડા આવી..... આ વ્યક્તિએ આમ કર્યું તો મને નુકસાન થયું. એવું માની લઇ દોષનો ટોપલો નિમિત્ત પર નાખવાને બદલે જવાબદારી આપણે કર્મોદય પર નાખીશું. આપણે આપણાં સ્વોપાર્જિત કર્મોને જ જવાબદાર ઠેરવીશું, અન્યને કદાપી નહિં.

જે વ્યક્તિ વારંવાર નિજ દોષદર્શન કર્યા કરે છે તે ક્ષમાવાન બની જાય છે. ક્ષમા માગવામાં તેને નાનમ નથી લાગતી. ભૂલના એકરાર વખતે આ ભૂલનું પુનરાવર્તન ન થાય તેવી ગુરુ ભગવંતને પ્રાર્થના સાથે ક્ષમા માગવાની પાત્રતા કેળવી લે છે. પોતાની સામે અન્ય વ્યક્તિઓએ કરેલ ગુનાઓ કે ભૂલોને તે ઉદાર દિલે અને હૃદયની વિશાળતાએ માફી બક્ષે છે. ક્ષમા આપે છે.

આમ, નિજદોષદર્શનથી આત્મા નિર્મળ બને છે. વિચારધારા ચાલે, પ્રતિક્રમણના ભાવ જાગે કે હે પ્રભુ હું અનંત દોષનું ભાજન છું, હું નર્યા દોષનો ભંડાર છું. મને દોષમુકત બનાવ, હું મારા પાપોનું પ્રાયશ્ચિત કરું છું. સાચા હૃદયના આ ભાવો બધું ચોખ્ખું કરાવી દે.

આપણને આપણા દોષ દેખાય પછી તો દોષ દૂર કરવાનો ઉપાય તો આપોઆપ દેખાશે.

જ્ઞાનીઓએ તો ત્યાં સુધી કહ્યું છે કે તને તારા દોષો દેખાય ત્યારે જાણવું કે હવે મોક્ષ માર્ગ દેખાવાની તૈયારીમાં છે. આમ સ્વદોષદર્શન, દિવ્ય જીવનનો પંથ છે, વિમલતાની વાટ છે.

# પૂ. પ્રાણગુરુ : પ્રભાવક ધર્મ પુરુષ

સૌરાષ્ટ્ર કેસરી પુજ્ય પ્રાણલાલજી મહારાજ એક ઔજસ્વી તેજસ્વી પ્રભાવક ધર્મપુરુષ હતા. સોરઠના લાડીલા સંતની ધર્મ પ્રભાવના ઉત્કૃષ્ટ કોટીની હતી. ગુરુદેવ જય-માણેકની પાવન નિશ્રામાં સાધનાનું અનુપમ અમૃત પીને ખીલી ઉઠેલા એ યુગપુરુષની સૌરભ સારાયે કાઠિયાવાડમાં મહેંકી રહી હતી.

વ્યાખ્યાનની લોકભોગ્ય શૈલી જૈન-જૈનેતરો માટે આકર્ષણનું કેન્દ્ર બની હતી. મુનિના વાણી પ્રભાવ સાથે તેમના સ્વચ્છ અને નિખાલસ વ્યવહારનો પ્રભાવ એટલો જ પ્રભાવક હતો. સમયાનુસાર ગ્રામીણ ક્ષેત્રોમાં વિચરણ કરતાં ત્યારે ગ્રામ્ય પ્રજાને અનુરૂપ જે ભાવવર્ષા કરતાં તે પણ અલૌકિક અને જનગ્રાહી હતી તેથી ગુરુદેવ જ્યાં જ્યાં વિચરતા ત્યાં ત્યાં પછી તે ગામડું હોય કે શહેર પણ બધે જ શ્રાવકને આદરવા યોગ્ય દાન, શીલ, તપ અને ભાવની અદ્‌ભૂત અપાર વૃદ્ધિ થઇ. તેમની ભાવવાહી વાણીનો પ્રભાવ ચારેબાજુ પ્રસરી જતો.

મેઘની ગર્જનાથી જેમ મયુર નાચી ઉઠે તેમ તેમના ગંભીર નંદીઘોષથી સહુનાં મન મયુર નાચી ઉઠતા હતા. કુદરતે ગુરુદેવને એક વિચરણ વ્યક્તિત્વ સાથે આ પૃથ્વી પટ પર મોકલ્યા હતા. તેઓને પામી આ ધરા ધન્ય બની ગઇ. તેમના વ્યક્તિત્વના પ્રભાવે તેઓ ધાર્યું કાર્ય કરાવી શકતાં હતા. આ બાબતનું એક જ ઉદાહરણ –

કોઇ એક ગામમાં જૈનસંઘમાં ઉપાશ્રય માટે ફાળો થઇ રહ્યો હતો. ગુરુદેવની પ્રેરણાત્મક ઘોષણાથી ફાળો આગળ વધી રહ્યો હતો. આ સભામાં એક અતિ લોભી શ્રાવક બેઠા હતાં. જેમને પાંચ રૂપિયા પણ દાનમાં આપતા પરસેવો વળતો હતો. ભલભલા એમની પાસેથી એક દમડી પણ કઢાવી શકે નહિ. ગુરુદેવની ધારણા હતી કે આ ભાઇ પાસેથી પૂરા પાંચ હજાર ફાળામાં લખાવવા. જે વાત અગાઉ ગુરુદેવે અન્ય શ્રાવકને કહી હતી. શ્રાવકો આ સાભળી હસી પડ્યા. 'ન ભૂતો ન ભવિષ્યતિ' જેવી આ વાત સૌને લાગતી હતી. ગુરુદેવ પાટે બિરાજ્યા તેઓનો ગિરી ગર્જનાત્ ઉદ્‌ઘોષ મંગલવાણી સાથે પ્રવાહિત થયો. પેલા શ્રાવક રત્ન ત્રીજી કે ચોથી પંક્તિમાં બેઠેલા હતાં. ગુરુદેવનો

પડકાર તેમના વ્યક્તિત્વને અનુરૂપ હતો. આવા ઉત્કૃષ્ટ પ્રેરણા ભરેલા ભાવોનો પ્રભાવ સહુને પ્રમુદિત કરી રહ્યો હતો. પેલા શ્રાવકનું મન દ્રવી ઉઠ્યું. કદાચ એમના માટે જિંદગીની આ પહેલી જ તક હશે. તેઓ વ્યાખ્યાન પૂરું થતાં પહેલાં જ વચ્ચે જ બોલી ઉઠ્યા, 'લખો મારા પાંચ હજારને એક ૫૦૦૧,' આ સાંભળીને સકળ સંઘ આશ્ચર્ય સાથે ખુશ-ખુશ થઇ ગયો, જે શ્રાવક 'ન ભૂતો ન ભવિષ્યતિ' બોલ્યા હતા. તે પણ સ્તબ્ધ થઇ ગયાં.

આમ જ્યારે જ્યારે જે જે ક્ષેત્રે કોઇ પણ શાસન સેવાના કાર્યો, માનવ સેવાનાં કાર્યો કે જીવદયાના કાર્યો માટે જરૂર ઉભી થઇ હોય અને ગુરુદેવની પડકાર ભરી હાકલ સાભળતા, જેમ અષાઢી મેહૂલો ગાજે અને વર્ષા વરસી પડે તેમ શ્રાવકોના દીલ દરિયાવ થઇ, દાનનો વરસાદ વરસાવી દેતાં અને શાસન પ્રભાવનાના અનેક કાર્યો સહજ રીતે પાર પડતાં.

ગુરુદેવની વાણીમાં શીલ અને સદાચારને પોષતો ભાવ મર્યાદા સહિત વારંવાર અવતો. ગૃહસ્થ વેષે જીવતો માનવ કઇ રીતે મર્યાદામાં રહી શકે. કેટલો સંયમ હોવો જોઇએ. અને એ સંયમ અને મર્યાદાનો પ્રભાવ ભાવી પેઢી પર પડતાં તેઓનું જીવન કેવું સંસ્કારી અને સદાચારી બને છે. આ વિષય અદ્ભૂત શૈલીમાં રજુ કરી સુદર્શન શેઠ અને અભયા રાણીના દષ્ટાંતે શ્રોતાજનોના ગળે ઉતારી દેતાં ને સંખ્યાબંધ દંપતી બ્રહ્મચર્ય વ્રત આદરવા તૈયાર થઇ જતાં. ગુરુદેવે તેમનાં મુનિ જીવનનાં ૩૭ ચોમાસા કર્યા. તેમાં એક પણ ચોમાસું એવું નહીં કે જેમાં બ્રહ્મચર્ય વ્રત ન અદરાયા હોય. ચોમાસામાં તો ખરાં જ પણ શેષકાળમાં પણ, શું ગામડામાં કે શું શહેરોમાં, જ્યાં થોડા દિવસ માટે પધાર્યાં હોય ત્યાં શીલવ્રત લેનારા તો હોય હોય ને હોય જ. આમ ગુરુદેવે અનેક દંપતીઓને શીલવ્રત ધારી બનાવ્યાં.

તો કેટલાય વ્યસની જીવોનાં વ્યસનો છોડાવ્યા. એ વ્યસન બીડી હોય, ચાનું હોય, જુગારનું હોય, કે દારૂનું હોય, પણ ગુરુદેવના સાનિધ્યમાં આવ્યો અને જો એક વાર પણ એ વાણીનું પાન કર્યું તો એ અમૃતવાણી અંતરના વિષને ધોયા વગર રહે નહીં. જેમ વ્યસનીને વ્યસનની તલપ લાગે તેમ એ જ વ્યસનનીને વ્યસન ત્યાગની

તલપ લાગતી. અવળી તલપને સવળી તલપમાં બદલવાનું પ્રેરક બળ હતું ગુરુદેવની 'સવિ જીવ કરું શાસન રસી' જેવી બળવતી કરૂણા ભાવનાનું. એક પ્રસંગ લઇએ.

ગુરુદેવનું પ્રવચન ધર્મરસના છાંટણા નહીં પણ ધર્મરસના અમૃત પ્રવાહને વહાવી રહ્યું હતું. માનવમેદની ચિક્કાર ભરી હતી. સોઇ પડે તો પણ અવાજ સંભળાય તેવી નીરવ શાંતિ હતી. આ સભામાં આપા કાથડવાળા પણ હાજર હતાં. આદત મુજબ શરૂઆતમાં તો આપાએ કાઠીનું કૌવત બતાવતા બે-ચાર ખોંખારા ખાધા પણ પછી તો ગુરુદેવની વાણીમાં એવાં તો રસ તરબોળ બની ગયા કે પોતે કોણ છે, તે પણ વિસરી ગયાં. ખોંખારા ક્યારે બંધ થયા એ પણ ખબર ન રહી.

આપા કોઇથીયે ગાંજ્યા જાય તેવા નો'તા, પણ એક વ્યસન પાસે હારી જતાં, ગુરુદેવનું સમયાનુરૂપ એક-એક વચન આપાને તીરની જેમ હૃદય સોંસરવું ઉતરી જતું અનુભવાયું. અને જખમ કર્યા વિના જ હૃદયમાં એક મૂંગી વેદના ઉભી થતી જોઇ, સમય પસાર થઇ રહ્યો છે, ગુરુદેના પ્રવચનોનો જોર આપા તરફ વધતો જતો હતો. કઠણ કાળજાને પણ પીગળાવી દે તેવી ગેયાત્મક વચનધારા વરસી રહી છે. આપા કાથડવાળાનું હૈયું જાણે વિંધાઇ રહ્યું છે. અને અદરમાં પડેલો અહં સળવળીને બેઠો થયો. 'શું હું આપા જેવો આપા એક વ્યસનનો ગુલામ ? અને આપા એકાએક સભામાં ઊભા થઇ ગયા. 'લે મારી હાળી આ હોકલી ! આ મહાત્માજી સામે મારી ઇજ્જતને માટીમાં મેળવનાર ! આ રાંડને આજે જ છોડું છું.' આટલા શબ્દો આપાના મુખમાંથી સંભળાયા નહીં ત્યાં તો આપાએ ઉપાડીને હોકાનો ઘા કર્યો. પાણી મૂક્યું. હોકો તો શું કોઇ પ્રકારનું વ્યસન ન જોઇએ. અને પૂ.ગુરુદેવે ઉદાર દીલે આપા પર આશિર્વાદ વરસાવ્યા 'શાબાશ-દરબાર-શાબાશ' આપા કાથડવાળા સર્વથા વ્યસનથી મુક્ત બન્યાં.

આવા અનેક જીવો વ્યસન મુક્ત બની સદાચારી જીવન જીવતા થયાં હતાં. જે સદાચાર જીવનપર્યંત તેઓએ જાળવી રાખ્યો. આવા તો અનેક પ્રસંગ પુષ્પો તેમની દિવ્ય જીવનકથાના બાગમાં મઘમઘી રહ્યાં છે.

પૂ.ગુરુદેવ આચારધર્મ પરત્વે અત્યંત જાગૃત રહેતાં. પોતાના સાધુ-સાધ્વીજીને હંમેશા શુધ્ધાચારની પ્રેરણા કરતાં રહેતાં. એ જ રીતે ગૃહસ્થ શ્રાવક-શ્રાવિકાને પણ તેમને યોગ્ય આચારનો પ્રેમાળ ઉપદેશ આપી, શ્રાવકાચાર શીખવતાં. પંદર કર્માદાન સમજાવી શ્રાવકોને ન્યાનસંપન્ન વૈભવ-આજીવિકાની પ્રેરણા કરતાં આમ ગુરુદેવ સાચા અર્થમાં પ્રભાવક ધર્મ પુરુષ હતા.

જન્મશતાબ્દીના પાવન પ્રસંગે કાઠિવાડના પ્રત્યેક શ્રાવક-શ્રાવિકાના હૃદય સમ્રાટ સમા સૌરાષ્ટ્ર કેસરી પૂ.પ્રાણલાલજી મહારાજને ભાવપૂર્વક સ્મરણાંજલિ.

# સર્જનની શતાબ્દી પ્રસંગે આત્મસિદ્ધિશાસ્ત્રને વંદના

આત્મસિદ્ધિ શ્રીમદ્ રાજચંદ્રની અનુપમ કૃતિ છે. જેમાં મુખ્યત્વે આત્મલક્ષી ચિંતન છે. એ રીતે વિચારતા આ કાવ્યગ્રંથને જૈનશાસ્ત્રના ચાર અનુયોગ, દ્રવ્યાનુયોગ, ગણિતાનુયોગ, ચરણાનુયોગ અને ધર્મકથાનુયોગમાંના દ્રવ્યાનુયોગનો ગ્રંથ કહી શકાય.

આત્મસિદ્ધિ નિર્વિવાદ મોક્ષમાર્ગનું સાધન છે. ૧૪૨ ગાથાઓ પર હજાર શ્લોકની ટીકા લખાઇ શકે તેવી આ નાનકડી કૃતિમાં આત્માને લગતું સંપૂર્ણ રહસ્ય દર્શાવાયું છે. જેમાં શ્રીમદ્‌ની વિવેકપ્રજ્ઞા, મધ્યસ્થતા અને સહજ નિખાલસતાના દર્શન થાય છે.

અનંતતીર્થંકરો આત્માના ઉત્થાનને લગતી જે વાતો કહી ગયાં તે વાતોમાંથી પોતાને જે જાણપણું થયું જે અનુભૂતિ થઇ એજ તત્ત્વનું શ્રીમદ્‌રાજચંદ્રે આત્મસિદ્ધિશાસ્ત્રમાં નિરૂપણ કર્યું છે.

આ મહાન કાવ્યરચનાના પ્રથમ પદમાં ગુરૂવંદના કરી અને વર્તમાનકાળમાં આત્માર્થીજન માટે મોક્ષમાર્ગનું ચિંતન રજૂકર્યું છે. ખૂબ જ સરળ રીતે આત્માર્થી અને મતાર્થીનાં લક્ષણોની વિશિષ્ટ સમજ આપી છે. પોતાને ધર્મી માનતો અધર્મી એટલે મતાર્થી, મતાર્થી તો એમ જ સમજતો હોય કે હું આત્માર્થી છું છતાં સત્યને ઉપેક્ષિત કરે, જ્યારે આત્માર્થી તો જાગૃતસાધક છે.

શ્રી હરિભદ્રસૂરીએ આત્માનાં છ પદોને સંસ્કૃતભાષામાં ધર્મબિંદુ ગ્રંથના દ્વિતીય અધ્યાયમાં બહુજ ભાવવાહી શૈલીમાં ગુંથ્યા છે. આ છ પદ તે ૧: આત્મા છે ૨: તે નિત્ય છે. ૩: કર્મનો કર્તા છે. ૪:કર્મફળનો ભોકતા છે. ૫: આત્માનો મોક્ષ છે. ૬: મોક્ષનો ઉપાય છે. જૈન આગમોમાં જેનું આપણે વારંવાર ચિંતન અને પરિશીલન કરીએ છીએ તે મૂળભૂત સિદ્ધાંતો આ છ પદમાં અભિપ્રેત છે. આપણાં આગમો અર્ધમાગધી ભાષામાં છે, તે સર્વસામાન્ય ને સમજમાં ન આવે, દર્શનના આ ગહન તત્ત્વો લોકભોગ્ય બની શકે તે હેતુથી અધ્યાત્મયોગી શ્રીમદ્ રાજચંદ્રે આ જ તત્ત્વોની સરળ ગુજરાતી ભાષામાં રચના કરી આપણા પર પરમ ઉપકાર કર્યો છે.

આત્મભ્રાંતિનો રોગ, તેના ઉપાય, ગચ્છ-મત અને સંપ્રદાયથી પર આત્મધર્મ દ્વારા સમ્યક્દર્શનની અનુભૂતિનું દિવ્ય આલેખન થયું છે.

કૃતિને ભાવપૂર્વક અને સમજણપૂર્વક વાંચવાથી સાધકના બત્રીશે કોઠે દીવા થાય તેવી અદ્ભુત રચના છે. કારણ કે શ્રીમદ્જી વડે થયેલી આ શાસ્ત્રની રચના તેમની સહજ આત્માનુભૂતિની પરિણામ છે.

શ્રીમદ્ના જીવનકાળમાં કેટલાંક પાત્ર જીવો તેમને ઓળખી શકયા હતાં. અને તેઓ પાસેથી આધ્યાત્મિક માર્ગદર્શન મેળવતા હતા. તેમાં અનન્ય મુમુક્ષ આત્મા સૌભાગ્યભાઇ હતાં. તેઓની ઉમંર થતાં તેમને લાગ્યું કે તેમનો જીવનકાળ પૂર્ણ થવામાં છે. ત્યારે તેઓએ શ્રીમદ્ને પત્ર લખ્યો કે મારો અંતિમ સમય નજીક છે મારું સમાધિ મરણ થાય અને મારી આત્મદશા વધુ જાગૃત રહે એવું કંઇ લખીને મોકલો.

આ પત્રના ઉત્તરરૂપે શ્રીમદ્જીએ છ પદનો પત્ર લખીને મોકલ્યો જે ગદ્યરૂપે હતો. પૂ.સૌભાગ્યભાઇએ પત્ર વાંચ્યો તેઓને પત્રમાંના ઊચા ભાવો ખૂબ જ ગમ્યા તેઓએ ફરી લખ્યું કે પત્રના ભાવો તો ઉત્તમ છે. પરંતુ ગદ્યરૂપે હોવાથી સ્મરણમાં રહી શકવા મુશ્કેલ છે. માટે કૃપા કરી આજ ભાવો કાવ્યરૂપે લખી મોકલો તો તેનું રટણ ચિંતન રાત દિવસ રહ્યા કરે.

પત્ર શ્રીમદ્જીને મળ્યો, સૂર્યાસ્ત થઇ ગયો હતો. અંધારા ઉતરવા માંડયા હતાં. ભાવિક ભકત અંબાલાલભાઇ સાથે હતાં તેમને ફાનસ પકડી ઊભા રહેવા સંકેત કર્યો. અંતર્મુખતા વધતા, અંતઃસ્ફૂરણા થઇ અને એક અદ્ભુત ઘટના ઘટી. ૧૪૨ ગાથા રૂપ શાસ્ત્ર માત્ર દોઢ કલાકમાં રચાઇ ગયું.

પરમાર્થ મેઘની વર્ષાનો એ સમય હતો સંવત ૧૯૫૨ના આસો વદ એકમ અને એ પુણ્યસ્થળ ચરોતર પ્રદેશનું નડિયાદ હતું. તેમના એક એક શબ્દમાં આત્માનાં અર્થગંભીર રહસ્યો નીતરતાં હતા. તેઓની લખવાની ખૂબી એ હતી કે તેઓ કયારેય કાંઇપણ લખતા તો તેમાં એકને બદલે બીજો શબ્દ મૂકવાની જરૂર ન રહેતી તેમનો શબ્દ

લખાયા પછી ભૂસવાનો અવકાશ ન રહેતો. આવું સપ્રમાણ લખાણ તેમના અંતરમાંથી આવતું.

આ આત્મસિદ્ધિશાસ્ત્રની એક પ્રત તેમણે સૌભાગ્યભાઇને મોકલી. સૌભાગ્યભાઇ આ શાસ્ત્રને પામી જીવનનો અંત સુધારી ગયા. ત્યારપછી તેનો એટલો પ્રચાર પ્રસાર થયો કે ઘરે ઘરે તેનો સ્વાધ્યાય થવા લાગ્યો. પ.પૂ.લઘુરાજસ્વામી કહેતા કે આત્મસિદ્ધિમાં આત્મા ગાયો છે, આત્મા ઓળખવો હોય તો તેનો વારંવાર વિચાર કરવા યોગ્ય છે, ચૌદપૂર્વનો સાર તેમાં છે. શ્રીમદ્‌ના આત્મલક્ષી ચિંતન અને વિચારમંથન પછી તેઓની અંતરછીપમાં મોતી પાક્યું. આત્મસિદ્ધિને સુર-સરિતા રૂપ ગંગાની ઉપમા આપી છે.

હે....પતિત જન પાવની, સુર સરિતા સમી
અધમ ઉદ્ધારિણી આત્મસિદ્ધિ
જન્મ જન્માંતરો, જાણતા જોગીએ
આત્મા અનુભવ વડે આજ દીધી...હે ! પતિત જન...
ભકત ભગીરથ સમા, ભાગ્યશાળી મહા
ભવ્ય સૌભાગ્યની, વિનંતીથી... હે ! પતિત જન...
ચરોતરભૂમિ નગર નડિયાદમાં
પૂર્ણ કૃપા પ્રભુએ કરી હતી...હે ! પતિત જન...

વિદુષી ડૉ.તરૂલતાજી મહાસતીજીએ આ પંક્તિઓના ભાવ દર્શાવતાં કહ્યું કે, આત્મસિદ્ધિ પાપીને પાવન કરનારી અધમ ઉદ્ધારિણી છે. કોઇપણ વ્યક્તિ ન તો એકલા પાપકર્મથી ભરેલ હોય કે ન તો એકલા પુણ્યકર્મોથી, ઓછે વત્તે અંશે પાપ અને પુણ્ય બન્ને દરેક જીવમાં પડેલ જ હોય છે અને તેમાં વધ-ઘટ થતી રહે છે. શુભ ભાવો વધે તો પુણ્યની વૃદ્ધિ થાય અને અશુભ ભાવો વધે તો પાપની વૃદ્ધિ થાય છે. આમ બન્ને ધારાઓ સાથે ચાલે છે. આ દેવનદી જેવી કાવ્ય સરિતા શુભ-અશુભથી પર થઇ શુદ્ધ ભાવોમાં સ્થિરતા કરવા માટેનું અમોઘ બળ પૂરૂં પાડે છે. શાસ્ત્રમાં જે ભાવો છે તે ભાવોમાં લીનતા સેવાય તો આત્મા વિશુદ્ધ બને.

અહીં શ્રી સૌભાગ્યભાઇને ભગીરથ કહ્યા છે. રાજા ભગીરથે અનેક વર્ષો સુધી તપ કરીને શિવજીને પ્રસન્ન કર્યા અને તેઓએ ગંગાવતરણ કરાવ્યું. ગંગાને પહેલા શિવજીએ પોતાની જટામાં ઝીલી અને પછી આ પૃથ્વી પર વહાવી તેમ આ કાળમાં શ્રી સૌભાગ્યભાઇએ પણ ભગીરથની જેમ ભક્તિ કરી અને શ્રીમદ્જીને રીઝવ્યાં તેઓના આત્માનુભવમાંથી આ શાસ્ત્રરૂપ ગંગાનું અવતરણ થયું અને જન જનના માનસ પર વહાવ્યું. આમ, શ્રીમદ્ના પરમાર્થસખા પૂ.સૌભાગ્યભાઇ જેવા સુપાત્ર જીવના નિમિત્તે આપણેસૌ શાસ્ત્રને પામી શકયા છીએ. શ્રીમદ્જીએ આત્મસિદ્ધિનું શબ્દગઠન કરી જિજ્ઞાસુને અધ્યાત્મસાગરમાં તરવાનો અવકાશ કરી આપ્યો છે. આ સિદ્ધિ સાગરમાં કોઇ દર્શનનું ખંડન નથી ફકત કદાગ્રહ કે હઠાગ્રહ જેવા એકાંતવાદ પ્રત્યે જ આપણને ઢંઢોળ્યા છે. શ્રીમદ્, હરિભદ્રસૂરી જેવા દર્શનયોગીની જેમ બધાં જ દર્શનના સમન્વિત ભાવને જૈનદર્શન બતાવવા પ્રયાસશીલ રહ્યાં છે.

જૈન પરંપરાના સર્વમાન્ય ગુજરાતી પ્રમાણિત ધર્મગ્રંથ તરીકે આત્મસિદ્ધિશાસ્ત્ર ઉચ્ચ શૈક્ષણિક વર્ગોમાં પાઠયક્રમમાં સ્થાન લેવાની યોગ્યતા ધરાવે છે. જૈન આચાર વિચારની પ્રક્રિયાનો મૂળરૂપમાં અભ્યાસ કરવા અંગે, જૈન મુમુક્ષઓ માટે ગીતાની ગરજ સારે તેવો અનુપમ કાવ્યગ્રંથ છે.

જે વિચાર ચિંતનસભર બને એ વિચારમંથનમાંથી અનુભૂતિ અને પછી દર્શન પ્રગટે, તે વિચાર જ શાસ્ત્ર બને અને તે વિચાર અમર બની જાય છે. યુગપુરૂષ શ્રીમદ્ના વિચારમંથનમાંથી રચાયેલ કાવ્યગ્રંથમાં આત્માનો રહસ્યો પામવાનું નવનીત પ્રગટયું તેથી જ એ કાવ્ય આત્મસિદ્ધિ શાસ્ત્રરૂપે અમર બની ગયું.

# જૈનોને લઘુમતીની માન્યતા : એક વિશ્લેષણ

સૌથી પ્રથમ તો આપણે એ સમજવું પડશે કે, લઘુમતીનો જન્મ કઇ રીતે થયો ? સ્વતંત્ર ભારતના બંધારણના ઘડવૈયાઓને એક ભય હતો કે, નાના નાના સમુદાયોને રાજકીય આશ્રય નહીં આપીએ તો તેનો વિકાસ નહીં થાય, નાના ધાર્મિક સમુદાયોની વિશિષ્ટ ધાર્મિક છબી અને તેની સાંસ્કૃતિક અસ્મિતાને ટકાવી રાખવા માટે રાજકીય સંરક્ષણ પૂરું પાડવાના વિચારે લઘુમતીનો જન્મ થયો.

બંધારણની જોગવાઇ પ્રમાણે, ધાર્મિક કે ભાષાકીય લઘુમતીને મરજી મુજબ શૈક્ષણિક સંસ્થાઓ સ્થાપવાનો અને ચલાવવાનો અધિકાર છે. અહીં આપણે એ વાત સ્પષ્ટપણે સમજી લેવી પડશે કે જુદા જુદા પ્રકારના રિઝર્વેશનોની (અનામતોની) બંધારણીય જોગવાઇઓ માત્ર અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાત જાતિઓને જ લાગુ પડે છે. આવા કોઇ અનામતના લાભો લઘુમતી કોમને બંધારણમાં આપવામાં આવ્યા નથી.

એક દૃષ્ટિએ જોઇએ તો આપણે સૌ હિન્દુસ્તાનમાં રહેતા હોવાથી હિન્દુ છીએ. આ દેશમાં વસતા તમામ મુસ્લિમ, પારસી, બૌદ્ધ વગેરે લોકો પણ હિંદુસ્તાની જ કહેવાય અથવા ભારત દેશમાં વસતા હોવાથી ભારતીય કહેવાય.

ભારતમાં વસતા મુસલમાનો પોતાને ભારતીય જ કહેતા. ૧૮૫૭ની સાલના બળવા વખતે હિન્દુ-મુસ્લિમ ભારતીયો, ભારતીય તરીકે એક રહીને અંગ્રેજોની સામે પડ્યા હતા. એનું નેતૃત્વ મુસ્લિમ ભારતીય બહાદુરશાહ જફરે લીધું હતું. આ અંગે કોઇને વિરોધ કરવાનો વિચાર સુદ્ધાં આવ્યો ન હતો. અંગ્રેજોએ જોયું કે ભારતમાં વિવિધ ધર્મ પાળતી પ્રજા તમામ ભારતીય બનીને બળવો કરતાં હોવાથી તેમને કચડી નાખવાનું કામ મુશ્કેલ છે. એમાંથી તેમણે નિરીક્ષણ કરીને નક્કી કર્યું કે ભારતીય પ્રજાનું ધર્મને નામે વિભાજન કરવું. આમાં તેઓ સફળ થયા, તેમણે હિન્દુ અને મુસ્લિમ એમ બે ભેદ પાડ્યા, તેમણે હિન્દુ કે જે પ્રજાવાચક શબ્દ હતો અને તેથી હિન્દુસ્તાનના મુસ્લિમો પણ પોતાને હિન્દુ (હિન્દુસ્તાની) કહેવડાવતા. તેમણે એવી વાહિયાત વાત કરી કે હિન્દુ

એ પ્રજા નથી પરંતુ હિન્દુ એ તો એક ધર્મ છે. જે હિન્દુ (વૈદક) ધર્મને પાળે તો તે જ હિન્દુ કહેવાય. તમે લોકો તો ઇસ્લામ ધર્મને પાળો છો માટે તમે હિન્દુ ન કહેવાઓ, તમે તો મુસ્લિમ કહેવાઓ.

આમ, ભારતીય તરીકેની એક પ્રજાના બે ટુકડા થયા. પછી સ્વતંત્ર ભારતમાં આ વિભક્તિની પરંપરા આગળ વધી. આનાથી સૌ પ્રથમ શીખધર્મ પાળતા હિન્દુ શીખ લોકો હિન્દુ પ્રજાજનથી જુદા પડ્યા. ગુરુ ગોવિન્દસિંહે શીખોને કટ્ટર હિન્દુ બનાવી બહારના મુસ્લિમો સામે જબ્બર ટક્કર લીધી હતી. પરંતુ ધર્મ અંતર્ગત વિભાજનની આ પરંપરાનું પરિણામ કેટલું ભયંકર હતું તે, ઇન્દિરા ગાંધીની હત્યા પછી હિન્દુ અને શીખોમાં કેવું વૈમનસ્ય ફેલાયું હતું તે જોવાથી જાણવા મળ્યું. બંધારણની ૨૫મી કલમમાં જે બૌદ્ધો અને શીખોને હિન્દુ તરીકે ગણાવાયા હતા તેમાંથી તેમને જુદા પડાયા. દોઢ કરોડ શીખ હિન્દુઓ વિરાટ હિન્દુ પ્રજાથી અળગા પડી ગયા. હવે તે ખાલિસ્તાનની માગણી કરે છે. હવે લઘુમતીને નામે જૈનોને અલગ કરી દેવાની વાત છે. આ પરંપરાથી ભાવિમાં શૈવો, લિંગાયતીઓ, વૈષ્ણવો અને સ્વામીનારાયણ સંપ્રદાય પણ હિન્દુ પ્રજાથી અલગ થવા આંદોલનો ચલાવશે. જેમ કે, રામકૃષ્ણ મિશનના અનુયાયીઓએ પોતાને હિન્દુઓથી અળગા જાહેર કરવા સુપ્રિમ કોર્ટમાં અરજી પણ કરી હતી જે ફગાવી દેવામાં આવી છે.

જૈન, શીખ, વૈદિક કે સનાતનધર્મને પાળતા ભારતીય લોકો હિન્દુ જ છે.
હિન્દુ શબ્દ સમજાવતા શાસ્ત્રકાર પરામર્શિએ જણાવ્યું છે કે,
हिंसा या दयते नित यस्य स हिन्दु ।
જેનું ચિત્ત કોઇની હિંસાથી દુભાય તે હિન્દુ
हिण्डयते भवाद भवं इति यो मन्यते स हिन्दु !
એક ભવમાંથી બીજા ભવમાં જવાનું છે તેવું જે માને તે હિન્દુ.
ઉપરોક્ત બન્ને વ્યાખ્યાઓ પ્રમાણે તો જૈનધર્મ પાળતા લોકો પણ હિન્દુ જ કહેવાય.

હિન્દુ એ પ્રજાવાચક શબ્દ છે. આ પ્રજાના ધર્મો અનેક છે. પ્રજાવાચક શબ્દને ધર્મવાચક શબ્દ બનાવીને ગૂંચવાડો વધારી દેવામાં આવ્યો છે.

વૈદકધર્મી કે સનાતનધર્મી લોકો કહે છે ને કે, અમે ધર્મથી વૈદિક છીએ પણ પ્રજાથી તો અમે હિન્દુ છીએ. એમ જૈનો ધર્મથી જૈન છે, પરંતુ પ્રજાથી તો હિન્દુ જ છે.

કેટલાક જૈનોને ડર લાગે છે કે, જો આપણે હિન્દુઓની સાથે રહીશું તો આપણો ધર્મ હિન્દુ ધર્મનો ફાંટો જ છે અને સ્વતંત્ર ધર્મ નથી એ વાત મજબૂત થશે. જો બંધારણની ૨૫(૨)મી કલમનું ખરું અર્થઘટન કરીએ તો સ્પષ્ટ થશે કે જૈન ધર્મને સ્વતંત્ર ધર્મરૂપે સ્વીકારવામાં આવ્યો છે. વળી સુપ્રિમ કોર્ટના ૧૯૯૩ના જજમેન્ટમાં જૈન ધર્મ એ હિન્દુઓની વૈદિક પરંપરાથી પણ ખૂબ જૂનો અને સાવ સ્વતંત્ર ધર્મ છે જસ્ટિસ રાંગણેકરે સ્પષ્ટ રૂલિંગમાં જણાવ્યું છે. જેથી એ બાબતનો ભય રાખવા જેવો નથી જ ઉપરાંત મદ્રાસ અને દિલ્હીની કોર્ટમાં પણ આ રીતના ચુકાદા આવેલ છે.

લઘુમતીનો પ્રશ્ન કાનૂની સ્વરૂપનો છે એ વાત સ્વીકારતી વખતે આપણે એ પણ ન ભૂલવું જોઇએ કે લઘુમતીની વાત ધાર્મિક, સાંસ્કૃતિક, સામાજિક, શૈક્ષણિક અને રાજકીય પરિબળોને દૂરગામી અસર કરતી કાનૂની સ્વરૂપની છે.

છેલ્લે સુપ્રિમ કોર્ટનો ચુકાદો આવ્યો તે પ્રમાણે ૫૦ ટકાથી ઓછી વસતીવાળી જે ધાર્મિક કોમ હોય તેને લઘુમતી ગણવી જોઇએ એ પ્રમાણે જૈનોને લઘુમતીનો દરજ્જો આપવાના સ્વીકાર થયો. આ માન્યતાને સ્વીકારવી કે નહીં તે જૈનોની મરજી ઉપર છે.

લઘુમતી સ્વીકારવાથી સરકારનું શું સંરક્ષણ મળે છે તે જોવું રહ્યું અને ભૂતકાળમાં લઘુમતી સ્વીકારી છે તેવા ધર્મસમૂહને કેવું અને કેટલું મળ્યું છે અને આઝાદી પછીના પચાસ વર્ષોમાં એ ધર્મ કે એનો કેટલો વિકાસ થયો છે તેનો અભ્યાસ કરવો રહ્યો.

લઘુમતીની વ્યાખ્યા બંધારણે કરી નથી. (૧૯૬૪-૬૫) કેરળની સ્કૂલનો કેસ સુપ્રિમ કોર્ટમાં ગયો. સુપ્રિમ કોર્ટે પણ ૫૦ ટકાથી ઓછી વસતી હોય તેને લઘુમતી કહેવાય તેમ કહેલું.

૧૯૯૨માં ભારત સરકારે નેશનલ કમિશન માયનોરીટી એકટ પ્રસાર કર્યો જે પ્રમાણે કેન્દ્ર સરકાર જેને માયનોરીટી તરીકે નોટીફાય કરે તે લઘુમતી ગણાય. લઘુમતી પંચમાં એક ચેરમેન અને ૬ સભ્યો હોય છે. આ પંચને ખાસ કોઇ સત્તા આપવામાં આવેલી નથી. તેને બંધારણની જોગવાઇનો અમલ થાય છે કે નહીં તેનું નિરીક્ષણ કરી રિપોર્ટ આપવાનો હોય છે.

આલુદસ્તુરને પંચમાંથી મતભેદો થવાને કારણે કાઢી મૂકયા. રાજીનામું આપ્યું. પંચના ચેરમેન પહેલાં બેગ હતા અને બીજા અન્સારી, પંચ સરકારી ગાડીઓમાં ફરે અને સરકાર પર વહીવટી ખર્ચનો બોજો વધારે છે. હ્યુમન રાઇટ્સ જેવા બહારના દબાણને વશ થઇ સરકારે પંચ બનાવ્યું. પરંતુ તેના કાર્યમાં કોઇ ભલીવાર નથી. મતભેદોને કારણે રિપોર્ટ બરાબર તૈયાર થતા નહીં અને પછી રાજીનામું આપવું પડે, મોડે મોડે ય પ્રગટ થતાં રિપોર્ટથી જાણી શકાય. છે કે લઘુમતી પંચની કામગીરી બરાબર નથી. આ પંચ ભારતનું ભલું કરી શકે તેવું દેખાતું નથી.

હાલના અધ્યક્ષ ડૉ. તાહિર મેહમુદ છે અને તેના અન્ય સાત સભ્યો છે. બંધારણની કલમ ૩૦(૧) અનુસાર ધાર્મિક લઘુમતી પ્રાપ્ત કરવા કેટલાક દિગમ્બર જૈન ભાઇઓએ હિલચાલ શરૂ કરી, તેના પ્રતિસાદરૂપે કર્ણાટકના નેમિનાથ કે. જૈનને લઘુમતી પંચના સભ્ય તરીકે નિયુકત કરવામાં આવ્યા છે.

આ લઘુમતીના પ્રશ્ને જૈનોમાં અસંતોષ પ્રવર્તે છે. કારણ કે, ગણ્યાગાંઠયા જૈનોની અરજી પર સરકાર અયોગ્ય રીતે વિચારણા કરી રહી છે. આજના અને ભવિષ્યના સમાજને સ્પર્શતો આવો મહત્ત્વનો નિર્ણય લેવાનો અધિકાદેશ અને દુનિયામાં પ્રસરેલ પ્રત્યેક જૈનનો પ્રતિધ્વનિ હોવો જોઇએ. માત્ર બે પાંચ વ્યકિતના અભિપ્રાયો સમાજને ગેરમાર્ગે દોરી શકે. સમગ્ર જૈનોને પ્રતિનિધિઓને વિશ્વાસમાં લીધા વિના સરકાર જૈનો પર લઘુમતી ઠોકી બેસાડે તે કેટલું વ્યાજબી છે ? આમાં જૈનોની મહાજન સંસ્થાઓ, મહાસંઘ કે પરિષદ અને મહામંડળોને વિશ્વાસમાં લીધા નથી.

જૈનસંઘ શ્રમણપ્રધાન છે, જૈનસંઘોને સ્પર્શતા નિર્ણયો લેવાનો અધિકાર, તેમાં યથાયોગ્ય માર્ગદર્શન આપવાનું કામ ગુરુ ભગવંતો એટલે સાધુભગવંતો કરતાં હોય છે. જૈન સાધુઓ સમગ્ર ભારતમાં પાદવિહાર કરતાં હોઇ એટલે ભેગા થઇને આવી ચર્ચાઓ કે નિર્ણયો જલ્દી કરી શકે તે બનતું નથી. સામાન્ય રીતે તેઓ ધર્મના અનુષ્ઠાનો અને સ્વાધ્યાયમાં રત હોય છે. પરંતુ ચતુર્વિધસંઘનું એ એક ખૂબ જ અગત્યનું અંગ હોઇ તેની ઉપેક્ષા તો થઇ શકે જ નહીં. વળી જૈનોને લઘુમતીમાં મૂકવાની માગણી કેન્દ્ર સરકારને કરવામાં આવી ? કે રાષ્ટ્રીય લઘુમતી પંચને કરવામાં આવી ? જે પત્ર દ્વારા આ માગણી મૂકવામાં આવી હોય તે પત્રની નકલ દરેક સંઘને અને સમુદાયના વડા આચાર્યશ્રીને મોકલવી જોઇએ.

જૈનોની પ્રાચીનપરંપરાઓનો ગૌરવશાળી ઇતિહાસ છે. કેટલાય સંઘર્ષ અને ઝંઝાવાત સામે પણ આ ધર્મ અડીખમ ઊભો છે. મેરૂ જેવા અડગ અને શક્તિશાળી જૈનોને લઘુમતીની છત્રી કેવું અને કેટલું રક્ષણ પૂરૂં પાડશે તે વિચારવું રહ્યું.

માનવ છત્રી થતી કાગડો, સાચું છત્ર પ્રભુનું એ ન્યાયે શાસન દેવ, જિનશાસન ધર્મ અને તીર્થોનું રક્ષણ કરી શકે. જરૂર છે, શાસન પ્રતિ સમર્પિત ભાવ, શ્રદ્ધા અને સંગઠનની.

માત્ર દેખીતા અને તાત્કાલિક મળતા લાભો જોઇ દૂરંદેશી વાપર્યા વિના કોઇ નિર્ણય લઇશું તો ભવિષ્ય માટે ખતરનાક સાબિત થઇ શકે.

હજારો વર્ષ જૂની ભારતીય સંસ્કૃતિ અને શ્રમણ સંસ્કૃતિનો ઇતિહાસ તપાસીશું તો આપણને જણાઇ આવશે કે, વૈદિક, સનાતન અને જૈનધર્મ અને સંસ્કૃતિમાં ઓતપ્રોત ઐક્ય અને કેટલું સામ્ય છે.

જૈન એ કોઇ કોમ નથી ધર્મ છે. કોઇપણ કોમની વ્યક્તિ જૈન ધર્મના આચાર પાળે અને તે ધર્મના સિદ્ધાંતોનું પાલન કરે તો તેને **જૈન** કહી શકાય.

જૈન ધર્મના તમામ તીર્થંકરો ક્ષત્રિયો હતા, ભગવાન મહાવીરના મોટાભાગના ગણધરો અને સાધુઓ બ્રાહ્મણ હતા. આચાર્ય હરિભદ્રસૂરી અને સિદ્ધસેન દિવાકર જેવા મહાન સંતો બ્રાહ્મણ હતા. જૈન ધર્મની ૧૬ સતીઓ અને ત્રિષષ્ઠીસલાકા પુરુષના ચરિત્રો અન્ય ભારતીય દર્શનના ધર્મગ્રંથોના ચરિત્ર સાથે મળતા આવે છે. દેરાસરોનાં સ્થાપત્યો અન્ય મંદિરોનં સ્થાપત્યો અને શિલ્પોને મળતા આવે છે.

ભારતીય સંસ્કૃતિના પ્રતીક ગણાતા સોમનાથ મહાદેવના મંદિરનો જિર્ણોદ્ધાર પણ જૈનોના અત્યંત આદરણીય મહારાજા કુમારપાળે આજથી લગભગ ૮૦૦ વર્ષ પૂર્વે કરાવ્યો હતો.

જૈન દાનવીરોએ ભારતભરની શૈક્ષણિક, તબીબી, ધાર્મિક અને સામાજિક સંસ્થાઓને સમૃદ્ધ કરી છે. જગડુશા અને જાવડશા જેવા જૈન દાનવીરોએ દુષ્કાળના સમયમાં, હિન્દુસ્તાનની સમગ્ર પ્રજા માટે અનાજના કોઠારો ખુલ્લા મૂકી દીધા હતા. જૈનો આદર આપનાર ઉદાર મતના છે. ભારતના અન્ય ધર્મના દેવ-દેવીઓના ચિત્રો કે મૂર્તિઓને આદર આપે છે.

જૈન દેરાસરો - મંદિરોમાં બ્રાહ્મણો પૂજા કરાવે છે. પાદવિહારમાં જૈન સાધુઓને અન્ય ધર્મના મંદિરોમાં રાતવાસો આદરથી કરાવાય છે.

જીવદયા ગૌશાળા અને શાકાહારની પ્રવૃત્તિમાં જૈનોને હિન્દુ પ્રજાના અન્ય ધર્મીઓએ હંમેશાં ટેકો આપ્યો છે અને આ બાબતમાં જૈનોએ ભારતની કોઇપણ ધર્મની સંસ્થાઓને સહાય કરી છે.

લોક તહેવારોની પર્વશૃંખલામાં જૈનોએ પોતાના લોકોત્તર પર્વો પાળવાની સાથે ભારતના અન્ય ધર્મો વૈદિક કે સનાતન ધર્મોના લૌકિક પર્વો પણ વહેવારિક રીતે પાળે છે. લગ્ન જેવા પ્રસંગમાં પણ મહદ્ અંશે વૈદિકવિધિ સાથે ક્રિયાકાંડોમાં બ્રાહ્મણોનો સ્વીકાર કર્યો છે. મૃત્યુ પછીના અંતિમસંસ્કાર પણ હિન્દુ સ્મશાનભૂમિમાં થાય છે.

જૈન એ ધાર્મિકતાસૂચક શબ્દ છે. વીસા-શ્રીમાળી, દશા-શ્રીમાળી, પોરવાડ-ઓસવાળ એ જ્ઞાતિસૂચક શબ્દો છે. હિન્દુ પ્રજાસૂચક શબ્દ છે. જૈનોને લઘુમતીમાં મૂકવાની માગણી કરી એટલે જૈનધર્મને લઘુમતીમાં મૂકવાની માગણી કરી - કારણ કે, જૈન એ ધાર્મિકતાસૂચક શબ્દ છે. સંખ્યાની દષ્ટિએ એક કરોડથી ઓછા જૈનધર્મના અનુયાયીઓ લઘુમતીમાં છે જ, પરંતુ તે કાંઇ લઘુતાની વાત નથી પરંતુ કાલ્પનિક લાભો મેળવવા માટેની ગણતરીથી જૈનોને લઘુમતીમાં મૂકવાની માગણી કરવી તે જૈનોના ગૌરવને હણવા સમાન બનશે. વળી દશા-શ્રીમાળી નામની જ્ઞાતિમાં લોકો જૈન, વૈષ્ણવ અને સ્વામિનારાયણ ધર્મ પાળે છે. વૈષ્ણવ અને સ્વામિનારાયણ ધર્મ પાળતા આ જ્ઞાતિબંધુઓને જૈનો સાથે દીકરા-દીકરી વરાવવા પરણાવવાનો પણ વહેવાર છે. આવા સંજોગોમાં જૈનોને હિન્દુ પ્રજાના અન્ય ધર્મોથી અલગ કરવા તે કેટલું વ્યાજબી લેખાય તે વિચારવું રહ્યું.

વિશ્વ હિન્દુપરિષદે આનો સખત વિરોધ કર્યો છે. અશોકસિંઘલે કહ્યું છે કે, "વિશ્વહિન્દુપરિષદ અને તેના સાથી સંગઠનો એટલે કે આર.એસ.એસ., ભાજપ, બજરંગ દળ, શિવસેના વગેરે આ ચાલને સફળ થવા નહીં દે. કારણ કે જૈનોને લઘુમતીનો દરજ્જો આપવા પાછળ હિન્દુ કોમના ભાગલા પાડવાની ચાલબાજી છે...સેકયુલારીઝમના આ દેશમાં વળતાં પાણી થઇ રહ્યા છે અને ભારતમાં એક હિન્દુ સરકાર આવશે જ, જે લાંબા સમય સુધી દેશ પર રાજ કરશે."

આ વાત પર ગહન ચિંતન કરવા જેવું છે કે અન્ય હિન્દુઓનો પ્રેમ અને વિશ્વાસ ગુમાવવા સાથે દેશમાં એક જબરજસ્ત સાંસ્કૃતિક તિરાડ પડવાની શકયતા નકારી શકાય નહીં. રાજકીય લાભ ખાટવાવાળાની ભાગલા પાડો ને રાજ કરોની નીતિના જૈનો તો ભોગ બનતા નથી ને ? તે વિચારવું રહ્યું.

ભારતને આઝાદી મળ્યા બાદ લઘુમતી કોમની યાદી બનાવતી વખતે એ સમયના જૈન અગ્રણીઓ શેઠ અચલસિંહ જૈન - અહમદનગર, મુંબઇ વિધાનસભા એ સમયના સ્પીકર કુંદનમલ ફિરોદીયા, સોલિસીટર ચીમનલાલ ચકુભાઇ શાહ, જૈનાચાર્ય આગમમનીષી પૂ. પુરુષોત્તમજી મહારાજ, સૌરાષ્ટ્ર કેસરી પૂ.પ્રાણલાલજી મહારાજ વગેરેએ

રાષ્ટ્રીય સરકારને સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, જૈન સમાજ લઘુમતી કોમમાં પોતાની ગણના થાય તેમ ઇચ્છતો નથી. જૈનસમાજ રાષ્ટ્રનું આભૂષણ છે અને તે સ્થાન જાળવી રાખવા માગે છે. હાલમાં જૈનોના વિદ્વાન સાધુઓ પૂજ્ય પંન્યારા ચંદ્રશેખરવિજયજી મ.સા., પૂ.મુનિશ્રી જંબૂવિજયજી મ.સા. તથા પૂ. જનકમુનિ મ.સા., શ્રવણ બેલગોડા (મૂડબીદ્રીના ભટ્ટારક) દિગંબર અગ્રણી વીરેન્દ્ર હેગડે, મધ્યપ્રદેશના ભૂતપૂર્વ મુખ્યમંત્રી સુંદરલાલ પટવા વગેરે અનેક જૈન અગ્રણીઓ લઘુમતી માન્યતાને યોગ્ય ઠેરવતા નથી.

આ વિષયના વિશ્લેષણના સમાપનમાં આપણે બે મુખ્ય મુદ્દાની ચર્ચા કરીશું.

લઘુમતીની માન્યતાથી જૈનોને નોકરીઓના અનામતના કે અન્ય કોઇ આર્થિક લાભો મળવાના નથી જ તે આપણે કાનૂની સ્વરૂપની ચર્ચામાં સ્પષ્ટ કરી ગયા છીએ.

લઘુમતી સ્ટેટસમાં દેખીતા બે આંશિક લાભ જોઇ શકાય છે.

(૧) શૈક્ષણિક સંસ્થાની સ્થાપના અને વહીવટી સ્વાયતત્તા.

(૨) તીર્થરક્ષા અને તેના માલમિલકતની જાળવણી બાબતે લઘુમતી પંચને અરજી કરી કોર્ટમાં તે અંગે નિવેદન, ભલામણ કરવાનો અધિકાર. જૈનો વેપારી વાણિયા છે તત્કાલીન બે નાનકડા લાભો સામેના નુકસાનના નફા-તોટાનું સરવૈયું જરૂર કાઢે.

અહીં એ જાણવું અગત્યનું છે કે માયનોરીટી કમિશન પાસે કોઇ સત્તા નથી. તે માત્ર બંધારણની જોગવાઇના પાલનનું નિરીક્ષણ કરી અને સંબંધિત કલેકટરને અને અથવા ન્યાયાલયને ભલામણ કે નિવેદન માત્ર કરી શકે છે. બંધારણે સંપત્તિના રક્ષણની કોઇ બાંહેધરી નથી આપી.

૧૩ કરોડની સંખ્યા ધરાવતી મુસલમાનોની ધાર્મિક લઘુમતીની ધાર્મિક ઇમારત બાબરી મસ્જિદનું, લઘુમતીપંચ નિરાકરણ લાવી શકી નથી. તે આપણે સૌ જાણીએ

જૈનોનું સંગઠન અને એકતા આ પ્રશ્નનું ઉત્તમ રીતે નિરાકરણ લાવી શકે. ચારે ફીરકાના ચાર માન્યસંઘપતિઓ અને માન્ય આચાર્યો નેતાગીરીના શૂન્યાવકાશને પૂરી આ અંગે સાચું માર્ગદર્શન આપી શકે. લઘુમતી સ્વીકારતા પહેલાં સાંપ્રદાયિક અને આંતરિક મતભેદો ભૂલી સંગઠિત થવું જૈનો માટે પ્રાથમિક આવશ્યક અને તાકીદનું છે.

સંગઠન, તીર્થસ્થાનોની રક્ષા, માલિકી જાળવણી, તિથિ, દેવદ્રવ્ય, શિથિલાચાર વગેરે પ્રશ્નોના નિરાકરણ લાવવા મદદ કરી શકશે. વળી સંગઠન હોય તો તેના દ્વારા હિંસા, વિરોધ, શાકાહાર, જાહેર રજા, જૈનસાહિત્યને અભ્યાસક્રમમાં સ્થાન, ટ્રસ્ટ, શૈક્ષણિક અને ધાર્મિક બાબતમાં સરકારી વહીવટીતંત્રની દખલગીરી સામે વિરોધ વગેરે બાબતોમાં જૈનોના અવાજનું વજન પડશે.

સમગ્ર ભારતમાં, તપોવન જેવી સો સંસ્થાઓની સ્થાપનાની આવશ્યકતા છે. જે કેળવણી ક્ષેત્રે પાયાનું કામ કરશે. વિનિયોગ પરિવાર, મહાજનમ્ અને વર્ધમાન સંસ્કૃતિધામ જેવી અનેક સંસ્થાઓ કાર્યરત બનશે તો જન-જાગરણનું સુંદર અભિયાન થઇ શકશે.

રાષ્ટ્રની તિજોરીમાં કર ભરવામાં જે મોખરે છે. બુદ્ધિવૈભવ, દયા અને કરુણા જેને વારસામાં મળી છે. તેવા ભગવાન મહાવીરના અનુયાયીઓ લઘુમતીના દરજ્જા સિવાય પણ સરકાર પાસે ધાર્યા કામ કરાવી શકે - જો સંગઠનની પ્રચંડ તાકાત હોય તો !

માત્ર લઘુમતી મળવાથી જૈનધર્મનું વિશિષ્ટ સ્વરૂપ કે આગવી પ્રતિભા જળવાઇ રહેશે એવું નથી, તમામ જૈનોનું સંગઠન અને પ્રત્યેક જૈનનું શ્રાવકાચાર પાલન, શ્રમણ - સંસ્કૃતિની અસ્મિતાને પ્રતિભાવંત અને અખંડ રાખશે. એકતા અને સંગઠનમાંથી પરાવર્તિત થઇને આવેલો પ્રચંડ અવાજ જ આ પ્રશ્નનું કાયમી નિરાકરણ કરી શકે અને તે જ સમગ્ર જૈન સમાજના હિતમાં કલ્યાણકારી હશે.

## માનવધર્મના મંદિરમાં જીવદયાની પ્રતિષ્ઠા કરીએ
## સમય ચિંતન

વિશ્વની તમામ ધર્મપરંપરાએ અહિંસા, દયા અને કરુણાનો ધર્મના અવિભાજ્ય અંગરૂપે સ્વીકાર કર્યો છે. માનવીની શ્રદ્ધાના કેન્દ્રસ્થાને ધર્મ રહ્યો છે એ ખરું. પરંતુ સાંપ્રત યુગના વિકસતા દ્દષ્ટિકોણના પરિપ્રેક્ષ્યમાં શ્રદ્ધાને જીવનમાં પ્રતિષ્ઠિત કરતાં પહેલા માનવી તર્ક, પ્રમાણ, અનુભૂતિ, દૃષ્ટાંત, વૈજ્ઞાનિક અને મનોવૈજ્ઞાનિક સંદર્ભમાં ધર્મના દરેક પાસાનો અભ્યાસ કરે છે.

ધર્મનું પ્રવર્તન કરનારા ધર્મપ્રવર્તકો તમામ સંતો અને ચિંતકોએ પ્રાણી માત્ર પ્રત્યે દયા, કરુણા, પ્રેમ, વાત્સલ્ય, મૈત્રી, સહિષ્ણુતા અને ભાઈચારાનો ઉપદેશ આપ્યો છે. કોઈપણ ધર્મના નિયમો કે સિધ્ધાંતો અન્યાય, અનૈતિકતા ક્રૂરતા અને નિર્દયતાને પ્રોત્સાહન નથી જ આપતા પરંતુ આનો અસ્વીકાર કરે છે.

ઐતિહાસિક દૃષ્ટિથી ધર્મપરંપરાનું અવલોકન કરતાં જણાશે કેટલાક ક્ષેત્રોમાં ધર્મની માન્યતાઓમાં વિકારનું પ્રવેશવું અને આવી વિકૃતિ થઈ અને પુનઃધર્મની શુદ્ધિ થવાના પ્રસંગો બન્યા છે. જ્યારે જ્યારે આવું બન્યું છે ત્યારે પ્રજ્ઞાવાન ચિંતનશીલ મહાપુરુષોએ સમ્યક્ પુરુષાર્થને બળે સમાજમાં ધર્મની પુનઃ પ્રતિષ્ઠા કરી છે.

હિંદુ પરંપરામાં પણ એક સમયે યજ્ઞમાં પશુબલિ દ્વારા હિંસા ચરમસીમાએ પહોંચી હતી ત્યારે મહાવીર અને બુદ્ધ જેવા મહાપુરુષોએ જનજીવનમાં અહિંસાની ધ્વજા ફરકાવી આમ શ્રમણ સંસ્કૃતિએ ભારતીય સંસ્કૃતિમાં અહિંસાના સ્થૂળ અને સૂક્ષ્મ વિચારનાં આંદોલનો પુનઃ પ્રવાહિત કર્યાં.

ચૈત્ર સુદ ૧૩ તારીખ ૨૯-૩-૯૯નો દિવસ એટલે અહિંસાના અવતાર ચરમતીર્થંકર ભગવાનમહાવીરના જન્મકલ્યાણકનો દિવસ.

વિશ્વના તમામ જીવો માટે જેમનું જીવન કલ્યાણકારી હતું અને જેમણે પોતાના સમગ્ર સાધનામય જીવનમાં વિશ્વના જીવોના કલ્યાણ અને મંગલ માટે કામના કરી હતી એટલે તેમના જન્મદિનને 'જન્મકલ્યાણક'રૂપે ઉજવવામાં આવે છે. મહાપુરુષોના જન્મદિનને જન્મજયંતી પણ કહીએ છીએ. કારણ કે તે સિદ્ધ અજન્મી બની ગયા. ભવપરંપરાથી મુક્ત બન્યા એટલે હવે તેની જન્મતિથિ બદલાવાની નથી માટે જન્મજયંતીરૂપે પણ ઉજવીએ છીએ.

મહાવીરજયંતીના આ દિવસે સરકાર અહિંસા દિવસના રૂપમાં મનાવે છે. આ દિવસે કાયદેસર પશુવધનો નિષેધ છે. યોગાનુયોગ આ દિવસે બકરી ઈદ પણ છે. પરંપરાગત ઈસ્લામ ધર્મમાં માનવાવાળા મુસલમાન ભાઈઓ ઈદને દિવસે બકરાની કુરબાની દેવાનું માને છે.

સહઅસ્તિત્વનો સ્વીકાર જ્યારે ધર્મનો પાયો છે, ત્યારે ઈસ્લામ ધર્મ કુરબાનીની ક્રિયાનો સ્વીકાર કરે છે કે નહિ તે સહચિંતનનો વિષય છે.

અલ્લાહે એક દિવસ પોતાના પરમભક્ત હજરત પાસે તેની સૌથી વધુ પ્રિય ચીજની કુરબાની માંગી, અલ્લાહે તો ભક્તની માત્ર પરીક્ષા-કસોટી કરવા આ માગણી કરી, હજરતને પોતાના પુત્ર ઈસ્લામ અલૈહિસ્સલામ પ્રાણપ્યારો હતો. ભક્તે પોતાના જીગરના ટુકડા સમાન પ્રિય પુત્રની કુરબાની આપવા ખંજર ઊંચું કર્યું, પરંતુ ચમત્કાર થયો. ખંજર પુત્રની ગરદનને બદલે એક પશુની ગરદન પર હતું. અલ્લાહે પોતાના બંદાના પુત્રને બચાવવા એક ફરિશ્તા દ્વારા એક પશુને હજરતની સમક્ષ મૂકી દીધું. આ દંતકથા કે ઈસ્લામ ધર્મ કથાનકના આધાર માત્રથી કુરબાનીની પરંપરા ચાલી અને આજે લાખો - કરોડો પશુઓની કુરબાની કરવામાં આવે છે.

પયગમ્બર હજરત મોહમ્મદ એક મહાન સંત પુરુષ હતા. તેમનું જીવનવૃત્તાંત વાંચતા જણાશે કે તે પશુઓને પોતાને હાથે ખવરાવતાં "ઈસ્લામ દર્શન"માં વિદ્વાન ઈસ્લામભાઈ નાગોરી નોંધે છે કે પયગમ્બર સાહેબ ઊંટને માલિશ પણ કરતાં આ પ્રસંગ તેમના અબોલપશુ પ્રત્યેના પ્રેમના દર્શન કરાવે છે.

કુરાનમજીદમાં અલ્લાહે ફરમાવ્યું છે કે "જીવિત સર્વ પ્રાણીઓને દુનિયામાં રહેવાનો પૂરો અધિકાર છે. ખુદાએ જેને પેદા કર્યા છે તે તમામ જીવોને જીવવાનો અધિકાર છે. જે અન્ય જીવો પર રહેમ-દયા કરે છે તે પોતાની જાત પર પણ દયા કરે છે. કારણ કે ખુદાએ તમારા પર મોટી મહેરબાની કરી છે. જાનવરોને મારીને ખેતીની તબાહી કરવાનું ખુદાને મંજૂર નથી. અલ્લાહ આવી ખરાબી પસંદ કરતા નથી. રસુલુલ્લાહે પશુઓને ચીરવા કે કોઈ ગરમ વસ્તુથી તેના પર નિશાન લગાડવા (ડામદેવા) પર સખ્ત મનાઈ ફરમાવી છે. એકવાર તેમણે એક ગધેડાના ચહેરા પર અગ્નિ દ્વારા દેવાયેલા ડામનું નિશાન જોતા દુ:ખ વ્યક્ત કરી કહ્યું કે જેમણે આ કૃત્ય કર્યું છે તે ખુદાના આશીર્વાદથી વંચિત રહેશે." જ્યારે નબી ૬૨૨ ઈસ્વીમાં મક્કા મદીના ગયા ત્યાં લોકો પશુના અંગો, પૂંછડા વ. કાપતાં હતા. પાક રસુલે આ જોઈ પારાવાર દુ:ખ વ્યક્ત કરી આ જંગલી કૃત્યને સદંતર બંધ કરાવ્યું.

કુરઆને હકીમની સૂરત અલહજ ૩૨:૨૨માં સ્પષ્ટ કહેવાયું છે કે "મનુષ્યનું માંસ કે રક્ત ખુદા સુધી પહોંચતું નથી. પહોંચે છે ફક્ત ત્યાગ અને દયા." વળી ઈસ્લામધર્મ લોહીના ઉપયોગની વિરુધ્ધ છે. હકીકતમાં રક્ત અને માંસને સંપૂર્ણ અલગ કરી શકાતા નથી. આ દૃષ્ટિએ ઈસ્લામધર્મ માંસાહારની તરફેણ કરતો નથી.

ઈસ્લામિક મેડિકલ એસોશિયેશનના પ્રતિનિધિ ડૉ. એ. એમ. કાલમેના મત પ્રમાણે માંસાહાર કુરાનમાં કાનૂનનું સ્પષ્ટ ઉલ્લંઘન છે.

જૈનાચાર્ય હીરવિજયજી મહારાજના ઉપદેશ અને આચરણના પ્રભાવથી અકબરે માંસાહારનો ત્યાગ કર્યો હતો. બાદશાહ અકબર દ્વારા સ્થાપિત મત દીન-એ ઈલાહીમાં માંસાહાર અને જીવહત્યાની મનાઈ ફરમાવવામાં આવી છે. ઈ.સ. ૧૫૮૧ના દિન-એ-ઈલાહીના ફતવામાં દરેક પ્રકારની પશુહિંસાને પાપ ગણવામાં આવ્યું છે.

ઈસ્લામના સંતો જેને સૂફી ફકીર તરીકે ઓળખવામાં આવે છે આ સૂફી ફકીરો ક્યારેય માંસાહાર કરતાં નથી.

રસુલલ્લાહે એક પ્રસંગ ટાંકતા જણાવ્યું છે કે એક ગણિકાએ ભયંકર ઉનાળાની ગરમીના સમયમાં એક તરસ્યા કૂતરાને પાણી માટે તડપતો જોયો આ કૂતરો કૂવા કાંઠે પોતાની જીભ બહાર કાઢી વ્યાકુળતાથી આંટા મારતો હતો. ગણિકાએ આ જોઈ પોતાના મોજાં કાઢી કૂવાના પાણીમાં ઝબોળી કૂતરાના મુખમાં નીચોવી તેની તરસ છીપાવી. સંત કહે છે કે આ કૃત્યથી ગણિકાના બધાં પાપ ઈશ્વર માફ કરી દેશે. બીજી બાજુ પશુવધથી ઈશ્વરનો કાનૂન કેવી સજા કરે એ પણ વિચારવું રહ્યું.

પાંચ સમયની નમાજ મુસલમાનો માટે પાંચ પવિત્ર ફરજમાંની એક છે. રસુલ્લાહના સાથી મિત્રના જણાવ્યા પ્રમાણે, નમાજના સમયને મોડું થતું હોવા છતાં પણ જનાવરોને પાણી કે ખાવાનું આપવાનું પુરું કર્યા પછી જ ખુદાની બંદગી માટે જતાં. ઈસ્લામદર્શનમાં માનવીય ગુણોને-રહમ (દયા)ને પ્રાધાન્ય આપેલું છે. ઈસ્લામધર્મમાં પશુઓ પ્રતિ પ્રેમ-દયા કરુણા અને અનુકંપાના અસંખ્ય દષ્ટાંતો જોવા મળે છે.

ઘણીવાર ધાર્મિક પરંપરાઓનું ઉદ્‌ભવસ્થાન દેશ-કાળની પરિસ્થિતિને સંદર્ભે થતું હોય છે માત્ર એક લોટી પાણીમાં મુસલમાન હાથ-પગ મોઢું યોગ્ય અને સારી રીતે ધોઈ લે છે. આ ઈસ્લામિક નિયમબદ્ધ શૌચક્રિયા છે. નિયમનું પાલન ન કરવાવાળા માટે કદાચ આટલી સફાઈ માટે એક બાલદી પાણી પણ ઓછું પડે. પ્રશ્ન થાય છે કે આ નિયમ કેમ બન્યો? ઈસ્લામ ચિંતક એટવોકેટ સલમાન અર્શદના માનવા પ્રમાણે દેશ-કાળ અને વાતાવરણના સંદર્ભે ઈસ્લામધર્મ સર્વપ્રથમ આરબ જગતમાં ફેલાયો. ત્યાં પાણીની તંગી હતી એટલા માટે આ નિયમ આવશ્યક હતો. આપણે જાણીએ છીએ કે આરબ જગતમાં માનવીની જરૂરિયાત કરતાં અનાજ ઓછું ઉત્પન્ન થતું એ પરિસ્થિતિમાં કદાચ માંસાહાર શરૂ કરવામાં આવ્યો હોય એ પરંપરા આજે પણ ચાલી રહી છે.

હકીકતમાં તેલની વિપુલ ઉત્પાદનને કારણે આજે તો આરબ દેશ બધી રીતે સમૃદ્ધ છે. આ સમૃદ્ધિ કોઈપણ માનવીય જરૂરિયાતો પૂરી કરવા સમક્ષ છે. વિશ્વના

સાંપ્રતજીવન પ્રભાવમાં અનાજ કે શાકાહારના વિકલ્પરૂપે કોઈને પણ માંસાહાર કરવા વિવશ બનવું પડે તેવી ક્યાંય પણ પરિસ્થિતિ નથી માત્ર આપણી રસલોલુપતા સંતોષવા કે આપણા શોખને પોષવા અન્યના જીવનના અધિકાર છીનવી લેવાની વાત ધર્મના સંદર્ભે કેટલીક સુસંગત છે તે પ્રશ્ન વિચારણા માગી લે છે.

હમણા જૈન વિદુષીસાધ્વી પનવેલ તરફ વિહારમાં હતા. રસ્તામાં એક ફાર્મહાઉસ નજીક એક મુસ્લિમ બિરાદર પૂજ્ય સાધ્વીજીના દર્શને આવ્યાં. ઈદ અને કુરબાની સંદર્ભે તેમણે જે વાત કરી તે દરેક મુસ્લિમ ભાઈને ચિંતન કરવા પ્રેરે તેવી છે. ''ઈદને દિવસે અલ્લાહે પ્રિય વસ્તુની કુરબાની આપવા કહી છે કોઈપણ પશુનો વધ કરીને કુરબાની આપવાની વાત પરંપરાગત ચાલી આવતી ગેરસમજણ માત્ર છે, હું છેલ્લા પંદર વરસથી ઈદના દિવસે ગરીબોમાં અનાજ કપડાં અને પૈસાની ખેરાત કરું છું. જીવન જીવવા માટેની આ પ્રિય વસ્તુ છે. આ પ્રિય વસ્તુઓની કુરબાની એટલે ત્યાગ કરી જરૂરિયાતવાળી વ્યક્તિને ખેરાત કરવી તે જ ખરો ધર્મ છે.''

પર્વના દિવસે અન્નદાન, લક્ષ્મીદાન કે વસ્ત્રદાનનો વિચાર ભારતીય સંસ્કૃતિની મૌલિકતા છે.

કુરબાની, ત્યાગનો વૈકલ્પિક શબ્દ છે. પર્વના દિવસે આપણા કષાયો, વાસના અને દુર્ગુણનો ત્યાગ કરીશું તો પ્રભુ તેના સ્થાને સદ્‌ગુણો આત્મસાત કરવાની પ્રેરણા આપશે.

વૈજ્ઞાનિકોએ પણ આ વાતનું સમર્થન આપ્યું છે કે માંસાહાર માનવી માટે સુસંગત નથી. માંસાહાર માનવીના શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય માટે હાનિકારક છે. માંસાહાર પશુ-વધ પર્યાવરણના અસંતુલન માટે પણ જવાબદાર છે.

સફી ફકીરો અને ઈસ્લામ ધર્મગુરુઓ કુરાનના સાચા અર્થઘટનનો પ્રચાર કરશે તો સમગ્ર વિશ્વની જીવરાશિ માટે કલ્યાણકારક બની રહેશે.

ઈંગ્લેન્ડની શાહજહાં મસ્જિદના ભૂતપૂર્વ ઈમામ 'ખલહાફીઝ બશીર અહમદ માજરી' એ પોતાના પુસ્તક 'જાનવરો કે બારેમેં ઈસ્લામી નજરીયા'માં કુરાન ગ્રંથમાંથી ૧૦૦ થી વધુ અને ગ્રંથસ્થ દહીસમાંથી પચાસ જેટલાં અવતરણો ટાંકી માનવોના પશુઓ સાથેનો વ્યરહાર, પ્રેમ, દયા અને ઈજ્જતપૂર્ણ હોવો જોઈએ, એ વાતનું ઈસ્લામ ધર્મના દૃષ્ટિકોણથી પ્રતિપાદન કર્યું છે. વિશ્વના તમામ મહાદેવમંદિર, મંદિર, મસ્જિદ, દેવળ, ગુરુદ્વાર, દહેરાસર આશ્રમ, પ્રાર્થના કે સાધનાના સ્થળોએ ધર્માચાર્યો, 'જીવો અને જીવવા દો' 'દરેક જીવના સહઅસ્તિત્વનો સ્વીકાર' અને જીવદયા પ્રેમ અને અનુકંપાની સૈધ્ધાંતિક વાતનું સતત પ્રતિપાદન કર્યા કરે, આ વાતનું ધર્મસ્થળોમાં ગુંજતી રહે તો, વિશ્વના તમામ જીવો માટે કલ્યાણનો માર્ગ પ્રશસ્ત બને.

જૈનો સંપૂર્ણ અહિંસાના સિધ્ધાંતને વરેલા છે. કોઈપણ પ્રાણીને પીડા થતી જોઈ સાચા જૈન શ્રાવકના નયનો કરૂણાજલથી છલકાઈ ઉઠે. કોઈપણ ક્ષેત્રે કે કોઈપણ કાળે પશુવધથી અહિંસા પ્રેમી જૈનોને દુઃખ થાય તે સાવ સ્વાભાવિક છે. અને તેમાંય વળી મહાવીરજયંતી જેવા પાવન પર્વના દિવસે પશુવધ થાય તો જૈનોની આંતરડી કકળે પારાવાર લાગણી દુભાય. કારણકે જૈનો જીવદયાને કુળદેવી માને છે.

આપણે વિશ્વાસ રાખીએ કે ઈસ્લામધર્મના અનુયાયીઓ જૈનધર્મીઓની ભાવનાને સમજશે. કુર્બાનીની પરંપરાનો વૈકલ્પિક માર્ગ કાઢી સરકારના કાયદાને પણ માન આપશે. ધર્મનો નિશ્ચય પ્રજ્ઞા દ્વારા થાય છે. શાશ્વત સત્ય અને સામયિક સત્યનો સંઘર્ષ વૈચારિકસ્તરનો છે. વિવેકશક્તિ દ્વારા આનું સમાધાન કરી સમાપ્ત કરવો તે બૌદ્ધિક અહિંસા છે.

જૈનધર્મના ગીતાર્થ ગુરુભગવંતો સારી રીતે સમજે છે કે સંઘર્ષ એ ઉકેલ નથી. અહિંસાની સાથે સાથે જૈનધર્મીઓ ભગવાન મહાવીરના અનેકાંતને પણ માને છે. પ્રત્યેક પરિસ્થિતિ કે વસ્તુનો દરેક પાસાથી વિચાર કરશે. જૈનધર્મી પરમતસહિષ્ણુ છે. તે અન્યધર્મીઓને આદરથી જુએ છે. જૈનધર્મીને બીજા પ્રત્યે વેર વિરોધ કે વૈમનસ્ય નહોય એ જીવતો અનેકાંત છે અને પર મત સહિષ્ણુતોનો સિધ્ધાંત અનેકાંતવાદનો પાયો છે. શ્રીમદ્ રાજચંદ્રજીના સહવાસના કારણે ગાંધીજી જૈનધર્મથી ખૂબ પ્રભાવિત

થયેલા. સાંપ્રતયુગમાં રાષ્ટ્રપિતા ગાંધીજી અને મુનિ સંતબાલજી જેવી વિભૂતિએ સત્યાગ્રહનો માર્ગ આપણને બતાવ્યો છે. પોતાના લગ્ન પ્રસંગે થતી હિંસા રોકવા માટેના અરિષ્ટનેમિના ત્યાગમાં સત્યાગ્રહ અભિપ્રેત હતો.

ધર્મનિરપેક્ષ દેશમાં વિરોધાભાસી પરિસ્થિતિનું સર્જન થાય ત્યારે દુવિધા ઊભી થવાની શક્યતાનું નિર્માણ થાય છે.

હિંસા પ્રતિ આપણે વિરોધ તો જાહેર કરી દીધો છે. ધર્મને નામે વ્યક્તિગત લાભ કે સ્વાર્થ ન આવે તેની સાવચેતી સાથે ધર્મ ભાવના પર રાજકારણના અતિક્રમણથી બચવાનું છે.

પ્રત્યેક ''દેવનાર''માં ''પવનાર''ના પવિત્ર પરમાણુઓ અવતરે તેવી મંગલકામના કરીએ.

આપણે ઉપવાસ, આયંબિલ, નવકારમંત્રના જાપ દ્વારા અહિંસા પ્રતિ ભાવનાને ઉત્કટ કરીએ. ભગવાન મહાવીરના સિધ્ધાંત અનુસાર બન્ને પર્વો મૈત્રી અને સદ્‌ભાવનાથી પાર પડે તેવી મંગલ કામના કરીએ.

(૨૯-૩-૯૯ ના દિવસે યોગાનુયોગ મહાવીર જયંતી અને બકરી ઈદ સાથે હતા તે પ્રસંગે પ્રગટ થયેલ લેખનું પુનઃ મુદ્રણ)

## વૈયાવૃત્ય એ ધ્યાનના ઊંડાણની પારાશીશી છે

નગરથી ઉપવન તરફ જતાં રાજમાર્ગ પર ચાલી જતી બે સહિયરોએ એક દૃશ્ય જોયું. કૌતુકભરેલા દૃશ્યને નિહાળવા એ બન્ને સખી આગળ ચાલી.

નગરશ્રેષ્ઠી હાથીની અંબાડી પર બેઠેલા હતાં. બાજુમાં મહાવત, આગળ પાછળ સેવકો ચાલી રહ્યા હતા. રાજમાર્ગથી રસ્તો ફંટાયો, નાનકડો રસ્તો ઉપવન તરફ જતો હતો ત્યાં શ્રેષ્ઠી હાથી પરથી ઉતર્યા અને ઘોડા પર બેઠા. થોડું આગળ ચાલતા એક પગદંડી આવી શ્રેષ્ઠી ઘોડાપરથી ઉતર્યા, અનુચરો પાલખી લઈને ઊભા હતા તેમાં શ્રેષ્ઠીને બેસાડી ઉબડ-ખાબડ કેડી પર જરા પણ આંચકો ન આવે તેમ ભોઈ-અનુચરો પાલખી ઉંચકીને ચાલવા લાગ્યા. ઉપવન આવતાં શ્રેષ્ઠી નીચે ઉતર્યા અને મખમલી તળાઈ સાથેની ફૂલશૈયા પર સૂતા. અનુચરો પગ દબાવવા લાગ્યા એ કૌતુકભર્યું દૃશ્ય જોતા એક સખી બીજી સખીને પૂછે છે :

"હાથી બેઠો, ઘોડે બેઠો, બેઠો પાલખીમાંય
કિયા દિનકો થકો, સખીરી પડ્યો દબાવત પાય"

આ શેઠ હાથી-ઘોડાને પાલખીમાં જ બેઠા છે ચાલ્યા લગીરે નથી, તો કયા દિવસનો એવો તે તેને થાક લાગ્યો કે પગ દબાવે છે. સખી જવાબ આપે છે :

સાધુ સંત કી સેવા કિંની ચાલ્યો અણવણ પાય
તા' દિનકો થકો સખીરી પડ્યો દબાવત પાય.

હે સખી તું સાંભળ! પૂર્વભવમાં આ શેઠે સાધુ સંતની ખૂબ વૈયાવચ્ચ સેવા સુશ્રુષા કરી હતી. પાદવિહારમાં સાધુસંત સાથે ઉઘાડે પગે ચાલ્યો હતો. પૂર્વના એ થાકને ઉતારવા તેના દેહને વિશ્રામ આપવા અનુચરો પગ દબાવે છે.

સખીઓના સંવાદનો એવો સંકેત છે કે પૂર્વે સાધુસંતની વૈયાવચ્ચ સેવા શુશ્રુષા કરનારને તેના પ્રચંડ પુણ્યોદયે કેવી સમૃદ્ધિ મળે છે.

અહીં ભાવપૂર્વક વૈયાવચ્ચ કરનારને થનાર પુણ્યબંધ પ્રતિ અંગુલિનિર્દેશ અભિપ્રેત છે.

વૈયાવચ્ચ કે વૈયાવૃત્ત શબ્દમાં, સેવા શુશ્રુષાની પવિત્ર ભાવના અભિપ્રેત છે.

જૈન ધર્મમાં બાર પ્રકારના તપ દર્શાવવામાં આવ્યા છે. છ બાહ્યતપ અને છ આભ્યંતર તપ. વ્રત-તપના પ્રેરક જૈનાચાર્યોએ ત્રીજા આભ્યંતર તપનું જૈન વ્રત-તપમાં વિશ્લેષણ કરતાં કહ્યું છે કે:

જ્ઞાની અને તપસ્વી, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ-સાધ્વી તથા વડીલ, વૃદ્ધ, બીમાર, અપંગ આદિની વિવિધ પ્રકારે ઉચિત સેવાભક્તિ કરવી તે જ વૈયાવૃત્ય નામનું તપ. ગુણોમાં અનુરાગપૂર્વક સંયમી પુરુષો તેમજ અઠ્ઠમ અથવા તેથી વધુ તપ કરનાર તપસ્વીઓનો ખેદ દૂર કરવો, પગ વગેરે દાબવા-ચોળવા, ચંદન કે શીતળદ્રવ્યનું લેપન કરવું, લવિંગનો ખરડ કરવો તેમજ તેમનાં સુખસગવડનો ખ્યાલ રાખવો અને એમ કરીને તેમને સુખશાતા ઉપજાવવાથી આ તપ થાય છે. ચતુર્વિધ સંઘની અને કુટુંબીજનોની ઉચિત સેવાભક્તિ કરવી તે પણ આ તપનો જ પ્રકાર છે. આ સર્વ પાત્રોને યોગ્ય રીતનાં શયન-સ્થાનની વ્યવસ્થા, સમયસર ઔષધિ આપવી, શારીરિક સ્વચ્છતા જાળવવામાં મદદ કરવી, અંગત વપરાશનાં સાધનોની સફાઈ કરવી, નિર્દોષ આહાર યોગ્ય સમયે આપવો, વ્યાધિપીડિત અંગોની સફાઈ કરવી, વસ્ત્રો ધોઈ આપવાં, પ્રવાસમાં મદદ કરવી, હલનચલનમાં ટેકો આપવો, હળવો વાર્તાવિનોદ કરવો, પત્રવ્યવહારમાં મદદ કરવી એવી અનેકવિધ રીતે સેવાશુશ્રુષા કરવી તે જ વૈયાવૃત્ય.

વૈયાવૃત્ય કરનારને શ્રદ્ધા, ભક્તિ, વાત્સલ્ય, વિચ્છિન્ન સમ્યક્ત્વનું પુનઃસંધાન, તપ, પૂજા, તીર્થ, સમાધિ વગેરે પ્રાપ્ત થાય છે. જિનાજ્ઞાનું પાલન, સંયમ, સહાય, દાન, નિર્વિચિકિત્સા, પ્રભાવના, કાર્ય-નિર્વહણ, મૈત્રી, કરુણા વગેરે વૈયાવૃત્ય કરનારના ગુણ છે. વૈયાવૃત્યતપ શ્રાવકો માટે મુખ્ય અને સાધુઓ માટે ગૌણ છે. વૈયાવૃત્ય એ ધ્યાનના ઊંડાણની પારાશીશી છે. વૈયાવૃત્ય એ પોતાની જાતમાંથી બહાર નીકળવા માટેનું બારણું છે. ધ્યાન દ્વારા તપસ્વી જેને અંતરના ઊંડાણમાંથી પામવા મથે છે

તેને જ વૈયાવૃત્ય દ્વારા પ્રત્યક્ષપણે પામી શકાય છે. આત્માનો વિસ્તાર થતો અનુભવાય છે. એક એવી પરમ અવસ્થા પામી શકાય છે. જ્યાં ધ્યાન અને વૈયાવૃત્ય એકરૂપ બની જાય છે.

શ્રી આચારાંગ સૂત્રના પ્રથમ ઉપદેશકની ૧૮મી ગાથામાં કહ્યું છે કે, "સાધકે માન અને અપમાનમાં કેટલી સમતા કેળવી છે? તેની ભિક્ષામય જીવનથી કસોટી થાય છે. ભિક્ષા એ ત્યાગી જીવનનું કપરું અને કઠીન વ્રત છે. ભિક્ષા અને પાદવિહાર એ બે એવાં જ્ઞાનનાં સાધનો છે, કે જે જ્ઞાન ભૂગોળના કે માનસશાસ્ત્રોના અનંત ગ્રંથોથીય ન મળી શકે એવું લોકમાનસનું જ્ઞાન આ બે સાધનો દ્વારા મળી રહે છે અને ત્યાગી જીવનના આદર્શનો પ્રચાર પણ આ બે સાધનો દ્વારા સહેલાઈથી, ગામડે ગામડે ઘેર ઘેર પહોંચી વળે છે એ દૃષ્ટિએ જ શ્રમણસંસ્થા માટે આ બે સાધનો નિર્માયા છે.

પ્રથમ તીર્થંકર ઋષભદેવ આદિનાથથી શરૂ કરી ચરમતીર્થંકર ભગવાન મહાવીરસ્વામી સુધીના તમામ તીર્થંકરોએ પાદવિહાર અને ભિક્ષાચરી દ્વારા સંયમજીવનનું પાલન કર્યું.

ભગવાન મહાવીર નિર્વાણ પછીના કેટલાક સમય સુધી તો જૈન મુનિ ભગવંતો ગામબહાર ઉદ્યાનમાં ચાતુર્માસ કરતાં. શેષકાળમાં પણ મુનિઓ ગામબહાર રાજા, શ્રેષ્ઠી, શ્રાવકોના ચૈત્યો, ઉપવનો, વિહારો કે ઉદ્યાનમાં રોકાતા અને સ્વની સાધના સાથે પરનું કલ્યાણ કરતાં.

સમયના સાંપ્રત વહેણમાં શ્રાવકોના વસવાટને કારણે ગામનગર અને મહાનગરોમાં અનેક ધર્મસ્થાનકો થયા અને સાધુસંતો તેમા ચાતુર્માસ અર્થે કે શેષકાળમાં પધારી સ્વસાધના અને ધર્મજાગૃતિનું કાર્ય કરવા લાગ્યા.

પ્રદૂષિત હવા પાણીના કારણે અને કાળના પ્રભાવે, શરીરના સંઠાણ પરિવર્તનોને કારણે ખાસ કરીને મોટી ઉમરના સાધુ સંતો માટે પાદવિહાર કઠીન બની ગયો.

શ્રાવકો માટે સંતોની વૈયાવચ્ચ માટે બે પાસાં ઉપસી આવ્યા. એક વિહાર કરી શકે તેવી ઉંમર અને શારીરિક ક્ષમતા ધરાવતા સંતોની બિમારી કે અકસ્માત વખતેની વૈયાવચ્ચ અને મોટી ઉંમરના વિહાર કે ગોચરી માટે ફરી ન શકે તેવી શારીરિક ક્ષમતા ગુમાવેલા સંતો, નાની ઉંમર હોવા છતાં ભયંકર રોગનો ભોગ બનેલા કે અકસ્માતને કારણે શારીરિક વિકલાંગતા કે અશક્તિ આવતા વિહારાદિની શારીરિક ક્ષમતા ગુમાવતા સંતોના સ્થિરવાસ અને વૈયાવચ્ચની વ્યવસ્થા કરવાનું શ્રાવકો માટે જરૂરી બન્યું.

વિશ્વની તમામ ધર્મપરંપરાએ સહાનુભૂતિની વાત કહી છે જ્યારે જૈનધર્મે ત્યાંથી આગળ વધીને સમાનાભૂતિની વાત કરી છે. સહાનુભૂતિમાં અનુકંપા અને દયા અભિપ્રેત છે જ્યારે સમાનાભૂતિમાં ગૌરવ અભિપ્રેત છે. અન્યને દુ:ખ કે પીડા ઉત્પન્ન થતાં હું દુ:ખી થાઉં, પીડિત વ્યક્તિ પ્રત્યે સહાનુભૂતિ પાઠવું તે એક વાત પણ અન્યના દુ:ખ કે પીડા જોઈ માત્ર દુ:ખી ન થાઉં પરંતુ મને એવા જ પ્રકારનું દુ:ખ થયું છે એવી અનુભૂતિ કરુ. જેવો મારો આત્મા છે એવો જ સામેની પીડિત વ્યક્તિનો આત્મા છે. આ દુ:ખ મને થઈ રહ્યું છે એવી વેદનાની અનુભૂતિ કરું અને પછી તેની સેવા વૈયાવૃત્ત કરું તો એ નિજી સંવેદના બની જશે. વળી પંચમહાવ્રતધારી સંતો તો આપણા પૂજનીય છે માટે સેવા અને વૈયાવૃત્તમાં ફરક છે. સેવા એટલે રાહતનું ગુંજન, વૈયાવચ્ચ એટલે રત્નત્રયીનું પૂજન.

સાધુસંતો તો પરિષહો સહેતા આવ્યા છે. ઉપસર્ગો સામે ઝઝૂમે છે માટે વૈયાવચ્ચ એ સંતોની સેવા જરૂરિયાત નથી, આપણા હૃદયની સંવેદના છે.

જ્યારે કાયાની માયા વિસારનારા સંતને અસમાધિ થાય ત્યારે આપણે નમ્રતા સાથે વંદના કરી વિનંતી કરીએ કે અમને વૈયાવચ્ચનો લાભ આપો.

ઉપ એટલે સમીપ, યોગ એટલે જોડાવું, જે ક્રિયા આત્માની સમીપ જવામાં સહકારી નીવડે એ ઉપયોગ ગણાય. સેવા એ સહયોગ છે તો વૈયાવચ્ચ એ ઉપયોગ છે.

વૈયાવચ્ચનો ધર્મ આપણામાં એવી રીતે પ્રતિષ્ઠિત થવો જોઈએ કે જે સાધુજીનાં વ્રતોને લક્ષમાં રાખીને જ કરવામાં આવે. વ્રતમાં શક્ય એટલા દોષ ન લાગે તેની ઝીણવટ ભરી કાળજી સાવધાનીમાં જ વિવેક અભિપ્રેત છે.

સંતસતીજીઓ માટે શક્ય એટલી વધુ આરાધના ધામોમાં વૈયાવચ્ચની સગવડો ઉપલબ્ધ થાય. જરૂરિયાત પ્રમાણેના સેવાકેન્દ્રોનું નિર્માણ થાય તેની મહાસંઘો કે મહાજન સંસ્થાઓએ કાળજી લેશે તો શાસનનું ગૌરવ જળવાશે. તીર્થંકર નામ કર્મ ઉપાર્જનના વીશ બોલમાં ૧૬મો બોલ વૈયાવચ્ચનો છે. સાધુ-સંતોની ઉત્કૃષ્ઠભાવે વૈયાવચ્ચ સેવા કરવાથી સ્વયં ભગવાન બની શકાય છે અને કહ્યું છે કે,

વૈયાવચ્ચ ગુણધરાણં નમોઃ નમોઃ

વૈયાવચ્ચનો ગુણ ધારણ કરનાર, એને જીવનમાં ચરિતાર્થ કરનાર વંદનને પાત્ર છે.

સેવામૂર્તિ નંદીષેણની કસોટી કરવા પરૂની દુર્ગંધવાળા મુનિ દેહરૂપ ખુદ ઈંદ્ર આવ્યા અને નંદીષેણે ભાવપૂર્વક વૈયાવચ્ચ કરી કસોટીથી પાર ઉતર્યા. મરૂદેવી માતા, શૈલકરાજર્ષિ અને બહુસૂત્રી પંથકમુનિ, પૂ.સમર્થમલજીની વૈયાવચ્ચ ભાવનાનું પાવનસ્મરણ કરી અભિવંદના કરીએ.

## સત્યને માર્ગે મુક્તિની યાત્રા : સત્યની સંપત્તિ અંદર છે, બહાર નથી

ધર્મરાજ યુધિષ્ઠિર અને હરિશ્ચન્દ્ર એટલે સત્યનો પયાર્ય. ગાંધીજી-વિનોબા અને સંતબાલજીનું જીવન એટલે સત્યની પ્રયોગશાળા. સત્યની સંપત્તિ બહાર નથી, અંદર છે. સત્ય અંતરયાત્રા છે.

સત્યને સ્વીકારવાનું છે, અનુભવવાનું છે. કેટલાંક સત્યો આપણે જાણીએ છીએ, છતાં સ્વીકારતા નથી, દાખલા તરીકે મૃત્યુ. પ્રેમ વિષે લખીએ, બોલીએ, વાંચીએ, પરંતુ સાચા પ્રેમની અનુભૂતિમાં સત્ય અભિપ્રેત છે. જે નિજી જીવનમાં સતત સત્યના પ્રયોગો કરતાં રહેતા એવા મહાત્મા ગાંધીને પોતાના પુત્રે પૂછેલું કે સત્ય એટલે શું ? સત્યના અનેકવિધ પાસાં હોય છે ને ! (ગાંધી વિરુદ્ધ ગાંધી) આ યક્ષપ્રશ્નનો વિધેયાત્મક જવાબ એટલે ભગવાન મહાવીરે પ્રરુપેલ અનેકાંતવાદ.

કોઇ સમાચાર કે સાચી વાત, વ્યક્તિ સંજોગો અને પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને કહેવામાં ન આવે અને કોઇને ધ્રાસકો પડે કે આઘાત લાગે તેવી પરને પીડાકારી નગ્નસત્યની અભિવ્યક્તિને ધર્મ, સત્યરૂપે સ્વીકારી ન શકે. વિવેકપૂર્ણ અભિગમ જ સત્યનું સાચું દર્શન કરાવી શકે.

દરેક વાતમાં કે પ્રસંગમાં મારા વિના ન ચાલે. દરેક જગ્યાએ મારી આવશ્યકતા છે એ ભ્રમમાંથી મુકત થવા જેટલું સાદું સત્ય સમજવામાં આપણે જીવનના કેટલા ય વર્ષો ગુમાવી દઇએ છીએ. બીજાના કિંમતી સમયનો ભોગ આપી તેનો વિકાસ રુંધીએ છીએ અને અન્યાય પણ કરીએ છીએ.

પેઢીમાં પિતા કે ઘરના વડીલ, ઘરમાં સાસુ, સામાજિક કે રાજકીય સંસ્થાઓના પીઢ આગેવાનો આ સાદાસત્યને આત્મસાત કરે તો સ્વને હિતકારી અને પરને ઉપકારી બને છે.

ચિંતક ઓશોએ સત્ય વિષે સુંદર વાતો કરી છે, એ કહે છે સત્ય એ મુકિતનો રાજમાર્ગ છે. વિચારકો, ચિંતકો અને અનુભવી સંતોએ આજ વાત કહી છે કે મુક્તિની યાત્રા સત્યના માર્ગ પરથી જ થઇ શકે.

મુકતગગનમાં વિહાર કરતાં, ગીતો ગાતાં, પોપટને એક શેઠે સોનાના પીંજરામાં પૂરી દીધો. પીંજરાને હીરા અને ઝવેરાત જડેલા હતાં. જેને મુકત આકાશની સ્વતંત્રતા જોતીતી હોય તેને સોનાનું શું મૂલ્ય ? પોપટ માથું કૂટીને રડતો હતો, શેઠના માણસોને તો એમ જ લાગે કે પોપટ ગીતો ગાઇ રહ્યો છે. પક્ષીને એ વાતનો ડર હતો કે ખુલ્લા આકાશના આનંદ અનુભવના મારાં સ્મરણો ખોઇ બેસીશ અને મારી પાંખો ઉડવાનું જ ભૂલી જશે તો હું મુકત થઇશ તો પણ શું વળશે ?

વહેલી સવારે શેઠની હવેલીની બહાર એક સંત ગીત ગાતા હતાં કે જેમને મુકત થવું હોય તે સત્યનો માર્ગ અપનાવે, સત્ય જ સ્વતંત્રતાનું દ્વાર છે. સંતના આ ગીત પર માણસોએ ધ્યાન ન આપ્યું પણ પોપટે આ ગીત ખૂબ ધ્યાનથી સાંભળી લીધું. પોપટે તે દિવસથી સત્યનો એક નાનકડો પ્રયોગ શરૂ કર્યો.

શેઠને ધંધામાં દેવું થઇ ગયું હતું. ઉઘરાણીઓવાળા મળવા આવતા. શેઠ હવેલીની અંદર હોય અને બહાર કોઇક મળવા આવ્યું હોય, નોકરને શેઠ સૂચના આપે કે કહી દો શેઠ ઘરમાં નથી પોપટે આ અસત્યનું નિરીક્ષણ કરી સત્ય પ્રગટ કરવા નિશ્ચય કર્યો.

શેઠ હવેલીની અંદર હતા અને બહારથી કોઇક મળવા આવ્યું હતું નોકર સાથે શેઠે કહેવરાવ્યું કે કહી દો શેઠ ઘરમાં નથી. તે જ સમયે પોપટે બૂમ પાડીને કહ્યું કે શેઠ હવેલીમાં જ છે. જ્યારે શેઠે તો નોકર સાથે કહેવરાવ્યું હતું કે શેઠ હવેલીમાં નથી.

પોપટની સત્યવાણી સાંભળી શેઠ ખૂબ નારાજ થયા. આમેય સત્યથી રાજી થનારા ઓછા હોય છે, નારાજ થનારા વધુ હોય. શેઠે આજ્ઞા કરી કે, આ પોપટને હમણાંને હમણાં ઘરમાંથી બહાર કાઢી મૂકો. પક્ષી તો મુકત થતાં જ ઉડવા લાગ્યું અને મુકતગગનનું એ પંખી પેલા સંતની સત્યવાણીનું ગીત ગાવા લાગ્યું.

સમ્યક્જ્ઞાનની જાણકારી હોઇ શકે પરંતુ તે જ્ઞાન પ્રમાણેનું આચરણ જ જીવનને અંતિમ સત્ય તરફ લઇ જવા સમર્થ છે, અને એ સત્ય જ આપણને મુક્તિ પ્રતિ દોરી જશે.

# સત્યને માર્ગે મુક્તિની યાત્રા : સત્ય કે સ્વપ્ન

શાસ્ત્રગ્રંથો કે પુસ્તકોના વાચન માત્રથી સત્યને પામી શકાતું નથી. તેને માટે તો નિજી જીવનને સત્યની પ્રયોગશાળા બનાવવી પડે.

પુસ્તકોનાં વાચન કે પ્રવચનોના શ્રવણથી સત્ય વિશે જાણી શકાય છે. પણ એ સત્યનું જાણવું નથી, તેનાથી સત્ય જાણી શકાતું નથી. આ સંસારમાં સત્ય વિશે જાણનારા અસંખ્ય લોકો છે, પરંતુ સત્ય જાણનારા બહુ જ થોડા લોકો છે.

સત્યની દિશામાં લાખો શાસ્ત્રગ્રંથોનું એટલું મૂલ્ય નથી જેટલું વ્યક્તિએ પોતે જાતે ઉઠાવેલા માત્ર એક કદમનું, ભલે સત્યનો પંથ ઘણો લાંબો છે. પરંતુ એક એક પગલું પણ સતત ચાલ્યા કરવાથી ગમે તેટલો લાંબો પંથ કપાઇ જાય છે. માટે સત્ય એ અનુભવ, અભ્યાસ કે અનુભૂતિનો વિષય છ.

સત્યનો રસ્તો સીધો છે. અસત્યનો રસ્તો વાંકો-ચૂકો છે. અસત્ય પકડાઇ જાય માટે આડુઅવળુ બોલવું પડે. એક જૂઠ છૂપાવવા હજાર જૂઠ બોલવા પડે વળી, સત્યને યાદ રાખવાની પણ જરૂર નથી તે સહજતાથી નીકળશે. સત્યને પ્રચારની કે વાચાળતાની પણ જરૂર નથી. તેની કૃતિ સ્વયં પ્રગટ થશે. એક જૂઠથી જીવનમાં અસત્યની એક શૃંખલા સર્જાઇ જાય અને તે લાંબો સમય ચાલે. જૂઠી વ્યક્તિ માટે તે જૂઠ જીવનમાં બોજો બની જાય અને એક વખત એવો આવે કે તેનો બોજો-ભાર ઉંચકવા તે અસમર્થ બની જાય. જ્યારે સત્યની યાત્રા સરળ છે. માટે જ સત્યના પુરસ્કર્તા ભગવાન મહાવીર, બુદ્ધ કે ગાંધીનું જીવન બોજામુકત, તનાવમુકત, હળવાશભર્યું અને સરળ હતું.

ચિંતક ઓશો કહે છે કે સામાન્ય રીતે જે જીવનને આપણે સત્ય સમજીએ છીએ, તે જીવન સત્ય નથી અને જ્યાં સુધી આપણે આ જીવનને સત્ય સમજી ચાલ્યા કરીશું ત્યાં સુધી ખરેખર જે સત્ય છે તે દિશા તરફ આપણી નજર પણ જશે નહીં.

ખરેખર આપણે સત્યની યાત્રા કરવી હોય તો આપણે આપણા જીવનને સ્વપ્ન સમાન સમજવાનું શરૂ કરવું પડશે.

આજે જન્મથી માંડીને મૃત્યુ સુધીની લાંબી મુસાફરી છે, સત્ય છે કે સ્વપ્ન છે ? એ વિષે થોડો વિચાર કરવો જરૂરી છે.

સ્વપ્ન જોતી વખતે આપણને એવું નથી લાગતું કે આ અસત્ય છે. એવો ખ્યાલ પણ નથી આવતો કે જે આપણે જોઇ રહ્યા છીએ, તે પણ અસત્ય હોઇ શકે છે. જે લોકો સત્યના ખરા જાણપણાની વધુ નજીક છે. સત્ય પ્રતિ જાગૃત છે તેઓ કહે છે કે આપણે આંખ ખોલી અને જે જગત જોઇએ છીએ તે જગત પણ સ્વપ્ન છે. ઓશો આ વાત એક દૃષ્ટાંતથી સમજાવે છે.

એક રાજાનો યુવાન પુત્ર - યુવરાજ માંદો પડયો. એક જ દીકરો હતો તે પણ મરણપથારી પર પડયો હતો. વૈદ્યોએ કહેલું કે બચવાની કોઇ આશા નથી. તે રાત્રે જ એનો જીવનદીપ બુઝાઇ જાય તેવી શકયતા હતી. રાજા આખી રાત જાગતો બેઠો. સવારે પરોઢ થતાં એને ઝોકું આવી ગયું. રાજા પોતાની ખુરશી પર બેઠો બેઠો લગભગ પાંચ વાગે સૂઇ ગયો. સૂતાવેંત એ યુવરાજને ભૂલી ગયો, જે સામે જ પથારી પર માંદો પડયો હતો, જે તે મહેલનો-રાજ્યનો માલિક હતો.

એક સ્વપ્ન આવવું શરૂ થયું. તે સ્વપ્નમાં એણે જોયું કે તે આખી દુનિયાનો સમ્રાટ છે. તેના બાર પુત્રો-રાજકુમારો છે, કંચન જેવી કાયા છે તેમની, ખૂબ સ્વસ્થ, ખૂબ બુદ્ધિશાળી, તેનું સામ્રાજ્ય આખી દુનિયા પર વિસ્તરેલું છે, સોનાનો મહેલ છે, હીરા માણેકનાં પગથિયાંઓ છે, તે ખૂબ આનંદમાં છે.

બરાબર એ જ સમયે પેલા બીમાર દીકરા યુવરાજનું પ્રાણ પંખેરૂ ઊડી ગયું. પોતાની પત્ની-રાણી છાતી કુટીને રડવા માંડી, રડવાના અવાજથી રાજાની ઊંઘ ઊડી ગઇ આંખો ખોલીને તે ઉઠયો, ખોવાઇ ગયા પેલાં સ્વપ્નનાં મહેલ, ખોવાઇ ગયા પેલા બારેય દીકરાઓ, ખોવાઇ ગયું પેલું ચક્રવતીનું મોટું સામ્રાજ્ય, જાગીને જોયું તો પુત્ર મરી

ગયો છે, પત્ની રડી રહી છે. પરંતુ તેની આંખોમાં આંસુ ન આવ્યા. તે રાજાના હોઠ પર હાસ્ય ફરક્યું. પત્ની કહેવા માંડી શું તમારું મન અસ્તવ્યસ્ત થઇ ગયું છે ? શું તમે ગાંડા થઇ ગયા છો ? એકનો એક દીકરો મૃત્યુ પામ્યો છે અને તમે હસો છો ? તે રાજા કહેવા માંડ્યો, મને હસવું બીજી કોઇ વાતનું આવી રહ્યું છે હું એ ચિંતામાં પડી ગયો છું કે કયા પુત્રો માટે રડું ? હમણાં જ મને બાર પુત્રો હતા, સુવર્ણનો મહેલ હતો, મોટું સામ્રાજ્ય હતું, તું રડી અને મારું એ આખુંય સામ્રાજ્ય ઝુંટવાઇ ગયું. મારા પેલા પુત્રો ઝુંટવાઇ ગયા. આંખો ઉઘાડું છું તો તે બધું જ ખોવાઇ ગયું છે. અને આ દીકરો, જ્યાં સુધી પેલા બાર પુત્રો હતા. આ દીકરાની યાદ પણ ન હતી અને જ્યારે આ પુત્ર દેખાઇ રહ્યો છે ત્યારે પેલા બારેય પુત્રો ખોવાઇ ગયા છે. હવે હું વિચારું છું કે હું કોના માટે રડું ? પેલા બાર પુત્રો માટે, પેલા સુવર્ણના મહેલ માટે કે આ પુત્રને માટે ? અન મને હસવું એમ આવી ગયું કે કદાચ આ બન્નેય સ્વપ્નનાં તો નથીને ? એક બંધ આંખનું સ્વપ્નું કેમકે જ્યાં સુધી આંખો બંધ હતી ત્યાં સુધી આ ભૂલાઇ ગયું હતું અને જ્યારે. આંખ ખૂલી તો પેલી જે બંધ આંખે દેખાતું હતું તે ભુલાઇ ગયું. એક સ્વપ્ન છે જે આપણે આંખ બંધ કરીને જોઇ છીએ એક સ્વપ્ન છે કે જે આપણે આંખ ખોલીને જોઇએ છીએ એક અપેક્ષાએ તો એ બન્ને સ્વપ્નાં જ છે.

## સત્યને માર્ગે મુક્તિની યાત્રા : સત્યનો પ્રભાવ

શક્તિની યાત્રા અંતિમ ચરણેય હતાશા હોઇ શકે જ્યારે સત્યની યાત્રાના પ્રથમથી અંતિમચરણ સુધી પ્રસન્નતાનો પાર નથી હોતો.

વ્યાવહારિક જીવનમાં સત્યનાં સ્વરુપોમાં વિવિધતાનું દર્શન થાય છે. એક બાળક પોતાની માતાનાં સંસ્મણો કહે છે. હું તોફાન કરતો ત્યારે મારી જૂની મા ખાવા નહિ દઉં કહીને પણ બપોર થતાં જ ખાવા આપતી, અને હવે જ્યારે હું તોફાન કરું છું ત્યારે મારી નવી મા કહે કે તું તોફાન કરે છે એટલે ખાવા નહીં દઉં અને તે ત્યારે ખાવા દેતી જ નથી.

જૂની મા ખાવાનું નહીં દઉં કહીને ખાવાનું આપે છે એટલે એ અસત્ય વચન થયું અને નવી મા ખાવાનું નહી દઉં કહીને ખાવાનું આપતી નથી એટલે સત્ય વચન થયું.

બાળક માટે જૂની માનું અસત્ય સુખદ અને મધુર હતું કારણ કે તે હેત અને વાત્સલ્યસભર હતું. જ્યારે નવી માનુ સત્ય વચન પણ દુ:ખદ લાગે છે. કારણ કે તેમાં કડવાશ અને કઠોરતા અભિપ્રેત છે.

આમ, જીવનવ્યવહારમાં સત્યના અનેકવિધ પાસાનું દર્શન થાય છે. સત્યનો પ્રભાવ માત્ર, પણ માનવીના જીવન પરિવર્તન માટે કારણભૂત બની જાય છે. બંગાળની ઘટના છે, મલ્લિક શેઠ બહુજ મોટા ધાર્મિક વ્યક્તિ હતા, તેઓ ક્યારેય અસત્ય બોલતા નહીં. એકવાર તે પોતાના ચાર વહાણોમાં માલ ભરીને સમુદ્રમાં જઇ રહ્યા હતા. ત્યાં સમુદ્રના ડાકુ ચાંચિયાઓએ મધ્યરાત્રીએ વહાણોને લૂંટી લીધા. ચાંચિયાના સરદારે પૂછ્યું - શેઠ હવે તમારી પાસે બીજું શું છે ? બસ હવે, મારી પાસે કંઇ નથી રહ્યું.

ચાંચિયાઓ બધો માલ લઇને જવાની તૈયારી કરવા લાગ્યા, ત્યાં શેઠની નજર પોતાની આંગળીમાં રહેલ વીંટી તરફ ગઇ. આ રત્નજડિત અંગૂઠી ઓછામાં ઓછી પચ્ચીસ હજારની તો હશે જ.

શેઠનું મન ગ્લાનિથી ભરાઇ ગયું. આજ અજાણતા અસત્ય બોલાઇ ગયું કે મારી પાસે કંઇ નથી રહ્યું, આ અંગૂઠી ભૂલથી મારી પાસે રહી ગઇ હતી તે પણ લેતા જાઓ.

સરદારે કિંમતી અંગૂઠી હાથમાં લીધી, તેને ફેરવી જોઇ, તેના ભાવ પણ ફરવા લાગ્યા, વિચારધારા પલટાઇ ગઇ, કયાં આ સત્યવાદી શેઠ ? અને કયાં અમે પાપી લૂંટારા, પોતાનું બધું ચાલ્યું ગયું હોવા છતાં શેઠે પોતાનું સત્ય ન છોડયું અને કયાં અમે અમારા પેટને માટે માનવતા પણ છોડી દઇએ છીએ. લૂંટ ચલાવીએ છીએ અને હત્યાઓ કરીએ છીએ ?

ચિત્તની નિર્મળધારાઓ શુભચિંતનમાં પરિણમી. સરદાર થોડીવાર વિચારતો રહ્યો. પછી શેઠનાં ચરણોમાં પડી ગયો, તેણે સાથીઓને કહ્યું – આ બધો માલ આપણે પચાવી શકીશું નહીં. સત્યના પ્રભાવથી ચાંચિયાઓના હૃદયનું પરિવર્તન થયું. સરદારે ચાંચિયાઓને કહ્યું શેઠનો માલ પાછો લાવો. આ કાચો પારો હજમ થઇ શકે નહિ. આ સત્યદેવતાનો માલ પાછો આપી દીધો અને સાથે પોતાના આ નીચ કાર્યનો પણ શેઠનાં ચરણોનો સ્પર્શ કરી સોગંદ (શપથ) લઇને સદાને માટે ત્યાગ કર્યો.

શેઠે તે સમયે ઉપદેશ ન આપ્યો કે આ તમારો પાપનો ધંધો છે. નરકનો માર્ગ છે. છોડી દો. પરંતુ જે લાખો કરોડો ઉપદેશથી પણ અધિક પ્રભાવશાળી તેના સત્યના આચરણે આ પ્રભાવ બતાવ્યો.

શાસ્ત્રને સત્ય જાણવા માટેનું સાધન ગણીએ તો સત્ય સુધી પહોંચવા માટે શાસ્ત્રને માત્ર સાધન રૂપે જ સ્વીકારી શકાય. પરંતુ શાસ્ત્રને જ સત્ય માની લેવાય નહિ. સત્ય શાસ્ત્રનું ઓશિયાળું નથી. અંતિમ સત્ય તો આચરણ અને અનુભૂતિથી જ પામી શકાય અને એજ સત્ય માનવીને મુક્તિ સુધી લઇ જવા સમર્થ છે.

# ચાતુર્માસ : સંતવાણીમાં તરબોળ થવાની મોસમ

— ગુલાબેન બરવાળિયા

ભારતવર્ષને જીતવા નીકળતાં સિકંદર તેના ગુરુને પૂછે છે કે, હિન્દુસ્તાનમાંથી હું તમારા માટે શું લાવું ? ગુરૂએ કહ્યું કે, ભારતના સંતો બહુ વિખ્યાત છે, મારે માટે તું એક સંતપુરુષ લઇ આવજે !

રાજા પોરસ ઉપર લડાઇમાં વિજય પ્રાપ્ત કરીને સિકંદરે પોતાની વિશાળ છાવણીમાં એક ઋષિને આમંત્રણ આપતાં કહે છે, ઋષિ આપ મારી સાથે ચાલો. સંત કહે "અમે ચાતુર્માસમાં ક્ષેત્ર પરિવર્તન કરતા નથી વળી વાહણ-નૌકા વ. વાહનોમાં પણ બેસતા નથી માટે અમે તારી સાથે ન આવી શકીએ." સમ્રાટ સિકંદર ઋષિને પોતાનો વૈભવ બતાવતાં કહે છે.

"આ છે મારા શસ્ત્રભંડારો અને સેના, આ છે મારો રાજકોષ, ધનરત્નો અને ઝવેરાત, અને આ છે મારા અંતઃપુરની સેંકડો સોહામણી યુવતીઓ. હે મુનિરાજ આપ અમારી સાથે ચાલો. આ બધું જ આપનું છે" સંત તેમને બહુ જ સુંદર જવાબ આપે છે :

"હે સમ્રાટ, મારા માટે આ બધું કંઇ જ કામનું નથી. તારા શસ્ત્રભંડારો તારામાં છુપાયેલા ભયનું પ્રદર્શન કરે છે. તારો રાજકોષ તારી પરિગ્રહવૃત્તિ અને લક્ષ્મીના દાસત્વની બાંગ પોકારે છે અને તારું અંતઃપુર તારી વાસનાની વિકૃતિનું વરવું દર્શન કરાવે છે. સિકંદર ! આ સમરાંગણ નથી અમારી પાસે તો સમતાગણ છે. તું જેના પ્રાણ લે છે તેને પાછા આપી શકતો નથી તો તને લેવાનો અધિકાર નથી." સંતના આ શબ્દોથી સિકંદરની ભીતરમાં મનોમંથન દ્વારા એક તુમુલ યુદ્ધ શરૂ થયું જે બહારના યુદ્ધવિરામમાં પલટાયું. આમ જગ જીતનાર સિકંદર એક સંતને ના જીતી શક્યો.

પારસમણિના સ્પર્શની લોખંડ સુવર્ણમાં રૂપાંતરિત થાય, પરંતુ એવા પારસમણિ ક્યાં કે જેના સ્પર્શમાં પારસમણિ પેદા કરવાની ક્ષમતા હોય ? સંત એક એવા પારસમણિ છે જેનામાં પોતાનાથી સવાયા શિષ્યોનું સર્જન કરવાની તાકાત છે.

કોઇ ચિંતકે વૃક્ષોના ઉપકારને સંતોનાં કાર્ય સાથે સરખાવ્યા, પરંતુ સંતો વૃક્ષોથીય મૂઠી ઊંચેરા છે. વૃક્ષોની શીતળ છાંયા કે મીઠાં ફળો મેળવવા આપણે વૃક્ષો પાસે જવું પડશે, પરંતુ સંતો તો પોતાની પાવન નિશ્રા અને સમકિત ફળોની લહાણી કરવા પરિષહો સહન કરી અને સામે ચાલીને આપણી પાસે આવે છે. ઉપકારી સંતો સંસારની બળબળતી બપોરને ચંદન જેવી શીતળતા આપે છે.

લોકોક્તિ છે કે, ચંદ્રની શીતળ ચાંદની તાપને હરે છે, ગંગા પાપને હરે છે અને કલ્પવૃક્ષની છાયામાં દરિદ્રતા ચાલી જાય છે પરંતુ જંગમતીર્થ સમા સંતોના પુનિત સાન્નિધ્યે પાપ, તાપ-સંતાપ અને અજ્ઞાન તિમિર દૂર થાય છે.

વર્ષાઋતુના કાળમા અસંખ્ય સૂક્ષ્મ જીવોની ઉત્પત્તિ પ્રભુએ પોતાના જ્ઞાનમાં જાણી. સાધુ સંતો પોતાનાં વ્રતો બરાબર પાળી શકે એ હેતુથી વર્ષાઋતુમાં એક જ સ્થળે સ્થિરવાસ કરવાનો નિયમ બતાવ્યો, જેથી સંતો આત્મકલ્યાણના માર્ગે જવાની પ્રેરણા આપે છે, જેમ પનિહારી પાણી સિંચવાનો પુરુષાર્થ કરી કૂવાના જળને આમજનોની તૃષા તૃપ્ત કરવા યોગ્ય બનાવે છે, તેવી જ રીતે સંતપુરુષો, સંતો શાસ્ત્રરૂપી કૂવામાંના જ્ઞાનજળને પોતાના પુરુષાર્થથી આકાશી જળ જેવું નિર્મળ બનાવી, જિજ્ઞાસુઓની જ્ઞાનપિપાસા સંતોષે છે. જ્ઞાનીપુરુષો આ શાસ્ત્ર વાંચી વિચારી, ઊંડુ ચિંતન-મનન કરી પોતે સમજી અને અધ્યાત્મના અર્થ ગંભીર રહસ્યો આપણને સરળ ભાષામાં સમજાવી આપણા પર ઉપકાર કરે છે.

વર્ષાની જલધારાથી ભીંજાઇને જમીન પોચી પડે છે, પોચી જમીનમાંથી જ બીજ ઝડપથી અંકુરિત થાય છે. તેમ આપણા પર કરુણા કરનાર સંતો તેની પાવન વાણીવર્ષાથી આપણા રૂક્ષ હૃદયને કોમળ બનાવે છે, અનંતકાળથી આત્મા ઉપર અજ્ઞાનના આવરણને અમૃતવાણીની મૂશળધાર વર્ષાથી ભેદી જ્ઞાનબીજને અંકુરિત કરવામાં સહાય કરે છે.

આકાશમાંથી વરસતી વર્ષાની જલધારા ધરતીને ધાન્યથી ભરી વસુંધરા પર વસતા સર્વે જીવોનાં સુખ સમૃદ્ધિમાં વધારો કરે છે, તેમ સંત પુરુષની દિવ્યવાણી

ભવ્યજીવોનું આત્મકલ્યાણ અને આત્મસુખમાં વૃદ્ધિ કરે છે સ્વાતિ નક્ષત્રનું વર્ષાનું બિંદુ કાલુ માછલીના મુખમાં પડવાથી તે મોતી બને છે, તેમ સત્પુરુષની વાણી જીવના અંતરઆત્માને સ્પર્શવાથી સમકિતરત્નની પ્રાપ્તિ કરાવે છે. દરેક ધર્મ, પરંપરાને સંપ્રદાયના લૌકિક અને લોકોતર પર્વો ચાર્તુમાસમાં આવે છે.

મંદિરો, તીર્થસ્થાનો, દેરાસરો અને ઉપાશ્રયોમાં સંત-સતીઓ બિરાજમાન હોય એટલે વર્ષાવાસમાં સંતસમાગમની તક વધુ મળે. વર્ષાઋતુ, ધર્મ, અધ્યાત્મ-ચિંતન અને વ્રતની મોસમ છે. ખેડૂતો આ ઋતુમાં પોતાના ખેતર પર વધુમાં વધુ ધ્યાન આપી ખૂબજ ધાન્ય ઉગાડવાનો પ્રયત્ન કરે છે. તેમ સાધક આત્માઓ આ મોસમમાં સંતોની નિશ્રામાં વધુમાં વધુ આત્મસમીપે પહોંચવાનો પુરુષાર્થ કરે છે.

ગીતાર્થ ગુરુભગવંતો આ કાળમાં નિત્ય કોઇ પણ વ્રતમાં રહેવાનો ઉપદેશ આપે છે. એટલે ચાતુર્માસને વિરતિનું નંદનવન કહીશું. આપણાં મન-વચન અને કાયાના સતત પરિભ્રમણને વિશ્રાંત કરવાનો આ ઋતુ-કાળ છે. ઉપકારી સંતોની નિશ્રામાં વિરતિના નંદનવનમાં વિહાર કરીએ.

## મર્યાદામહોત્સવ : આત્મનિરીક્ષણનો અવસર

જિનેશ્વરદેવે શાસ્ત્ર પ્રરૂપ્યા, ગુરુ ગણધર તથા તેમની શિષ્ય પરંપરાએ, એ ઉપદેશ સૂત્ર સિદ્ધાંત અને આગમરૂપે ગુંથ્યા આમ સદ્‌ગુરુને કારણે આપણને આગમરૂપી વારસો મળ્યો. શાસ્ત્રોમાં માર્ગ બતાવ્યો છે, મર્મ નથી બતાવ્યો, મર્મ તો સદ્‌ગુરુના અંતરમાં પડયો છે. ગુરુ, દોષ જોઇ આપણને જાગૃત કરે ભૂલીએ ત્યાં ફરી ગણવાની પ્રેરણા આપે, પરમ-કલ્યાણમિત્ર, કરુણાનિધાન સદ્‌ગુરુ, હિતબુદ્ધિએ વિવિધ ભેદરૂપ નીતિ આચરીને સાધકને સીધે રસ્તે ચડાવે.

ધર્મશાસનનું સુકાન આચાર્ય અને સાધુભગવંતો સંભાળતા હોય, તેમની પાસે ચારિત્ર્યપાલનની ઊંચી અપેક્ષા રાખવામાં આવે તે સ્વાભાવિક છે. વળી વર્તમાને ગુરુની અનિવાર્યતા છે. કારણકે આ કાળમાં આ ક્ષેત્રે અરિહંત પ્રભુ આપણી વચ્ચે સદેહે નથી ત્યારે આપણા માટે જો કોઇ સચોટ અને સબળ માર્ગદર્શક હોય તો તે એક જ છે અને તે છે સદ્‌ગુરુ.

આ ફરજની સભાનતાથી તેરાપંથ સંપ્રદાયમાં અવ્યવસ્થા ન પ્રવર્તે, સંઘ શક્તિશાળી અને સંગઠિત બની રહે તેવા શુભ આશયથી મર્યાદાપત્ર નામનો એક દસ્તાવેજ આપ્યો. જેને સંઘ ચલાવવાનું માર્ગદર્શક-પવિત્ર બંધારણ કહી શકાય. શ્રાવકાચાર અને સાધુજીની સમાચારીના ચૂસ્ત પાલન માટે, પવિત્ર મર્યાદાપત્રને આચરણમાં મૂકવા માટે ચતુર્થ આચાર્ય શ્રી જયાચાર્યે મર્યાદા મહોત્સવ ઉજવવાની પરંપરા શરૂ કરી.

શ્રાવકોને ક્યારેક શ્રાવકાચારના પાલનમાં શિથિલતા આવી જવાની સંભાવના રહે છે. જૈનધર્મનો સયંમમાર્ગ અતિ કઠીન છે અનેક પરિષહો સહીને ઉપસર્ગો સામે ઝઝૂમતા સંત-સતીઓ ચારિત્રયાત્રામાં આગળ હોય છે. પંચમહાવ્રતધારી સાધુ સંતો પણ આપણા જેવા માનવ છે. ક્યારેક શાસ્ત્રના અયોગ્ય અર્થઘટનને કારણે તો ક્યારેક પ્રમાદ કે કર્મોદયને કારણે આચાર-પાલનમાં શિથિલતા આવે તે માનવ સહજ મર્યાદા છે. પરંતુ આવી ભૂલોનું પુનરાવર્તન ન થાય તેને માટે મર્યાદા મહોત્સવ યોજવામાં આવે છે.

પ્રથમ તો સંઘ એકત્ર થઇ અને મર્યાદાનો સ્વીકાર કરે છે. મર્યાદામહોત્સવ વર્ષમાં એકવાર કરવામાં આવે છે. સંપ્રદાયના તમામ સાધુ-સાધ્વીઓ અને તમામ સંઘોના પ્રતિનિધિઓ મર્યાદા મહોત્સવમાં એકત્ર થાય છે મર્યાદામહોત્સવમાં વીતેલા વર્ષ દરમ્યાન થયેલી ભૂલો અને ક્ષતિઓનું અવલોકન કરવામાં આવે છે. મર્યાદા મહોત્સવ એટલે આત્મનિરીક્ષણનો અવસર અહીં એક સિદ્ધાંત અભિપ્રેત છે કે, જે વ્યવસ્થા દંડ ભય અને લાલચથી ન થઇ શકતી હોય તે અંતઃકરણના અનુશાસનને અનુસરવાથી સહજ બને છે.

ચાતુર્માસમાં સંતો અલગઅલગ સ્થળે બીરાજમાન હોય એટલે શેષકાળમાં અને ખાસ કરીને શીતકાળમાં વર્ષમાં એકવાર બધા જ શકય હોય તેટલા સાધુસંતો એક જ જગ્યાએ ભેગા થાય અને મર્યાદામહોત્સવ ઉજવવામાં આવે છે. મુખ્ય કાર્યક્રમ એક જ જગ્યાએ થાય પરંતુ જે સાધુ-સાધ્વીજીઓ ઘણાંજ દૂરના સ્થળે ચાતુર્માસમાં બીરાજમાન હોય અને અશકત કે બીમાર સાધુ-સંતો કાર્યક્રમ સ્થળે પહોંચી ન શકે તે જ્યાં હોય ત્યાં મર્યાદાનું સ્મરણ કરે છે. આવા સંતો જે ક્ષેત્રમાં બીરાજમાન હોય તે સંઘના પ્રતિનિધિઓ ઉત્સવમાં ભાગ લેવા માટે જાય છે. સંઘના પ્રતિનિધિઓના માધ્યમ દ્વારા દરેક સાધુ-સાધ્વીઓ મહોત્સવમાં પોતાના વિચારોનું આદાન-પ્રદાન કરી શકે છે.

મુખ્ય મર્યાદામહોત્સવમાં સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા એમ ચતુર્વિધ સંઘ એકત્રિત થાય છે. શ્રાવકાચાર અને સાધુની સમાચારી અંગે વિચાર વિમર્શ કરવામાં આવે છે. શ્રી જયાચાર્યે શરૂ કરેલી પરંપરા મુજબ મહા સુદ ૭ ને દિવસે મર્યાદા મહોત્સવ પ્રતિવર્ષ ઉજવવામાં આવે છે. આ મહોત્સવમાં ચતુર્વિધ સંઘના કોઇપણ પ્રતિનિધિ સૂચનો આપી પોતાના વિચારો પ્રદર્શિત કરી શકે છે. દિવસ દરમ્યાન સાધુ-સાધ્વીની સાથે ગોષ્ઠિ ગોઠવવામાં આવે છે અને રાત્રે સાધુજીઓની અલગ અને સાધ્વીજીઓની અલગ બેઠક ગોઠવવામાં આવે છે. શ્રાવક-શ્રાવિકાઓના ધાર્મિક અને આધ્યાત્મિક શિક્ષણ અંગે ચિંતન અને વિચારણા થાય છે. દરેક ક્ષેત્રના વિશેષજ્ઞ અને અનુભવી સાધુજી કે શ્રાવકનાં પ્રવચન ગોઠવવામાં આવે છે.

સંતજનો સમગ્રવર્ષની પ્રવૃત્તિઓનો અહેવાલ ગુરુદેવ સમક્ષ રજૂ કરે છે, એનું દક્ષતાપૂર્વક નિરીક્ષણ કરી એમાં આચારવ્યવહાર અનુશાસન અને વ્યવસ્થામાં કોઇ ત્રુટી

કે દોષ જણાયતો એનો યોગ્ય ઉપચાર પ્રાયશ્ચિત કરાવે છે. વિશેષ સંપ્રાપ્તિ કે ઉપલબ્ધિ ને અભિવંદના કરવામાં આવે છે. એક જ ગુરુની આજ્ઞામાં સાધના કરવાવાળા આ શિષ્ય-શિષ્યાઓ પ્રાયશ્ચિત્ત કે બહુમાન ને તટસ્થભાવે સ્વીકારી લે છે. તેરાપંથ જૈનસંઘની પ્રાણાલી મુજબ માત્ર આચાર્ય ભગવંત જ ચાતુર્માસ વિહાર, દિશા નિર્દેશ કરે છે જેનો પ્રત્યેક સંતજન હૃદયપૂર્વક સ્વીકાર કરે છે. કોઇપણ એકને એક સ્થળે વારંવાર જવાથી તે સ્થળ અને ત્યાંના શ્રાવકો પ્રતિ મમતા બંધાઇ જાય છે આવું ન થાય તેની સજાગતા સાથે વિહાર અને ચાતુર્માસ અંગેનો ગુરુભગવંત નિર્દેશ કરે છે. સાધનામાં જાગૃતિ સાથે નિર્મળતાથી મુક્તિ માર્ગમાં આગળ વધી શકાય તેવો કાર્યક્રમ ઘડવામાં આવે છે. અહીં સંપ્રદાયના તમામ સાધુઓ એકબીજાના સાથી, કારણકે તમામ સાધકવૃંદ માત્ર એકજ આચાર્યની આજ્ઞામાં રહે છે માટે તમામે તમામ તે આચાર્યજીના શિષ્ય છે.

બીમાર કે અશકત સાધુસંતો માટે સેવાકેન્દ્રો ચલાવવામાં આવે છે ત્યાં વૈયાવચ્ય માટે પ્રતિવર્ષ વારાફરતી ચાતુર્માસ માટે અલગ અલગ ગ્રુપને મોકલવામાં આવે છે વૈયાવચ્ય કરવા માટેનાં કેન્દ્રોમાં જવા બધા સંતજનો તત્પર હોય છે તે સ્થળનું ચાતુર્માસ સામેથી માંગવામાં આવે છે. અહીં પ્રત્યેક શિષ્ય ગુરુ પ્રત્યે સમર્પિત ભાવ પ્રગટ કરે છે. વર્ષ દરમ્યાન સાધના, ચિંતન, મનનના પરિપાક રૂપે તૈયાર કરેલ સ્વાધ્યાય નોંધ, પુસ્તકો પોથીઓ વગેરે પણ ગુરુના ચરણે સમર્પિત કરી દે છે આ સમર્પણ ભાવના સમૂહ ઉચ્ચારણ દ્વારા પ્રત્યાખ્યાન સાથે મર્યાદા પત્રનો સ્વીકાર ભાવ પ્રગટ કરવામાં આવે છે. મર્યાદાપત્રના સંદર્ભ પ્રમાણે શ્રદ્ધા, આચાર કલ્પ અથવા સૂત્રનો કોઇ વિષય પોતાની સમજમાં ન આવે અથવા કોઇ નવો પ્રશ્ન ઊભો થાય તો આચાર્ય અને બહુશ્રૃત વિદ્વાન સાથે ચર્ચા કરી તેનું સમાધાન કરવામાં આવે છે. છતાંય સમાધાન ન થાય તો કેવલીગમ્ય એટલે આ વિષય માત્ર કેવળજ્ઞાની ભગવાન જ જાણી શકે તેમ કહી પોતાની મર્યાદાનો સ્વીકાર કરી લેવામાં આવે છે.

સંયમમાર્ગમાં ઉપસર્ગો સામે ઝઝુમવાનું હોય છે અને પરિષહો સમતા ભાવે સહેવાના હોય છે તે નિયમના સ્વીકાર સાથે સાધુની જીવનચર્યામાં ઊભી થયેલી કોઇ અન્ય મુશ્કેલીઓનું ચર્ચા વિચારણા બાદ નિરાકરણ કરવાનો પુરુષાર્થ કરવામાં આવે છે.

આગમપરંપરાને ધ્યાનમાં રાખી નવાયુગની અપેક્ષા પૂર્ણ થાય તે રીતે વિચાર વિમર્શ કરી નિર્ણય લેવામાં આવે છે.

સર્વ સાધુ-સાધ્વીઓ પાંચ મહાવ્રત, પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિની અખંડ આરાધના કરે, ઇર્યાસમિતિ, ભાષાસમિતિ અને એષણાસમિતિ પરત્વે વિશેષ સાવધાન રહે. આમ અષ્ટપ્રવચનમાતાની આરાધના સાથે જયણા, પ્રતિલેખન વ. કરે તે મર્યાદાપત્રમાં અભિપ્રેત છે.

મર્યાદામહોત્સવમાં સાંપ્રતકાળના પ્રવાહમાં શાસ્ત્રાનુસારી યોગ્ય અર્થઘટન કરી પ્રગતિશીલ નિર્ણયો લેવામાં આવ્યા છે.

પહેલા તેરાપંથી સંતજનો દિવસે પહેરવાનાં કપડાં ધોતા ન હતાં પરંતુ સામાજિક સંપર્કના અભિગમને ધ્યાનમાં લેતા સ્વચ્છતા માટે કપડાં ધોવાના મર્યાદિત નિયમો બનાવ્યા.

પહેલા કેળાં, સાધુની સામે છાલ ઉતારીને ગોચરીમાં વહોરાવામાં આવે તો સ્વીકારી લેવાતા, હવે તેને સચેત ગણવામાં આવે છે જેથી સંતજન પધારે તે પહેલા જ કેળાંની છાલ ઉતારી લેવામાં આવી હોય તોજ તેને સ્વીકારવામાં આવે છે.

એકવા ગાર્ડમાંથી પસાર થયેલા શુદ્ધ પાણી અંગે બે ત્રણ વર્ષની ચર્ચા-વિચારણા અને ચિંતન પછી, મર્યાદામહોત્સવમાં એવા નિષ્કર્ષ પર આવ્યા કે, એકવા ગાર્ડનું પાણી અચેત કહેવાય અને તે સ્વીકારી શકાય.

એકવાર લેવાયેલો નિર્ણય બીજા મર્યાદામહોત્સવમાં અનુભવ અને સૂચનોને કારણે બદલી પણ શકાય છે. જે સાધુ-સંતો કે સંઘો ઉપસ્થિત ન હોય તેને, પ્રતિનિધિ દ્વારા નિર્ણયોની જાણ કરવામાં આવે છે.

જૈનોના તેરાપંથ સંપ્રદાયમાં ૭૫૦ સાધુ સાધ્વીઓ અને અનેક શ્રાવક શ્રાવિકાઓ માત્ર એકજ આચાર્યની ધર્મ આજ્ઞા, નિર્દેશન હેઠળ સંઘબદ્ધ સાધના કરે છે, તે પૂર્વાચાર્ય શ્રી ભિક્ષુસ્વામી અને શ્રી જયાચાર્યે કરેલી વ્યવસ્થા અને મર્યાદાને આભારી છે.

પોતાની મર્યાદાઓનો અભ્યાસ કરવા, પોતાની ક્ષતિઓ અને ત્રુટિઓનું અવલોકન કરવા અને ભાવિના વિકાસ માટે દરેક ધર્મ અને દરેક સંપ્રદાયના સંતજનો અને સાધકો જો આવા મર્યાદા મહોત્સવ યોજે, તો તે અધ્યાત્મવિકાસ માટેનું ઉત્કૃષ્ઠ પગલું ગણાશે જે નવી દિશા ખોલશે.

આ વર્ષે રાજસ્થાનના ચુરૂ જિલ્લામાં ચાડવાસ નામના ગામમાં ૧૧ થી ૧૩ ફેબ્રુઆરી સુધી ગણાધિપતિ તુલસીની પ્રેરણાથી તેરાપંથના વર્તમાન દસમા આચાર્ય પૂ.મહાપ્રજ્ઞજીના નેતૃત્વ નીચે મર્યાદામહોત્સવ ઉજવાઇ રહ્યો છે. આજ દિવસોમાં વિદ્વાન પૂજ્ય રાકેશમુનિ પુનામાં મર્યાદા સ્મરણનો કાર્યક્રમ યોજશે.

## તપસ્વી પૂ. માણેકચંદજી મહારાજની જીવન ઝરમર

ભારતવર્ષનું સ્થાન વિશ્વમાં સાંસ્કૃતિક દૃષ્ટિએ અજોડ છે. આધ્યાત્મિક અને સાંસ્કૃતિક પરંપરાનો એક વિશિષ્ટ વારસો આ દેશમાં જળવાઈ રહ્યો છે. વિશ્વના ઈતિહાસમાં આધ્યાત્મિક ઉત્ક્રાંતિ સર્જનાર ભારતવર્ષ છે. દર્શન સાહિત્યમાં વિશિષ્ટ આત્મચિંતનની દેણ ભારતના મનીષીઓ ઋષિઓ અને સત્પુરુષોની છે.

એવા પવિત્ર ભારતભૂમિના પશ્ચિમ દિગ્વિભાગમાં આવેલ સૌરાષ્ટ્ર એ સંતોની ભૂમિ છે. આ ધન્ય સૌરાષ્ટ્રની ધરણીએ તેજસ્વી રણવીરો, યશસ્વી ધર્મ પ્રવર્તકો અને ઓજસ્વી યુગપુરુષોને જન્મ આપી સૌરાષ્ટ્રને સમગ્ર ભારતનું આકર્ષણનું કેન્દ્ર બનાવેલ છે.

પ્રાતઃ સ્મરણીય, પરમ વંદનીય પૂ. માણેકચંદ્રજી મહારાજ, જૈન અને જૈનેતરોમાં ઘણું ગૌરવવંતુ સ્થાન ધરાવે છે. પૂજ્યશ્રીના જીવન વિશે, સંક્ષેપમાં મહત્ત્વની જીવન વિગતો દર્શાવવાનો મુખ્ય આશય છે. તેઓશ્રીના મહાન પ્રેરણાદાયક જીવનમાંથી આજની પેઢી એકાદ અંશ પણ સ્વીકારે તો પણ તેનું જીવન ધન્ય બની રહે તેવી ઉત્તમ ગુણસમૃધ્ધિ સભર પૂજ્યશ્રીનાં ચરણોમાં વંદન.

સૌરાષ્ટ્રની પુણ્યભૂમિમાં અનેક મહાન આત્માઓએ જન્મ ધારણ કર્યો છે અને એ ધરતી તથા વિશ્વની ધરતીના માનવીને અનોખી પ્રેરણા પૂરી પાડી છે. જેતપુરની ભૂમિ એ એમની જન્મભૂમિ છે. વિક્રમ સંવત ૧૯૧૫માં આ તપોધની તપસ્વીરાજનો જન્મ થયો.

સાંસારિક પિતા શ્રી પ્રેમજીભાઈ ખેતસી ગાંધી, સરળ સ્વભાવી, ધર્મનાં રંગે રંગાયેલ, ઈશ્વરનિષ્ઠ સદ્ગૃહસ્થ હતા. તેઓ પ્રામાણિકતાથી વ્યાપારથી આજીવિકા મેળવતા હતા. નીતિથી સંતોષમય જીવન જીવતા હતા. સાધુજનોની સેવાભક્તિ, ધર્માચરણ આત્મસંતોષ તેમના વ્યક્તિત્વના મુખ્ય આલોક અંગો હતા. વ્રતધારી શ્રાવકમાં સંભવિત કષાયમંદતા અને નિર્મળતા તેમના જીવનમાં જોઈ શકાતી હતી. સંત સાન્નિધ્ય અને શાસ્ત્રશ્રવણ તેમની પ્રિય પ્રવૃત્તિ હતી. આ ધર્મનિષ્ઠ શ્રાવકનું,

કુટુંબ અને સમાજમાં મહત્ત્વનું સ્થાન હતું. સાદુ-સાત્ત્વિક અને અનુકરણીય જીવન તેઓ વ્યતીત કરતા હતા.

શ્રી પ્રેમજીભાઈના પાપભીરુ ગૃહિણી, વ્યવહાર કુશળ શ્રી કુંવરબાઈ નામના ધર્મપરાયણ પત્ની હતા. તેઓનું દાંપત્યજીવન ધર્મ પરાયણ અને સંતોષી હતું. ધર્મનાં સંસ્કારો પૂર્વનાં પુણ્યથી સહજ પ્રાપ્ત હતા. ત્યાગ, તપ અને સંવેગ, નિર્વેદ વગેરે ગુણની વૃધ્ધિ થતી હતી. ધર્મની સમજણને કારણે પૈસાની તૃષ્ણા કે ઝંખના એમને સતાવતા ન હતા. સાધુ પુરુષોના સમાગમથી આ દંપતીના અધ્યાત્મનેત્રો ઉઘડ્યા હતા.

આ સદ્‌ગુણશીલ દંપતી, પોતાના શાંત અને આનંદપૂર્ણ જીવનને સંતોષ સાથે કલાત્મક રીતે જીવી રહ્યા હતા. આ દંપતીને ઘેર અનુક્રમે ત્રણ પુત્રો શ્રી જયચંદભાઈ, શ્રી માણેકચંદભાઈ, શ્રી માવજીભાઈ તથા એક પુત્રી ઉજમબાઈનો જન્મ થયો. સૌથી મોટા જયચંદભાઈ તે પછી ઉજમબાઈનો જન્મ થયો હતો. માણેકચંદભાઈ ત્રીજું સંતાન અને સૌથી નાના માવજીભાઈ.

માતાપિતાના લાડકોડ અને સ્નેહ પૂરેપૂરો માણે તે પહેલાં પિતા પ્રેમજીભાઈનું અને બે વર્ષ પછી માતા કુંવરબાઈનું અવસાન થયું. માતાએ અંતિમ સલાહ આપતા, બાળકોને કહ્યું —

"તમે બધા ભાઈઓ સંપીને રહેજો. જૈનધર્મ સિવાય આત્મકલ્યાણ કરી શકે એવો બીજો કોઈ ઉત્તમ ધર્મ નથી. તેથી જૈનશાળામાં નિયમિત જવું. ધર્મમાં પ્રેમ રાખવો. સાધુપુરુષો અન સાધ્વીજીના દર્શન સમાગમમાં રતિ રાખવી. તેમની સેવાનો લાભ યથાશક્તિ લેવો. આપણા જ્ઞાનમાં ઉતરે અને શરીર સ્વાસ્થ્ય જળવાય. અનાકુળતા ન વધે એવી ધર્મક્રિયાઓ વિશુધ્ધ પરિણામો સાથે કરતા રહેવી. તત્ત્વજ્ઞાન વધારતા રહેવું. મારા વિષેની મમતાનો ત્યાગ કરી જગતની વિચિત્રતાનો વિચાર કરો. શાંતિ, ધૈર્ય અને સહિષ્ણુતા સાથે દરેક કાર્યો કરવા. મહેનતને જીવનનો મૂળમંત્ર બનાવવો, આળસ ન રાખવી. પારસ્પરિક ભ્રાતૃત્વની પવિત્ર ભાવનાઓ વધારતા રહેવી. જીવનના સાચા સૂત્રો જીવન સાથે વણી લેવા. ધર્મ, ધર્મનિષ્ઠા અને ધર્મ વ્યવહાર સાચવવા."

માતાના આ ઉમદા વિચારોને સમજી શકે તેવી પંદર વર્ષની ઉંમર, શ્રી જયચંદભાઈની હતી અન્ય ત્રણ બાળકો વયમાં ખૂબ નાના હતા. પરંતુ માતાનો ઉત્તમ સંસ્કાર વારસો પૂ. માણેકચંદ્રજી મહારાજ સાહેબે દીપાવ્યો છે. ભવિષ્યમાં ઉત્તમ ગુણસંપત્તિના સ્વામી થવાના છે તેનું મંગલ બીજારોપણ માતાએ કર્યું છે.

માતાના મૃત્યુથી બાળકો સાવ નોધારા બની ગયા. માની વસમી વિદાય ડગલે અને પગલે સાલવા લાગી. માના વિયોગનું હૃદયવિદારક આક્રંદ મોસાળ પક્ષને વધારે પીડવા લાગ્યું અને બાળકોને મોસાળ લઈ જવાનો નિર્ણય થયો મોટા જયચંદભાઈ બિલખા નોકરી કરવા ગયા અને અન્ય ત્રણેય બાળકો મોસાળ ગયા.

પૂ. દેવજીસ્વામીના દર્શન અને ચિંતનસભર પ્રવચનનો લાભ જયચંદભાઈને મળે છે. વીતરાગ વાણીનું શ્રવણ તેમના આત્માને જાગૃત કરે છે. તેમનામાં વૈરાગ્યભાવ તીવ્રરૂપ ધારણ કરે છે. 'ગુરુચરણનું શરણ' એક માત્ર જીવન ધ્યેય બને છે. દીક્ષા અંગીકાર કરવાનો નિર્ણય કરે છે. પરંતુ વડીલોમાંથી કોઈની આજ્ઞા મળતી નથી. છતાં હૃદયથી ઈચ્છે છે કે ત્રણેય ભાઈઓ જો વૈરાગી બની જાય તો કામ સરળ બની જાય.

પરંતુ વિધિની વિચિત્રતા કોણ પામી શક્યુ છે? શીતળાના રોગમાં બહેન ઉજમબાઈ અને ભયંકર તાવની બીમારીમાં નાનાભાઈ માવજીભાઈનું અવસાન થાય છે.

બન્ને ભાઈઓ જયચંદભાઈ તથા માણેકચંદભાઈ બધા વડીલોને દીક્ષા આપવા માટે વિનવે છે પણ કોઈની આજ્ઞા મળતી નથી.

શ્રી માણેકચંદભાઈનો દીક્ષા અંગીકાર કરવાનો નિર્ણય દૃઢ હતો. માણેકચંદભાઈએ સરળ ઉપાયશોધી કાઢ્યો, ''મોટાભાઈ! તમારી દીક્ષાનો કાળ હજી પાક્યો હોય એમ લાગતું નથી. મારે તો હવે સંસાર અવસ્થામાં નકામો સમય ગાળવો નથી. બહેન ગુજરી ગયા. આપણો નાનો ભાઈ માવજી, દીક્ષા દીક્ષા કરતો કરાળ

કાળનો કોળિયો થઈ ગયો અને આપણે પણ કેટલા દિવસના મહેમાન છીએ તે જ્ઞાની સિવાય કોણ જાણી શકે? તો કૃપા કરી મને મહારાજશ્રીના ચરણોમાં સોંપી દો અને દીક્ષાની આજ્ઞા આપી કૃતાર્થ કરો.''

ભાઈની આ વિનંતીએ જયચંદભાઈને વિચારતા કરી મૂકયા, શ્રી માણેકચંદભાઈને દીક્ષાની આજ્ઞા આપવાનો પોતાનો નૈતિક અધિકાર છે તેમ સમજતા, વિલંબ કર્યા વગર પૂ. શ્રી દેવજીસ્વામીની સેવામાં તેઓ બન્ને પહોંચી ગયા. પૂ. શ્રી એ સમયે માંગરોળ મુકામે બીરાજતા હતા. તેઓની સમક્ષ વિનંતી કરી કહ્યું, ''ગુરુદેવ આપ એને આપના ચરણનો સેવક બનાવો'' શ્રી દેવજીસ્વામીએ માણેકચંદ્રની વૈરાગ્યવૃત્તિની આકરી કસોટી કરી, પરંતુ શ્રી માણેકચંદભાઈએ પોતાની મક્કમતા દર્શાવી, કહ્યું —

''નથી ચપલ મતિ મારી, નિયમ મારો નથી જ ફરવાનો,
નાશવંત વસ્તુમાં, મોહ ધરીને હું નહીં વસનારો;
નથી વિશ્વ આ સાચું, રાચું નહીં એ નિશ્ચય મમધારો.''

શ્રી માંગરોળ સંઘે પણ દીક્ષાનો નિર્ણય કર્યો અને શુભ મુહૂર્ત સં. ૧૯૨૮ના પોષ સુદ ૮ રવિવારનું કરાવ્યુ. દીક્ષાની ભવ્ય તૈયારીઓ આરંભાઈ. અને ખૂબ ઠાઠમાઠથી દીક્ષા મહોત્સવ ઉજવાયો. સાધુના શ્વેત વેશમાં તેર વર્ષના માણેકચંદભાઈ ખૂબ શોભી ઉઠ્યા. જૈન શાસનને એક મહાન સંત મળ્યા.

પરમશ્રધ્ધેય, તપસ્વી શ્રી માણેકચંદજી મહારાજ સાહેબ તો બાલ્યવયથી સાંસારિક વિષયોમાંથી નિર્વેદ પામ્યા હતા. તેથી તેઓ ભાગવતી માર્ગ ઉપર ખૂબ મક્કમ પગલે પ્રગતિ કરવા લાગ્યા. વિઘ્નોથી ડરવાને બદલે ધૈર્ય અને સ્થિરતાનો સહારો લઈ, જીવનના આદર્શ અને સાધનાના ઉન્નત માર્ગમાં અડગ રહ્યા. શારીરિક પ્રતિભામાં જ્ઞાન અને ચારિત્રનું તેજ ભળતાં તેમનું સંયમ જીવન સોળે કળાએ દીપી ઉઠ્યું.

દીપક જેમ સ્વ અને પરનો પ્રકાશક છે તેમ જ્ઞાન પણ સ્વ અને પરનું પ્રકાશક છે. જ્ઞાનનું સાક્ષાત ફળ કષાય ઉપશાન્તિ છે, માત્ર અજ્ઞાન નિવૃત્તિ નહી. જે જ્ઞાનમાં સ્વ અને પરની વિવેકની બુધ્ધિ જાગૃત ન થાય તે જ્ઞાન,

જ્ઞાનની કોટિમાં આવી ન શકે. જ્ઞાનનું અંતિમ ફળ મોક્ષની પ્રાપ્તિ છે. એવી દૃઢ માન્યતા ધરાવનાર પૂ. શ્રીની જ્ઞાનપિપાસા અજોડ હતી. તેઓની તીવ્ર ઈચ્છા મારવાડના જ્ઞાની સંતો પાસેથી જ્ઞાન મેળવવાની હતી. પૂ. દેવજીસ્વામી તથા સંઘની આજ્ઞા મુજબ તેઓએ મારવાડ વિહાર કર્યો અને પૂ. શેખરાખજી મ. સાહેબ તથા પૂ. ફકીરચંદજી મ. સાહેબ પાસેથી જ્ઞાનોપાર્જન કર્યું. જ્ઞાનદાતા ગુરૂએ ઉત્મ આશીર્વાદ આપ્યા જ્ઞાનના સાધનરૂપ હસ્તલિખિત ગ્રંથો અને આગમોની અમૂલ્ય ભેટ આપી. ઉગ્રવિહાર કરીને પૂ. માણેકચંદજી મ.સા. સૌરાષ્ટ્રમાં પૂ. દેવજીસ્વામીનાં ચરણોમાં સાતાપૂર્વક આવી પહોંચ્યા અને તેઓની ઉત્તમ પ્રકારની સેવાનો પ્રારંભ થયો. વૈયાવચ્ચ સેવાની તેમની ભાવના અત્યંત ઉચ્ચ પ્રકારની હતી. સં. ૧૯૪૭નું ચાતુર્માસ ઉત્તમ રીતે ગુરુની નિશ્રામાં પૂર્ણ થયું પરંતુ સં. ૧૯૫૩નું ચાતુર્માસ ચિંતાજનક બની ગયું. ગુરુદેવની તબિય ઉત્તરોત્તર વધુ ખરાબ થવા લાગી. પૂજ્ય તપસ્વીજીએ સેવાની આ અંતિમ તક છે. તેમ સમજી સેવા અને શાસ્ત્રના સ્વાધ્યાયનો ભાર પૂરા ઉમંગથી ઉપાડી રહ્યા હતા. ગુરુદેવની પાસે ચોવીસે કલાક તેઓ ખડા પગે રહેતા અને ઊભા ઊભા જ શાસ્ત્રનો સતત સ્વાધ્યાય કરી, અધ્યાત્મભાવ ઉદીપી કરતા હતા. એક પળનો આરામ પણ હરામ હતો. ગુરુદેવે આજસુધી વરસાવેલી કૃપા સુધાનો બદલોવાળી દેવા પૂરી શક્તિથી મચી પડ્યા હતા. બે માસ સુધી સતત માંદગી ભોગવી છતાં છેક સુધી શાંતિ, સ્થિરતા અને ચિત્તસમાધિ જળવાઈ રહી હતી. આખરે પૂ. ગુરુદેવે સંથારો સ્વીકાર્યો અને સં. ૧૯૫૪ માગસર સુદ ૧૩ના સમાધિમરણે સ્વર્ગે સીધાવ્યા. ગુરુદેવની ચિરવિદાય પૂ. તપસ્વીજીના જીવનમાં સદા અંકિત રહી ગુરુનો ઉપકાર કદી ભૂલ્યા નહીં. તેઓની સેવાભાવનાએ અનોખો ઈતિહાસ સાધ્યો છે.

સેવાની ઉત્તમ ભાવના સાથે પૂ. તપસ્વીજીએ, પંચમહાવ્રતોને સફળ બનાવવા તપસાધનાને જીવનનો, સાધક જીવનનો સહજ કાર્યક્રમ બનાવી દીધો હતો. ત્યાગની એમની ઉત્કટ ભાવનાએ સમગ્ર જૈન મુનિઓમાં તેઓને અજોડ, ગૌરવવંતુ સ્થાન અપાવ્યુ છે અને સમસ્ત જૈન સમાજ આજે પણ અપાર પૂજ્યભાવ અને વંદન સાથે સ્મરણ કરી, આશીર્વાદ યાચે છે. અપૂર્વ આત્મપુરુષાર્થ અને વૈરાગ્યમાંથી જન્મ પામતી તેમની અલૌકિક આત્મશક્તિને વંદન. તેઓના તપની મુખ્ય આકર્ષક વિગતો આ પ્રમાણે છે.

૧) ૧૭ વર્ષની યુવાવસ્થામાં પ્રવેશ પામતાં સંવત ૧૯૩૨માં યાવજ્જીવન પાણીનો સદંતર ત્યાગ કર્યો.

૨) ૧૨ વર્ષ સુધી માખણ વગરની છાશમાં કાચો લોટ ભેળવી પોતાના સંયમજીવનનો નિર્વાહ કર્યો. લાકડાના વેરને છાશમાં ભેળવી ચલાવી લેતા.

૩) કેરી અને કેરીના રસનો તથા દરેક જાતની સુખંડીનો ઉપભોગ ન કરવાની પ્રતિજ્ઞા કરી. ૭ થી ૮ દ્રવ્યોના ઉપયોગ કરતા, વસ્ત્રોની પણ મર્યાદા હતી.

૪) ગરમીમાં ધગધગતી રેતી ઉપર આતાપના લેવાનું અને ઠંડીમાં રાતે હાથ પસારી ઊભા રહી ધ્યાન ધરવાનો નિયમ કર્યો.

૫) બે કલાકથી વધારે નિદ્રા લેવાનો ત્યાગ કર્યો.

૬) એક આસન ઉપર ત્રણ-ત્રણ કલાક જપ અને સ્વાધ્યાયનો નિયમ કર્યો.

૭) શાસન પ્રભાવના અને જ્ઞાન પ્રચાર માટે મુંબઈ અને કચ્છ સુધીનો ઉગ્ર વિહાર કર્યો.

૮) સ્વાધ્યાય તપના સમર્થ પુરસ્કર્તા, અહોરાત સ્વાધ્યાય-ધ્યાનમાં લીન રહેવાનો અજોડ પુરુષાર્થ કરી અનોખી સાધનાનું ઉત્તમ ઉદાહરણ અર્પી રહે છે, કોટિ કોટિ વંદન.
એમની ચારિત્રનિષ્ઠા, રસપરિત્યાગ અને વૃત્તિસંક્ષેપરૂપ તપ અજોડ છે.

તપસ્વીજી એક ક્રાંતિકારી યુગપુરુષ હતા. યુગપુરુષ પૂ. તપસ્વીજીના હૃદયમાં, વીરવાણીની સાચી સમજણ લોકોમાં વિકસે તે માટેનો અદમ્ય ઉત્સાહ હતો. ધર્મની શ્રધ્ધાવાળા એ યુગમાં લોકો બાહ્યક્રિયાકાંડોમાં રાચતા હતા. ક્રિયાઓ કરનાર ધાર્મિક વ્યક્તિ ગણાતી હતી. બાહ્ય ક્રિયાઓના બાહ્ય દેખાવો વધી પડ્યા હતા. જ્ઞાન સાથેનો સંબંધ ઘટવા લાગ્યો હતો. તેઓએ દર્શાવ્યુ કે ભગવાન મહાવીરનો અનુયાયી *વર્ગ જેમ શ્રી સંપન્ન છે. તેમ જ્ઞાન સંપન્ન થશે તો જ ધર્મનું વાસ્તવિક સ્વરૂપ સચવાશે.*

અન્યથા આત્મકલ્યાણ માટેનો પરમપાવન વીતરાગ ધર્મ કાળે કરી અર્થ પ્રધાન થઈ જશે. તેથી જ્ઞાનનો બહોળો પ્રચાર, સમાજને ટકાવવા, નભાવવા અને જગાવવા બહુજ અનિવાર્ય છે. તેથી તેઓએ જ્ઞાન અને જ્ઞાનનાં સાધનોનો જોરશોરથી પ્રચાર આરંભ્યો. ''જો મહાવીરના શાસનને ટકાવવું હોય તો જ્ઞાન અને જ્ઞાનનાં સાધનો અને જ્ઞાનાશાળાએ ઊભી કર્યે જ છૂટકો છે.'' તપસ્વીજીનાં જ્ઞાનોતેજક વ્યાખ્યાનો અને જ્ઞાનસાધનો એકત્ર કરી સાર્વજનિક હિતમાં તેનો ઉપયોગ કરવાની ભાવનાએ જેમ એક બાજુ અનુકૂળતા અને સ્વસ્થતા પાથરી તો બીજી બાજુ એક જાતનો ઉલ્કાપાત મચી ગયો. સમાજ બે ભાગમાં વહેંચાઈ ગયો. ઠેકઠેકાણે સાધુસંસ્થા, શ્રાવક સમુદાય અને ક્ષેત્રોમાં તડાં પડી ગયો. અમુક એમનાં કાર્યોનું સમર્થન કરવા લાગ્યાં તો બીજા એનો વિરોધ પરંતુ તપસ્વીજીએ પોતાનું ઉત્તમ કાર્ય ખૂબ સ્વસ્થતા અને ધીરજથી આગળ ધપાવ્યુ. પુસ્તક ભંડાર સ્થાપવા, પુસ્તકો છપાવવાં, આગમ વાચનાને ગતિ આપવી, પુસ્તક વિના ધર્મ ચાલે તેમ નથી તેમ સમજીને તેઓએ નિરાશ્રિત જૈન પુસ્તક ભંડાર સ્થાપ્યો પણ પુસ્તક પરનો પોતાનો હક્ક મારાપણું છોડી દીધુ. જૈનશાળા શ્રાવિકાશાળાઓ સ્થાપવા. આ પાઠશાળાઓનું સંચાલન સુયોગ્ય વિદ્વાનો કરે એવી એમની આકાંક્ષા હતી. સાધુ સાધ્વી શ્રાવક અને શ્રાવિકા-પ્રાકૃત અને સંસ્કૃતમાં બોલતા, વાંચતા લખતા અને વિચારતા થાય એ જરૂરી છે એવું દૃઢપણે માનતા હતા. જેથી આગમો અને આચાર્યોના બનાવેલા ગ્રંથો, ટીકાઓ, ભાષ્યો, ન્યાય અને દર્શનશાસ્ત્રની મીમાંસાના તેઓ નિષ્ણાત બને એવી ઈચ્છા હતી. જૈન ગુરુકુળ, જૈન બોર્ડિંગ વગેરેની પણ ખૂબ જરૂર છે. ''જ્ઞાનદાન જેવું જગતમાં બીજું કોઈ દાન નથી. જ્ઞાનદાન શ્રેષ્ઠ દાન છે.'' એવી ભાવના તેઓ વ્યક્ત કરતા હતાં.

તપસ્વીજીની અસાંપ્રદાયિકતા પ્રેરક હતી. પૂ. તપસ્વીજી સાંપ્રદાયિક જડતાના સખ્ત વિરોધી હતા. ગચ્છ, વાડા અને સંઘાડાના દૂષણો તેમણે ખુલ્લા પાડ્યા હતા. તેઓને સમજાયું કે વિચારો અને આચારોની વિભિન્નતા જ વિસંવાદનું મૂળ છે. એમાંથી ઊંચ-નીચના ખ્યાલ જન્મે છે અને વેરવૃત્તિ વિકસે છે. ગુણરાંગને બદલે વ્યક્તિરાગ અને બાહ્યક્રિયાઓનો આડંબર ગૌરવપૂર્ણ સ્થાન લે છે. આચારે અહિંસા અને વિચારે અનેકાંત માત્ર બોલવા માટે નહી આચરણમાં મૂકવા માટેનું અમર સૂત્ર છે. સાધુસમાજ

દોષો અને શિથિલતા તરફ કટાક્ષ કરવામાં પણ કચાશ નહોતા રાખતા. તેઓ દર્શાવે છે,

"હે મતવાદીઓ! હે ગચ્છવાદિઓ! હે સંઘાડા સમુદાયવાદીઓ તમે શ્રી મહાવીર શાસનમાં જૈન ધર્મનો ભિન્નભિન્ન સ્વરૂપ સ્વચ્છદે. સૌ સૌના નામથી વહેંચી ભાગલા પાડીને ગામ-ગિરાસની પેઠે વાડા વાળીને સંઘેડા બાંધી બેઠા છો અને દરેકે દરેકે જુદી-જુદી મરજી મુજબની સમાચરી ઘડી કાઢી છે અને શ્રી મહાવીરશાસનના નામે પોતપોતાના ગામ ઠામને નામે શાસન ચલાવો છો તથા હઠ સ્વભાવથી ધકેલ મારી કરો છો અને દંભપણે દ્રવ્ય લિંગનું વ્યાપ્તિ દોષયુક્ત સેવન કરો છો તથા ગુરુઓ અને ગુરુઓની વૃત્તિઓ સ્વચ્છંદ ચલાવો છો. શિષ્ય શિષ્યની વૃત્તિએ સ્વચ્છંદ ચાલે છે. સૂત્ર સિધ્ધાંતના પ્રમાણથી ઓછી અધિક અને વિપરીત પ્રરૂપણા કરો છો, કરાવો છો તથા "ઘરબાર છોડીને વાડા સંઘેડામાં ગૂંચવાઈ ગયા. માથુ મુંડ્યું પણ મન મુંડ્યુ નહીં. વાળનો લોચ કીધો પણ વિષયોનો લોચ કીધી નહી. પગરખાં ઉતાર્યા પણ અહંકાર ઉતાર્યો નહીં. બૈરા છોકરાની વાસના છોડી પણ ચેલા-ચેલીઓની વાસના છોડી નહીં. પરિણામે સમદૃષ્ટિપણાની પ્રાપ્તિ થઈ શકી નહીં...... વાડા સંઘેડાની સ્વછંદતા છોડીને તમારું પ્રથમ કલ્યાણ કરો અને પછી જગતનું કલ્યાણ કરવા કટિબધ્ધ થાઓ."

પૂ. તપસ્વીજી માત્ર સ્થાનકવાસી સમાજની એકતાના જ હિમાયતી ન હોતા. તેઓ તો આખા જૈન સમાજને આચારે અહિંસા અને વિચારે અનેકાંતનો ક્રિયાત્મક પાઠ ભણાવવા માગતા હતા. સમાજમાં એકતા સ્થાપવા અને સાંપ્રદાયિક વિસંવાદને દૂર કરવા તેમણે અજોડ પુરુષાર્થ કર્યો છે. સમાજોપયોગી ધર્મપોષક એમના કાર્યનું વાસ્તવિક મૂલ્યાંકન આજે કરી શકાય તેમ છે.

પૂ. તપસ્વીજી માત્ર જૈનોના જ નહી, સહુ કોઈના લાડીલા હતા. તેમના સત્સંગ અને સાન્નિધ્યનો લાભ લેનાર બધાને એમના પ્રત્યે અપાર મમત્વ અને પૂજ્યભાવ થતો હતો. એમના તપ અને ત્યાગ, જ્ઞાન નિષ્ઠા અને આત્મકલ્યાણની સર્વ કલ્યાણની ક્રાંતિકારક ભાવના, ઉપદેશશક્તિ અને સહિષ્ણુતા અજોડ હતી.

એમના જ્ઞાનયજ્ઞનો, સેવાયજ્ઞનો, સાંપ્રદાયિક ઉદારતાનો, સહુ કોઈ લાભ લેતા હતા. એમની આવી વિરલ પ્રતિભાને લીધે જ બધા તેમના પ્રત્યે આકર્ષાતા કાઠી દરબારો તથા નરેશોને પ્રતિબોધ આપી તેમને પોતાના તરફ આકર્ષ્યા હતા. જેતપુર દરબાર સ્વ. લક્ષ્મણવાળા સાહેબે જેતપુરમાં આવેલ પોતાના દરબાર-ગઢના મકાનને પૂ. શ્રીનાં ચરણોમાં જ્ઞાનયજ્ઞને પુષ્ટિ આપવા અર્પણ કરી દીધો હતો.

પીઠડિયા દરબાર શ્રી મુળુવાળા પૂ. તપસ્વીજીને પોતાને ત્યાં ચાતુર્માસ કરાવે, શ્રાવકો ધર્મકરણી કરવા સદાને માટે મકાન કાઢી આપે, ઉપાશ્રય બંધાવી આપે, વડિયાનરેશ બાવાવાળા અને હડાળાનરેશ શ્રી વાજસુરવાવા તથા બિલખાના દરબારો પણ તેમની ત્યાગ અને લોકકલ્યાણની માંગલ્યકારક પ્રવૃત્તિમાં ખૂબ શ્રધ્ધા ધરાવતા હતા. આ રીતે જૈન અને જૈનોતરો તથા એ સમયના રાજવીઓનો એકસરખો પૂજ્યભાવ પ્રાપ્ત કરી શકનાર પૂ. માણેકચંદજી મહારાજ જૈન સમાજનું અમૂલ્ય રત્ન છે.

પૂ. તપસ્વીજીનો સંથારો – સમાધિમરણનો પ્રસંગ અદ્‌ભૂત હતો. જૈન શાસ્ત્રમાં સંલેખનાપૂર્વકના મૃત્યુને પંડિતમરણ કહ્યું છે. પૂ. શ્રીએ ૧૯૭૭નું ચોમાસું ગોંડલ પૂર્ણ કરી, વિહાર કર્યો, નાદુરુસ્ત તબિયત હતી તેથી તોરી, વડિયા, થાણાગાલોલ થઈ થાણા ગાલોલથી ડોળીમાં જેતપુર પહોંચી ગયા. સં. ૧૯૭૮નું ચાતુર્માસ જેતપુર કર્યું. તબિયત વધારે બગડવા લાગી તેથી સં. ૧૯૭૯ કારતક વદ ૧૧।।ના રોજ સંથારાના પચ્ચખાણ કર્યા. પૂ. શ્રીના સંથારાનાસમાચાર વાયુવેગે આખા દેશમાં પહોંચી ગયા અને વિશાળ માનવમહેરામણ એમના દર્શન માટે ઉમટ્યો. સાધુ-સાધ્વી સમુદાય જ નહી, રાજા રજવાડાઓ, અમલદાર વર્ગ, હિંદુ-મુસ્લિમ, ભાઈ-બહેનો, જૈન શ્રાવક-શ્રાવિકાઓ તપસ્વીશ્રીના દર્શન કરવા વખતોવખત આવવા લાગ્યા. ૧૯ દિવસનો આ સંથારો જેતુપર માટે નહીં સમસ્ત જૈન સમાજ માટે જ નહીં, સહુ કોઈ માટે ધન્ય ધર્મ અવસર બની ગયો. સંવત ૧૯૭૯ માગસર સુદ ૧૫ને રવિવારે સંથારો સીજી ગયા.

વડિયાના દરબાર શ્રી બાવાવાળા સાહેબની, જેતપુરમાં આવેલી મોઢવાડી નામની જગ્યામાં આ પુણ્યાત્માના દેહનો અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો. જે સ્થાને અગ્નિસંસ્કાર

કરવામાં આવેલ છે તે સ્થાન આજે તો સહુ કોઈનું પરમ આરાધ્ય સ્થાન બની ગયેલ છે. જેતપુરમાં તે ભૂમિપર એક દિવ્ય અને સૌ કોઈને પ્રેરણા આપે તેવું ભવ્ય સ્મારક બની રહેલ છે.

પૂ. તપસ્વીજીનો પુણ્યાત્મા અજર અને અમર છે અને એમની અમીવર્ષા આપણા સહુનું કલ્યાણ કરે છે અને કરશે એવી પરમ શ્રધ્ધા સાથે વંદન!

## પૂ. તપસ્વીજીની દેશનાના વિશિષ્ટ પાસાં

પૂ. માણેકચંદજી મહારાજ સાહેબની દેશનાના વિવિધ પાસાંઓ આપણને જોવા મળે છે. પરમ ઉપકારી, પરમ વંદનીય પૂ. તપસ્વી શ્રી માણેકચંદ મહારાજ, જનહૃદયમાં અનોખું સ્થાન ધરાવે છે. દિવસે દિવસે પૂજ્યશ્રી પ્રત્યેના પૂજ્યભાવમાં સતત વૃધ્ધિ થતી રહી છે.

સેવાનિષ્ઠ, તપોનિષ્ઠ અને જ્ઞાનનિષ્ઠ પૂ. શ્રીની દેશના અમર બની ગયેલ છે. વીરવાણીના રહસ્યો લોક કલ્યાણ અને લોકમાંગલ્યની ભાવનાથી યથાર્થ રીતે રજૂ કરવાનો પૂ. શ્રીનો પુરુષાર્થ વંદનીય છે. જ્ઞાનની યથાર્થતા સમગ્ર જૈનસમાજ સમક્ષ રજૂ કરવાનો ભગીરથ પુરુષાર્થ તેઓએ કર્યો છે. આગમનાં રહસ્યોને સરળ, સચોટ, મધુર અને ભાવવાહી શૈલીમાં રજૂ કરી અનોખી જનસેવા લોકસેવા કરી છે.

સંસારમાં રચ્યા પચ્યા રહીને કે કેવળ પાપ પ્રવૃત્તિથી જીવન ટકાવવામાં, માનવજીવનનું કંઈ જ કલ્યાણ થવાનું નથી. ધર્મના સાચા રહસ્યો સમજાવાની અને તે મુજબ જીવનવ્યવહાર, કુટુંબ વ્યવહાર યોજવાની અનિવાર્ય જરૂર છે. આ માટે જ્ઞાનની, સાચી રીતે પ્રાપ્ત કરેલ જ્ઞાન મહાઉપકારી બની રહેશે. ક્રિયા અને જ્ઞાનના સમન્વયરૂપ મોક્ષમાર્ગની આરાધના જીવનને ધન્ય બનાવશે.

બાહ્ય આચારવિચાર અને ક્રિયાકાંડને જ ધર્મ માની અનુસરનાર ધાર્મિક ગણાય અને ક્રિયાની ઉપેક્ષા કરનાર ધાર્મિક વ્યક્તિ ન ગણાય એ કેવુ વિષમ છે? જ્ઞાન જે આત્માનો પરમ અસાધારણ ગુણ છે તે તરફનો પુરુષાર્થ ક્રિયાઓના બાહ્ય વ્યવહારોમાં અટવાવો ન જોઈએ. વ્યાખ્યાનમાં હાજરી આપવી, સામાયિક કરવી, પ્રતિક્રમણ આદિ ક્રિયા કરવી અને ધર્મ કર્યાનો સંતોષ અનુભવવો તે યોગ્ય નથી. ભોગત્યાગ અને તપની પણ જરૂર છે. પરંતુ આત્મતત્વની યથાર્થ સમજણ ન પ્રગટે તો એનું વિશેષ મૂલ્ય નથી. તેઓએ કહ્યું, ''ભગવાન મહાવીરનો અનુયાયી વર્ગ જેમ શ્રી સંપન્ન છે તેમ જ્ઞાનસંપન્ન થશે તો જ ધર્મનું દિવ્યબળ સચવાશે. જ્ઞાનનો વ્યાપક પ્રચાર આવશ્યક જ નહી અનિવાર્ય છે.

આગમના પરમ કલ્યાણકારી રહસ્યોને ક્યારેક દૃષ્ટાંતથી, ક્યારેક હળવાશથી, ક્યારેક ઉદ્‌બોધનથી તો વળી ક્યારેક આત્મીય સ્નેહસભર સંબોધનથી રજૂ કરી, લોકમાનસ પર અમીટ છાપ મૂકી ગયા છે.

એમની પ્રવચનશૈલીમાં નરી સ્વાભાવિકતા અને સચોટતા જોવા મળે છે. એમના ચિંતનમાં શાસ્ત્રીયનો કે વિદ્વાનોનો ભાર નથી પણ સાધકની નૈસર્ગિક સરળતા અને રસમયતાનો અનોખો રણકાર છે.

સર્વજન સ્પર્શિતા એમની દેશનાનું કદાચ સૌથી આકર્ષક અંગ છે. બાળકથી આરંભી વૃધ્ધો સુધી અને તદ્દન નિરક્ષરથી આરંભી વિદ્વાન સુધી સહુ કોઈના હૃદયને સ્પર્શનારી એમની દેશનાએ અનોખી તેજસ્વી તવારીખ રચી છે.

પર્યુષણ પર્વના કે અન્ય કોઈ પર્વતિથિના પ્રવચનો હોય કે શેષકાળમાં વિવિધ સ્થળે વિહાર દરમિયાન આપેલા પ્રવચનો હોય કે કોઈ પ્રસંગ વિશેષ, દીક્ષા તપની ઉજવણી હોય પ્રત્યેક પ્રસંગે તેઓ એકસરખા ઉમંગ અને ઉત્સાહથી ધીરગંભીર ભાવોને લોકભોગ્ય શૈલીમાં રજૂ કરવાની વિશેષ પ્રતિભા ધરાવતા હતા.

લોકોના સર્વાંગી વિકાસની, પૂજ્યશ્રીની ધગશ વિવિધ વિષયો પર આપેલી એમની દેશનાથી સ્પષ્ટ થઈ જાય છે. ધર્મ માત્ર ધર્મસ્થાનમાં કરવાની જ પ્રવૃત્તિ નથી, જીવનના પ્રત્યેક કાર્ય સાથે ધર્મ વણાઈ જવો જોઈએ ધર્મનાં મર્મો સમજી એને આચરણમાં મૂકવાનો સમ્યક્‌પુરુષાર્થ પ્રત્યેક સાધકે કરવો જોઈએ તેવી એમની સ્પષ્ટ માન્યતા હતી. આચારમાં અહિંસા અને વિચારમાં અનેકાંત પૂરી નિષ્ઠાથી સચવાવા જોઈએ.

જ્ઞાનદીપક આત્મદીપક બની રહે, અજ્ઞાનનો અંધકાર દૂર થાય અને યથાર્થ સમજણથી જીવનની સર્વાંગી ઉન્નતિ થાય તે માટે જ્ઞાન અને જ્ઞાનનાં સાધનો સર્વજન સુલભ હોવા જોઈએ તે માટે સંઘે અને વ્યક્તિએ પૂરી કાળજી-સંભાળ લેવી જોઈએ. તન-મન-ધનથી જ્ઞાનભંડારની સ્થાપના જૈન પાઠશાળાઓ, જૈન વિદ્યાપીઠો, જૈન

લાયબ્રેરીની વિકાસ પ્રવૃત્તિ થવી જોઈએ. સંસ્કૃત અને પ્રાકૃતના અભ્યાસ માટેની, પંડિતોને તૈયાર કરવાની, પંડિતો પાસે જ્ઞાન મેળવવાની શ્રી સંઘે વ્યવસ્થા કરવી જોઈએ.

સાધુ-સાધ્વીજીએ માત્ર ક્રિયાને જ નહીં જ્ઞાનને પણ પૂરું મહત્ત્વ આપવું જોઈએ. આગમનો અભ્યાસ જાતે કરવો અને અન્યને પણ કરાવવો જોઈએ. વીરવાણીની પવિત્રતા સહુ કોઈનું કલ્યાણ કરશે એવી એમની દૃઢ શ્રધ્ધા હતી. અનેકાંતમાં અખૂટ શ્રધ્ધા રાખવી જોઈએ. મત, પંથ, ગચ્છ કે વાડામાં જાતને અને શ્રાવક-શ્રાવિકાઓને પૂરી રાખવાની સંકુચિતતા, સહુ કોઈને માટે આત્મઘાતક નિવડશે માટે એવી સંકુચિતતાથી વાડાબંધી અને કિલેબંધી વીતરાગધર્મનું ભયંકર વિકૃત સ્વરૂપ છે તેને જેટલી સફળતાથી દૂર કરી શકાય તેટલુ સહુ કોઈનું પરમ કલ્યાણ છે.

જ્ઞાન-દર્શન-ચારિત્ર અને તપ એ ચારેય મુખ્ય આધાર સ્થંભોનું ઉત્તમ રીતે પોષણ અને સંવર્ધન થવું જોઈએ. આ ચારેયમાંથી જે કોઈ અંગ નબળું રહેશે તેટલું કલ્યાણકાર્ય નબળું થશે. કર્મનિર્જરાના ધ્યેયથી તપ કરવું જોઈએ. એક એકથી ચડિયાતા ઉત્તમ તપની સ્વયં સાધના કરીને પ્રત્યક્ષ ઉદાહરણથી તથા દેશનાથી તપની મહત્તા તેઓએ સુપેરે દર્શાવી અને તપસ્વી તરીકે અજર અને અમર બની ગયા છે. જૈનશાસનના ઈતિહાસના અમર તપસ્વીઓમાં તેઓનું અત્યંત ગૌરવવંતુ સ્થાન છે.

અહિંસા, સંયમ અને તપ એ ત્રણેય તત્ત્વો પ્રત્યેક શ્રાવકે પૂરી નિષ્ઠાથી આચરવાના છે. કષાયની ધમધમતી આગને ઠારી પરમ શાંતિનો અનુભવ કરાવવનું સામર્થ્ય તપમાં છે. ઈચ્છાનિરોધ વગર આત્મસમાધિ મળતી નથી. કામનાની નામનાથી કરેલું કાર્ય આત્મસાધક બની શકે નહીં.

પૂજ્યશ્રીએ સ્વાધ્યાય તપ પર ખૂબ ભાર મૂક્યો છે. આગમોનું વાચન કરવું, વસ્તુ તત્ત્વને સ્પષ્ટતા માટે પ્રશ્નોત્તર કરવા, ભણેલું કે વાંચેલુ-જાણેલું ભૂલાય નહીં માટે પુનરાવર્તન કરવું, પરમાર્થ વિશે વિચાર કરવો અને ધર્મોપદેશ આપવો. જ્ઞાનાવરણીય કર્મના નાશ માટેની આ પ્રવૃત્તિ ઉત્તમ રીતે આચરવી જોઈએ.

જ્ઞાનાવરણીય કર્મના ક્ષય કે ક્ષયોપશમથી આત્માની જ્ઞાનજ્યોત નિર્મળ થાય છે. સ્વ-પરનું ભેદવિજ્ઞાન સમજાશે.

લોકોને પાપનો ઉપદેશ આપીને, નિરુદ્યમી, નિરુત્સાહી અને બાયલા બનાવવાની જરૂર નથી. આવા જીવો તો અવળે રસ્તે ચડીને હલકા ધંધા કરી, પાપ વધારે છે. તેના જીવન ગુજરાનના ઊંચા ધંધાઓમાં પાપ નહીં બતાવતા, યતનાએ ધર્મ બતાવવાની જરૂર છે.

જ્ઞાનદાનથી જ્ઞાની થવાય છે. ધર્મદાનથી ધર્મી થવાય છે. પુણ્યદાનથી ભાગ્યવાન થવાય છે. પાપદાનથી પાપી કહેવાય છે. અધર્મદાનથી અધર્મી કહેવાય છે. ક્રિયાએ કર્મ, ઉપયોગે ધર્મ, પરિણામે બંધ અને નિર્જરાએ મોક્ષ – આ ચાર પદો પવિત્રજ્ઞાનથી પૂર્ણ છે. આ ચાર મહાપદોનું સ્વરૂપ તેઓએ ખૂબ ધીરજથી અને શાંતિથી બોલી અને સમજાવવાની પૂરી જાગૃતિ રાખી, પરમકલ્યાણ કરેલ છે.

પંડિતમરણને ભેટેલા આ મહાન તપસ્વી મુનિરાજે સમાધિમરણને સ્વીકારી ઉત્તમ દેશના આપી ગયા છે. મૃત્યુને મહોત્સવ બનાવી ઉચ્ચ લોકમાં સ્થાન મેળવનાર આ મહાન વિભૂતિની મહાયાત્રા અનોખો આદર્શ પૂરો પાડનાર બની ગયેલ છે.

યુગોના યુગો સુધી આ તપસ્વીરાજની દેશના અનેક આત્માઓને પ્રકાશ, પ્રગતિ, પ્રેરણા અને પવિત્રતાના પીયૂષ પીવડાવતી રહેશે. મહામાંગલ્યકારક અને મહાન કલ્યાણકારક બની રહેશે.

## ગુરુદેવ! આપે મને અક્ષયનિધિ સોંપ્યો છે

ગોંડલ ગચ્છના પરમ જ્યોર્તિધર પૂ. શ્રી માણેકચંદ મહારાજ સાહેબના જીવનના અનેક પ્રસંગો સમસ્ત જનસમાજને ખૂબ પ્રેરણા પૂરી પાડે તેવા છે. જે વિભૂતિનું આખું જીવન લોકકલ્યાણ અને લોકમાંગલ્યને વરેલું હોય તેના જીવનમાંથી આવા ધન્ય પ્રસંગો ઘણી મોટી સંખ્યામાં મળી આવે છે. થોડા અવિસ્મરણીય પ્રસંગોનો માત્ર ઉલ્લેખ શક્ય છે.

ખૂબ નાની વયમાં માતા પિતા અને બહેનનાં અવસાન થતાં, પરિવારમાં પણ ભાઈઓ શ્રી જયચંદભાઈ, શ્રી માણેકચંદભાઈ અને શ્રી માવજીભાઈ રહ્યાં. ત્રણેય ભાઈઓ વચ્ચે ગાઢ સ્નેહ અને અનોખી સમજણ હતી. મોટાભાઈ જયચંદભાઈની ઈચ્છા સંસારત્યાગ કરી સંયમ માર્ગે પ્રયાણ કરવાની હતી. જવાબદારીમાંથી મુક્ત થવાની ભાગેડુ વૃત્તિ ન હતી પરંતુ પૂર્વજન્મના વૈરાગ્યસંસ્કારોનું આ સહજ આચરણ હતું. તેઓની ઈચ્છા, વડીલો આજ્ઞા આપે તો શક્ય તેટલી વહેલી ભાગવતી દીક્ષા લેવાની હતી અને આ ઉત્તમ કાર્યમાં બન્ને નાના ભાઈઓને પણ સાથે દીક્ષા અંગીકાર કરાવવાની ઉદાત્તભાવના હતી. ત્રણેય ભાઈઓમાં સૌથી નાના માવજીભાઈએ પણ દીક્ષા લેવાનો પોતાનો મનોભાવ સ્પષ્ટ કર્યો.

પરંતુ શ્રી માણેકચંદભાઈએ હજી કશી સ્પષ્ટતા કરી ન હતી તેથી એક દિવસ પોતાા બન્ને ભાઈઓને બોલાવી શ્રી જયચંદભાઈએ ઘર વ્યવહારની પૈસાની અને મકાન તેમજ અન્ય જવાબદારીની બધી હકીકત સરળ રીતે વર્ણવી અને શ્રી માણેકચંદભાઈને પોતાની બધી માલમિલકત અને ભાર સોંપી દેવાનો નિર્ણય કર્યો.

આ સાંભળીને શ્રી માણેકચંદભાઈ બોલે છે. "શું એમ માનો છો મોટાભાઈ! મને આ બધી પૌદ્ગલિક વસ્તુઓ અને ભાવોમાં રસ છે? તમારા બે ભાઈઓના અધિકાર અને ભાગ મારા હાથમાં આવી જતા શું મારા હૃદયની વૃત્તિ સંતોષાશે? મારો માનસિક ભાર બે ભાગ વધારે મળતાં હળવો થયો છે? મારા મૌને કદાચ

મારા વિશે ઉપર્યુક્ત કલ્પના કરવા તમને અવકાશ આપ્યો હશે. પરંતુ ભાઈ! તે બધું વાસ્તવિક નથી. આપણે ત્રણ ભાઈઓ એક જ ઘરમાં, એક જ માતાની કુક્ષિમાં જન્મ્યા છીએ, સાથે હર્યા-ફર્યા, સાથે ખેલ્યા-કૂદ્યા, સાથે રમ્યા-જમ્યા, સાથે ખાધુ-પીધું, સાથે હસ્યા-રડ્યા અને આજે આવા ભાગના પ્રસંગે આપણા ભાઈઓ વચ્ચેની એકતામાં મારા હાથે જુદાઈ સર્જાય એ મને કેમ પાલવે? ભાઈ! આવું અનૌચિત્ય મારાથી કેમ કરી શકાય? મારા હૃદયમાં, તમે બન્ને ભાઈઓ અને ભાગવતી દીક્ષા કોતરાઈ ગઈ છે. હું ત્રણે વસ્તુને એક સાથે જોઈ શકું છું. મારા વિશે તમે અન્ય કલ્પના કરી હોય તો કાઢી નાખજો. આપણે સુખ-દુઃખમાં સાથે હતા તેમ ભગવતી માર્ગની સાધના પણ સાથે જ કરશું. હું મારી શક્તિનો વિચાર કરતો હતો. મારા વિશેના અવિશ્વાસ દૂર કરો. હૃદયમાં મારૂં સ્થાન બનાવો. ઘર, કુટુંબ કે ઘરવખરીમાં મને સહજ પણ આકર્ષણ નથી. તમારા બે ભાગ લઈ લેવામાં મને સંતોષ નથી.

આ સાંભળી શ્રી જયચંદભાઈનો ઉત્સાહ ખૂબ વધી ગયો. તેમના હૈયામાં હર્ષ સમાયો નહીં, સહસા ભાઈને ભેટી પડ્યા. આંખમાંથી હર્ષનાં આંસુઓ રેલાવા લાગ્યા. સાધનાના માર્ગમાં ત્રણેય ભાઈઓ એક સાથે પ્રગતિ કરશે તે બોલી તેઓ ધન્ય ધન્ય બની ગયા. આપણે સૌ પણ પૂજ્યશ્રીની આ ઉત્તમભાવનામાં અનુરાગી થઈ, વંદન કરીએ છીએ.

સંવત ૧૯૪૨ની સાલનું ચાતુર્માસ પૂ. શ્રી દેવજીસ્વામીએ પોરબંદર કર્યું હતું. વ્યાખ્યાન વાચવાનો ભાર પૂ. માણેકચંદજી પર હતો. તેઓ જેમ જેમ જ્ઞાનની દૃષ્ટિએ વિચારતા ગયા તેમ લાગ્યું કે સાધુ સમાજ અને શ્રાવક સમુદાયની સુધારણા અનિવાર્ય છે. જ્ઞાનની ઉત્કટ ઉપાસના અને જ્ઞાનની ક્રાંતિ માટેનો તલસાટ તીવ્ર બનતો ગયો. પોતાના અને સમાજના કલ્યાણની ચિંતા થવા લાગી. તેઓ પોતાની જાતને રોકી શક્યા નહીં. આગમનાં પારમાર્થિક રહસ્યો સમજવા શ્રાવક-સમાજ અને સાધુ-સમુદાયનું મારવાડી સંતો તરફ ખૂબ આકર્ષણ હતું. પૂ. માણેકચંદ મ. સાહેબે પણ જ્ઞાનપ્રાપ્તિ માટે મારવાડ જવા માટેની અભિલાષા પૂ. ગુરુદેવ દેવજીસ્વામી પાસે વ્યક્ત કરી, કહ્યું "ગુરુદેવ! મારા હૃદયમાં તો એકાંત જ્ઞાનોપાસનાની ભૂખ ઉઘડી છે. વીતરાગવાણીના અગાધ સમુદ્રમાં મરજીવા થઈ અવગાહન કરવાનું મન થયું છે. મારે

મન તો અત્યારે એ જ સાધ્ય, લક્ષ્ય, સાધના અને ધ્યેય છે. આપ આજ્ઞા આપો એટલી જ વાર છે.'' પૂ. શ્રીનો જ્ઞાન પ્રાપ્તિ માટેનો અજોડ ઉત્સાહ અને અપાર ઉમંગ વ્યક્ત થાય છે.

૨૮ વર્ષની વયના મુનિશ્રી માણેકચંદજી, ૨૪ વર્ષની વયના પોતાના નાના ગુરુભાઈને સાથે લઈ જ્ઞાનપ્રાપ્તિ માટે મારવાડ ગયા. મરૂભૂમિ પર પગ મૂકતા, અપાર આનંદ થયો. આરંભમાં પૂ. ગુરુદેવ શ્રી રેખરાજજી મ.સાહેબ પાસેથી અને પછી પૂ. ફકીરચંદ ગુરુદેવ પાસેથી જ્ઞાન મેળવવા અનોખો પુરુષાર્થ આરંભી, ગુરુદેવોનો સ્નેહ, આશીષ મેળવ્યા.

પૂ. ફકીરચંદ મ. સાહેબ કહેતા, ''માણેકચંદ, તારા જેવા સુપાત્ર, જ્ઞાનપિપાસુ શિષ્યને પામી હું કૃતકૃત્ય થયો છું. તારી સેવા અને પ્રતિભા આશ્ચર્ય પમાડે તેવા છે. તારા જેવા શિષ્યને પામી તારા ગુરુ તો સદ્ભાગ્યશીલ બન્યા છે. પરંતુ હું પણ મારા ભાગ્યને પ્રશંસુ છું. વીતરાગવાણીના રહસ્યો સ્યાદવાદ શૈલીથી તું બરાબર સમજી પચાવજે અને વિસ્તારજે. મારા નાના શિષ્યોને તું ભણાવજે અને મારી હયાતી સુધી મારી પાસે જ રહી મારા હૃદયને સંપૂર્ણ સંતોષ આપજે.''

જ્ઞાનદાતા ગુરુદેવના આ વચનો પૂ. માણેકચંદજી માટેના આપણા સૌના પૂજ્યભાવને અનેકગણો વધારી દે છે અને ગુરુદેવની જ્ઞાનપ્રીતિ-ગુરુભક્તિ પ્રત્યે શતશત વંદન.

મરૂભૂમિ મારવાડને છોડીને, દીક્ષાદાતા ગુરુદેવ શ્રી દેવજીસ્વામીની નાદુરુસ્ત તબિયતના સમાચાર મળતા પૂ. શ્રી માણેકચંદ મ. સાહેબને સૌરાષ્ટ્રમાં આવવું અનિવાર્ય થઈ પડે છે. જ્ઞાનદાતા ગુરુદેવ પૂ. ફકરચંદજી મ.સા. ખૂબ દુઃખ સાથે રજા આપે છે અને જ્ઞાનનાં સાધનો આગમ ગ્રંથ તથા અન્ય હસ્તલિખિત ગ્રંથો સાથે લઈ જવા માટે કહે છે. પ્રત્યુત્તરરૂપે પૂ. માણેકચંદજી કહે છે. ''ગુરુદેવ! આપે મને અક્ષયનિધિ સોંપ્યો છે. પુસ્તકો, ગ્રંથો અને હસ્તલિખિત આગમો તો સાધન માત્ર છે. મૂળભૂત સંપત્તિ તો જ્ઞાન છે. અને તે મારી પાસે આપની કૃપાથી સુરક્ષિત છે. હવે મને આગમો

કે ગ્રંથોની કશી જ અપેક્ષા નથી. આપની કૃપાદષ્ટિ એ જ મારે મન અસાધારણ સંપત્તિ છે. તે સદા સર્વદા વર્ધમાન રહે એ જ નમ્રતાપૂર્ણ અભ્યર્થના છે.''

પૂ. ફકીરચંદજી મ. સાહેબ આ જવાબથી ખૂબ પ્રસન્ન થાય છે. પરંતુ આગ્રહપૂર્વક અપાર સ્નેહથી કિંમતી ગ્રંથો આગમની હસ્તપ્રતો પૂ. માણેકચંદજીને ભેટરુપ સાથે લઈ જવા, ઉદારહૃદયે આપે છે.

પૂજ્ય તપસ્વીજી, સમાજમાં જ્ઞાન અને ક્રાંતિ જગાવવા માગતા હતા. આગમપ્રમાણ અને વ્યાકરણજ્ઞાન તે આત્મદીવો છે, અજવાળું આપનારો છે. એવું પૂ. શ્રીનું દૃઢ મંતવ્ય હતું. માટે સાધુ-સાધ્વીઓને અવશ્ય વ્યાકરણાદિ તેમજ સૂત્રો ભણવા જ જોઈએ એવું આગ્રહપૂર્વક કહેતા હતા. વ્યાકરણ ભણાવાથી સમકિત શુદ્ધ થાય છે. અજ્ઞાનના અંધકારમાં સબડતા રહેવામાં જ જ્યારે ધર્મનું રક્ષણ મનાતું ત્યારે સમાજમાં ક્રાંતિની ચિનગારી પ્રગટાવવા કુદરતે એમને પ્રેરણા આપી. ક્રાંતિની ચિનગારી પ્રગટાવી નવા યુગનો આરંભ કર્યો. સમાજ કલ્યાણ માટે તેમને સૂઝેલો એક જ માર્ગ તે જ્ઞાનવર્ધનનો હતો. એ માટે પુસ્તકો અને પુસ્તક ભંડારો સાધન હતા. સાધન વિના જ્ઞાનરૂપ સાધ્યની સિધ્ધિ અશક્ય હતી. ધર્મ સંબંધી જ્ઞાનના પુસ્તકથી હજારો લાખો માણસો જ્ઞાનવંતા-વિવેકવંતા થાય છે. તે જીવો હજારો-લાખો જીવોનો ઉધ્ધાર કરે છે. ધર્મપુસ્તકો સિવાય સુખનો જગતમાં બીજો કોઈ આધાર નથી. તેથી પુસ્તકભંડારો સ્થાપવાં જોઈએ, સંઘે એની ઉત્તમ વ્યવસ્થા કરવી જોઈએ તો જ જ્ઞાનનો ભવ્ય-દિવ્ય વારસો સચવાઈ રહેશે.

એક વાર પૂ. તપસ્વી માણેકચંદજી મ.સા.ની અશુચિનો એક વાઈના દર્દીને સ્પર્શ થયો અને તેનું દર્દ મટી ગયું. આ ઘટના પછી ઘણા લોકો તપસ્વીજીની અશુચિનો ઔષધિ તરીકે ઉપયોગ કરતા. જૈન ધર્મ ચમત્કારમાં માનતું નથી પરંતુ જૈન સંતોની ઉગ્ર અને દિવ્ય સાધનાના પરિણામ રૂપે તેના જીવનમાં આવી સહજ લબ્ધિ પ્રગટતી હોય છે.

તેઓ સાંપ્રદાયિક વાડાબંધીથી દૂર રહેવાની સહુ કોઈને નમ્રભાવે વિનંતી કરે છે. ''હે મત સંઘાડાવાળા, તમે સર્વ આળપંપાળનો આગ્રહ દુરાગ્રહ છોડીને

આત્મજ્ઞાનનું પાન કરો, આત્માનો અનુભવ કરો. આત્માના અનુભવથી તમને ખાત્રી થશે કે પંથ સંઘડાવાળાના મતભેદોથી ભૂતકાળમાં કોઈ જીવ તર્યા નથી તો વર્તમાનકાળમાં તમે ક્યાંથી તરશો? ભવજળ તરવાનું સાધન માત્ર શ્રી જૈનધર્મ અને મહાવીર શાસન છે. મન, પંથ, સંઘડાના ચૂંથણા છોડી દઈને શ્રી મહાવીર શાસન અને જૈનધર્મની વિજયધ્વજા ફરકે તેમ વર્તવુ જોઈએ. શ્રી શ્રમણભગવાન મહાવીરસ્વામીએ જુદા જુદા મતભેદ વાડા બાંધવાની કોઈપણ આચાર્યને આજ્ઞા આપી નથી. કોઈ પણ મતભેદ, વાડા-સંઘડામાં રહેવાથી કે તેમાં ભણવાથી આત્માની ઉન્નતિ થતી નથી, ઉલટી અધોગતિ થાયછે. આચાર અહિંસા અને વિચારે અનેકાંતનો પાઠ માત્ર બોલીને નહીં પરંતુ ક્રિયાત્મક પાઠ ભણાવવાની પૂ. શ્રીની ઉત્તમ અભિલાષા તેઓએ સતત વ્યક્ત કરી, જૈન સમાજ ઉપર મહાન ઉપકાર કર્યો છે.

# ભૂમિનો પ્રભાવ

માનવના જીવન અને પ્રવૃત્તિઓ પર ભૂમિનો પ્રભાવ અનિવાર્ય રીતે પડતો હોય છે. અમૂક સ્થળે બેસવાથી કે પસાર થવાથી આપણને શાંતિની અનુભૂતિ થતી હોય છે અને કોઇક સ્થળે આપણને અજંપ-ઉચાટનો અનુભવ થતો હોય છે આવું કેમ? એ સ્થળના વાયુમંડળ, વાઇબ્રેશન કે સ્પંદનોને કારણે આપણને આવો અનુભવ થતો હોય છે.

ધર્મક્રિયાઓ ઘરે પણ થઇ શકે અને મંદિરો ધર્મસ્થાનકોમાં પણ થઇ શકે, છતાં મંદિર કે ધર્મ સ્થાનકોનું મહત્ત્વ વધુ શા માટે બતાવવામાં આવ્યું છે કારણ કે તે સ્થાનોમાં પવિત્ર પરમાણુ વાયુ મંડળમાં પ્રસરેલા હોય છે.

મંદિરોમાં નિર્મળ વિચારો સાથે, પ્રભુના દર્શન કરવા હજારો ભાવિકોનું આવાગમન થતું હોય છે. ધર્મસ્થાનકોમાં તપ-જપ ત્યાગ અને વ્રત કરનારા સંતોનો નિવાસ હોય છે, અને અનેક સાધકો ત્યાં સતત સાધના કરતાં હોય છે તેને કારણે ત્યાંનું વાતાવરણ પવિત્ર પરમાણુંઓથી સભર હોય છે. અહીં માનવીની ચેતના જાગૃત થાય છે.

ઋષિ આશ્રમો, તપોવનો નદિ કિનારે કે ગામની બહાર દૂર ઉપવનોમાં હતાં. જ્યાં ભોગ-ઉપભોગ કે સાંસારિક કર્મબંધન થાય તેવા આરંભ સમારંભો ઓછામાં ઓછાં થતાં હોય તે સ્થાન બ્રહ્મચર્યાશ્રમનો વિદ્યા સાધકો માટે ઉત્તમ ગણાય એ દષ્ટિએ આવા એકાંત સ્થળોએ તપોવનોની સ્થાપના કરેલી. ધ્યાનની સાધના કરવાવાળાઓ પણ એકાંત વન, પહાડ, નદિ કિનારો, ગુફા, કે ધર્મસ્થાનક પસંદ કરે છે. ત્યાં ધ્યાન સરળતાથી લાગી જાય આમ ભૂમિનો પ્રભાવ સાધના માટે સહાયક બને છે.

ઘણાં મંદિરો અને તીર્થસ્થાનો પર્વતની ટોચ પર આવેલા છે. પૂર્વાચાર્યો, ધમગુરુઓ અને જ્ઞાનીજનોએ પહાડ પર મંદિરો સ્થાપવાની પ્રેરણા કેમ કરી હશે ?

સુંદર પર્યાવરણ, પ્રકૃતિનું મોહક સૌંદર્ય અને પ્રદુષણથી મૂક્ત પહાડોમાં જળ વાયુ અને માટીમાં કુદરતી શુધ્ધતા જળવાઇ રહે છે. માટે જ ભારતના અનેક સુપ્રસિધ્ધ તીર્થો પહાડો પર સ્થપાયેલાં છે.

ચિત્રકૂટ, શત્રુંજય (પાલીતાણા) મેત્શિખર, ગિરનાર, આબુ, પાવાગઢ, શ્રવણબેલગોડા, રાજગૃહી, ગજપંથા, કનકાયલ, અષ્ટાપદ, વૈષ્ણોદેવી, કૈલાસ અને તારંગા જેવા અનેક પહાડી તીર્થોથી શોભી રહ્યા છે.

આ પર્વતોપર અસંખ્ય સંતો ઋષિઓ, મુનિઓ અને તીર્થંકરોએ વિચરણ કર્યું છે. અસંખ્ય મહાત્માઓ કૈવલ્યને પામ્યા છે. ઉત્કૃષ્ટ સાધન કરી મૂક્તિને વર્યા છે. લાખો ભાવિકોએ પર્વતોપર તીર્થાટન કરી વ્રતમાં રહી પવિત્ર વિચાર વાણી દ્વારા પ્રાર્થના ભક્તિ કરી પરમાણુંઓની પવિત્રતાને જાળવી રાખી છે. ભૂમિના દુષિત વાતાવરણ દૂર પહાડોની ઊંચાઇપર શાંત પ્રશાંત પવિત્ર અને શુધ્ધ વાતાવરણનો સ્પર્શ થવા માંડે છે. ધીમે ધીમે હૈયું ભક્તિ ભાવનાના રંગે રંગાતુ જાય. ચિત્ત શાંત સ્થિર સ્વસ્થ અને અંતર્મુખ બની પ્રભુ સન્મુખ થવા માંડે છે.

આપણાં મન વચન કર્મ પર ધરતીની પ્રભાવ પડતો હોય છે.

માતૃ-પિતૃ ભકત શ્રવણ, યાત્રા દરમ્યાન પાણીપતના મેદાનમાં દાખલ થતાની સાથે જ તેને વિચાર આવ્યો કે અરે ! હું માણસ છું, માતા પિતા પણ માણસ છે તો મારે મારા મા-બાપનો ભાર શા માટે ઉપાડવો જોઇએ ? એમ વિચારી ધડ દઇને કાવડ ધરતી પર મૂકી દીધી. કારણ એ કે પાણીપતની ધરતીપર ખેલાયેલા ભયંકર યુધ્ધોથી ધરતી, ક્રોધ-કષાયના, અશુધ્ધ પરમાણુઓથી છલોછલ ભરેલી હતી, તેથી અયોગ્ય વિચાર આવી ગયો. આ મેદાન પસાર થઇ જતા શ્રવણના વિચારોમાં મા-બાપ પ્રત્યે ભક્તિભાવ પૂર્વવત ઝલકયો.

ભારત યાત્રા કરી રહેલા આદ્ય શંકરાચાર્યજી અને કર્ણાટક બાજુમાં ઋષિઓના એક મઠની સ્થાપના કરવી હતી. તેઓ પવિત્ર સ્થળની શોધમાં હતાં. એક દિવસ તેમણે

એક દૃષ્ટ જોયુ. ધગધગતી રેતીના ખાડામાં ફસાયેલો દેડકો, રેતીની ગરમીથી તડફડતો હતો. થોડીક વારમાં તે જોઇને એક સર્પ ત્યાં ધસી આવ્યો, તેણે તે દેડકા ઉપર ફણા કરીને છાંયડો કરી દીધો. સૂર્યાસ્ત સુધી સર્પ તે જ હાલતમાં સ્થિર રહી દેડકાને બચાવ્યો.

આવું કરૂણાસભર, મૈત્રીભાવયુકત દષ્ય જોઇ શંકરાચાર્યજીને વિસ્મય થયું. તેમણે આજુબાજુના ગામલોકોને આ ધરતી અને સ્થળના ભૂતકાળ વિશે પુછતાછ કરી. શૃંગેરી નામના મહાન તપસ્વીનો આશ્રમ ત્યાં હોવાની જાણ મળી. શંકરાચાર્યજીએ એ ભૂમિને મઠ માટે પસંદ કરી અને ત્યાં હમ્પીમાં શૃંગેરી મઠની સ્થાપના કરી.

યુદ્ધભૂમિના સ્થળની શોધમાં પાંડવો શ્રીકૃષ્ણ સાથે ફરી રહ્યાં હતાં. ફરતાં ફરતાં તેઓ એક ખેતર-વાડી પાસેથી પસાર થઇ રહ્યા હતાં. યુવાન પુત્ર અને પિતા કૂવામાંથી રેંટ વડે પાણી સીંચી રહ્યાં હતાં. એવામાં એક ઝેરી સાપે પુત્રને દંશ લીધો તત્કાળ પુત્ર મૃત્યુ પામ્યો. પિતાએ પુત્રના શબને આંબાના ઝાડની છાયામાં મૂકયું અને સ્વસ્થતાથી કામ કરવા લાગ્યો. એટલામાંજ યુવાન પુત્રવધૂ ભાત (જમવાનું) લઇને આવી. સસરાએ પુત્રવધૂને ઘટનાની જાણ કરી. બન્નેએ હાથ મોં ધોઇ લીધા અને શબ પર જમવાનું રાખી અને જમી લીધું. આ આખીએ ઘટનાનું નિરિક્ષણ કર્યા પછી કૃષ્ણે કહ્યું કે આ ભૂમિ જ યુદ્ધને માટે યોગ્ય છે.

પાંડવોએ પશ્ન કર્યો, કેમ ?

યુવાન પુત્ર અને યુવાન પતિના મૃત્યુનો આઘાત કોઇપણ પ્રત્યાઘાતમાં ન પરિણમ્યો, નિષ્ઠુર પરિણામી, બુઠ્ઠી સંવેદના અને પથ્થર જેવું હૈયું આ ભૂમિનો પ્રભાવ છે. આ ભૂમિ યુધ્ધની અતિ દારૂણ કે ભયંકર ઘટનાને પચાવી શકશે શ્રી કૃષ્ણે જવાબ આપ્યો.

અને ભાવિમાં એ ભૂમિ કુરુક્ષેત્રની સંહારલીલાની સાક્ષી બની.

આસુરી યુદ્ધભૂમિમાં રામ લક્ષ્મણ અને સીતાજીનો પ્રવેશ થયો તેવો, લક્ષ્મણનો રામ પ્રત્યેના ખોટા વિચારોને કારણે બકવાસ શરૂ થયો, શ્રીરામને ભૂમિના પ્રભાવની ખબર હતી. સીતાજી અકળાયા પણ રામ મૌન રહ્યાં. દંડકારણ્યની હદ પુરી થતાં જ લક્ષ્મમે પોતાના વર્તન બદલ પશ્ચાતાપ કર્યો.

તીર્થક્ષેત્રો - પહાડ પરના તીર્થોના કણેકણમાં પુણ્યશાળી સાધકોનો અનુપમ પ્રભાવ હોય છે. રેડીયો ને ટી.વી.ના તરંગો માટે ઊંચા ટાવર બાંધવામાં આવે છે. જેથી સંદેશા ઝડપથી ફેલાય છે. ઝીલાય છે અવરોધ નડતા નથી.

ઉર્ધ્વ આકાશનું સ્થાન ભૌતિક તરંગોના પ્રવાસ માટે અનુકૂળ હોય, તો ભૌતિક તરંગોથી અનેકગણી શકિતશાળી આધ્યાત્મિક ચેતનાઓના અખૂટ પ્રવાહોના પ્રવાસ માટે, પહાડોના ઊંચા સ્થાનો સ્વાભાવિક રીતે અનુકૂળ હોય છે. એટલે સાધના અને ધ્યાનના કેન્દ્રો પર્વતો પર હોય તો વાયુમંડળમાં રહેલી પ્રચંડ ચેતના સાધના માટે સહાયક બને છે. માટે જ તીર્થો અને પહાડો પરના તીર્થસ્થાનો ચેતનાના ઉર્ધ્વગમન માટેનું ઉદ્ભવ સ્થાન છે. કોઇ પણ ઇમારતના બાંધકામ શરૂ કરતાં પહેલા ભૂમિપૂજન અને ધાર્મિક વિધિ મંત્રો, જાપ, યજ્ઞ, હવન વ. કરવામાં આવે છે. ધાર્મિક અનુષ્ઠાનો કરતાં પહેલાં ક્ષેત્ર વિશુદ્ધિ કરવામાં આવે છે. આ બધું ભૂમિ પવિત્ર પરમાણુથી સભર હોય તો તે કાર્ય કલ્યાણકારી બને છે.

## વિશ્વવાત્સલ્યના આરાધક ક્રાંતદષ્ટા મુનિસંતબાલ

સરોવર તરૂવર (વૃક્ષો) અને સંતોનું જીવન પરોપકાર અર્થે જ હોય છે એમ મુનિ સંતબાલ પીડિતો પ્રતિ કરુણાથી પ્રેરાઇ દુ:ખિયાના હમદર્દ અને અને માર્ગ ભૂલેલાના હમરાહ બન્યા હતા. એમણે નિજી જીવનમાં નિશ્ચય અને વ્યવહારનો સમન્વય કર્યો હતો.

મુનિ સંતબાલજીનો જન્મ સૌરાષ્ટ્રમાં ટંકારાથી ચાર માઇલ દૂર ટોળ ગામમાં નાગજીભાઇ દેવજીભાઇ દોશીના ધર્મપત્ની મોતી બહેનની કૂખે વિ.સ. ૧૯૬૦ના શ્રાવણ સુદ પૂનમ ૨૬-૮-૧૯૦૪ના દિવસે થયો.

સૌરાષ્ટ્રના આ વિસ્તારે જગતને ત્રણ મહાપુરુષો આપ્યા. ટોળના મુનિશ્રી સંતબાલ ઉપરાંત મોરબી પાસેના વાણીયા ગામના શ્રીમદ્ રાજચંદ્ર અને ટંકારાના સ્વામી દયાનંદ સરસ્વતી છે.

સંતબાલનું સંસારીનામ શિવલાલ હતું. માતુશ્રી મોતીબહેન શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન હતા તો પિતાશ્રી નાગજીભાઇ દોશી સ્થાનકવાસી જૈન હતા. નાનપણમાં શિવલાલે પિતાનું છત્ર ગુમાવ્યું.

૧૮ વર્ષની વયે માતા મોતીબાએ શિવલાલના વેવિશાળ માટે વચન આપી દીધેલ. થોડા સમય પછી માતાનું અવસાન થતાં વૈરાગ્યના રંગો વધુ ઘુંટાયા. શિવલાલે કન્યાના ઘરે જઇ વાત કરી કે, મેં દીક્ષા લેવાનું નક્કી કર્યું છે, તમારે સયંમ માર્ગે આવવું હોય તો મારી અનુમોદના છે અને સંસારમાં રહેવું હોય તો તમારા ભાઇ તરીકે મારા તમને આર્શીવાદ છે. આમ કહી શિવલાલે વાગ્દતા દીવાળીને વીરપસલીની સાડી ઓઢાડી, દીવાળીએ પણ ભાઇનું મો મીઠું કરાવ્યું.

દીક્ષા માટે અનુમતિ મળતા શિવલાલે વિ.સ.૧૯૮૫ના પોષ સુદ આઠમ ૧૮-૧-૧૯૨૯ના દીને મોરબીમાં સ્થાનકવાસી સંપ્રદાયના કવિવર્ય પૂ.નાનચંદ્રજી મહારાજ સાહેબ પાસે ભગવતી દીક્ષા અંગીકાર કરી મુનિશ્રી સૌભાગ્યચંદ્રજી બન્યા.

દીક્ષા લીધા પછી જીવનની દષ્ટિમાં આમૂલ પરિવર્તન આવ્યું. સર્વમાં માતાના વાત્સલ્યનું દર્શન કરતાં ૐ મૈયાને પોતાના જીવનનું સૂત્ર બનાવ્યું. જગતના તમામ સૌંદર્યને બાલભાવે નિહાળતા બાળક જેવા નિખાલસ અને નિર્દોષસંતે સંતબાલનું નામ ધારણ કર્યું.

પૂજ્ય સંતબાલે તેના જીવનકાળ દરમ્યાન ચિંતનાત્મક ધાર્મિકસાહિત્યનું સર્જન કર્યું હતું, તેમાં મહાવીરવાણી રજૂ કરતાં સૂત્રો, દશવૈકાલિક સૂત્ર, આચારંગ સૂત્ર, સર્વધર્મ પ્રાર્થનાપીયૂષ, તત્ત્વાર્થ સૂત્ર, સિદ્ધિના સોપાન વિશ્વવાત્સલ્ય મહાવીર, બ્રહ્મચર્ય સાધના અને ધર્માનુંબંધી વિશ્વદર્શનનાં ૧૦ પુસ્તકો વગેરેનો સમાવેશ થાય છે.

વૈદિકસાહિત્યમાં, સ્ફુરણાવલી, મૃત્યુકાળનોઅમૃતખોળો, રામાયણ, મહાભારત અને જૈનદષ્ટિએ ગીતાનો સમાવેશ થાય છે.

અનંતનીઆરાધના અને સંતબાલ પત્રસુધા ભા-૧ અને ૨ માં પત્રસાહિત્ય સચવાયું છે. આમ બધાં મળીને સાઠેક જેટલા પુસ્તકોમાં તેમનુ ચિંતન ગ્રંથસ્થ થયું છે.

પત્રકારત્વક્ષેત્રે, વિશ્વવાત્સલ્યપ્રયોગદર્શન, નવાં માનવી પાક્ષિકોનું પ્રકાશન મુનિશ્રીની પ્રેરણાથી શરૂ થયેલું.

જાહેરજીવનને કારણે સંપ્રદાયથી જુદા થયાં પરંતુ સાધુવેષ ન છોડયો અને પોતાના ગુરુદેવ સાથે અંતિમસમય સુધી વિનયભાવે સંબંધ સાચવ્યો. ગુરુનાનચંદ્રજી મહારાજ કહેતા કે સંતબાલ જૈન સાધુ નહિ, જગતસાધુ છે.

જૈનપરંપરા આધુનિક યુગના વિચારના અનુસંધાન દ્વારા આગળ ધપાવવી એજ તેમનુ કાર્ય રહ્યું. તેઓશ્રીને લાગતું કે, સામાન્ય જનમાનસ એવી એક છાપ છે કે જૈનધર્મ માત્ર કર્મત્યાગ તરફ ઝોક આપતો ધર્મ છે, પરંતુ સદ્ભાગ્યે શ્રીમદ્રાજચંદ્રે પોતાના ગાંધીજી જેવા સાથી દ્વારા સમાજગત સાધનોને ઝોક આપ્યો. આ વાત શ્રીમદ્જીના અનુરાગીજનો માનવા લાગશે ત્યારે શ્રીમદ્જીના નામે જેમ ભકિત અને જ્ઞાનધારાઓ વિકસી તેમ કર્મધારા પણ વિકસશે જ.

વિરમગામ, સાણંદ, ધોળકા અને ધંધુકાનો પ્રદેશ જે સૌરાષ્ટ્ર અને ગુજરાતના સીમાડા પર આવેલ છે તેને ભાલનળ કાંઠાનો પ્રદેશ કહેવાય છે ગ્રાન્યા પ્રદેશના લોકો અને ખેડૂતોના આંતર અને બાહ્ય જીવનના સુચારુ પરિવર્તન અર્થે ભાલનળકાંઠા પ્રાયોગિકસંઘની મુનિશ્રીએ સ્થાપના કરી. લોકસેવક રવિશંકર મહારાજને તેના પ્રથમ પ્રમુખ બનાવ્યા. જૈનધર્મના માર્ગાનુસારીના પાંત્રીશગુણ જીવનમાં ઉતારવાની પ્રેરણા આપી લોકોને અંધશ્રદ્ધામાંથી સમ્યક્ શ્રદ્ધા તરફ વાળ્યા, વ્યસનમુક્તિ કરાવી, શિકાર બંધ કરાવ્યો, શોષણ અને ભ્રષ્ટાચાર સામે જેહાદ જગાવી. ગામડાઓ સ્વાવલંબી બને તેવા કાર્યક્રમો આપ્યા ધર્મ આધારિત સમાજ રચનાનો આદર્શ આપી રાજકારણમાં શુદ્ધિની પ્રેરણા આપી.

આજે પણ ગાંધી-વિનોબા વિચારધારા પ્રમાણે ગુજરાતમાં ગુંદીઆશ્રમ, મુંબઇમાં માતૃસમાજ અને વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘ, માનવતા અને ધર્મની વિવિધલક્ષી પ્રવૃત્તિઓ કરી રહેલ છે.

મુંબઇ અને ગુજરાતની ભાગોળે આવેલ, દહાણુ અને વાનગાંવ પાસેનું ગામ ચીંચણીમાં આંતરરાષ્ટ્રીય કેન્દ્ર-મહાવીરનગરની સ્થાપના કરી.

સાંપ્રદાયિક વાડાબંધીથી મુકત જૈનધર્મને વિશ્વધર્મ બનાવવા માટે ત્યાં ચાર વિભાગની સુંદર કલ્પના આપી.

૧) શ્રીમદ્ રાજચંદ્ર વિભાગ - સર્વધર્મઉપાસના અને અધ્યાત્મલક્ષી પ્રવૃત્તિઓ.
૨) ગાંધીજી વિભાગ - સામુદાયિક અહિંસાના પ્રયોગનું સાહિત્ય અને ગાંધી વિચારધારા અંતર્ગત પ્રવૃત્તિઓ.
૩) પૂ.નાનચંદ્રજી મહારાજ વિભાગ - જૈનસાધુ સાધ્વીઓ માટે ઊંડા અધ્યયનની સુવિધા.
૪) પંડિત જવાહરલાલ નહેરૂ વિભાગ - ગાંધીજી, રાજચંદ્ર, વિનોબા અને સંતબાલજીના સાત્ત્વિક અનુબંધ વિચારધારાના સંદર્ભમાં વિદ્યાર્થી અને મુમુક્ષુઓને આંતરરાષ્ટ્રીય અધ્યયનની સુવિધા.

વર્તમાને આ કેન્દ્રમાં, પુસ્તકપ્રકાશન અને નેત્રયજ્ઞ જેવાં માનવતાનાં કાર્યો પ્રમુખ મગનભાઇ દોશી, અંબુભાઇ શાહ, મણિભાઇ પટેલ તથા મીરાંબહેનના માર્ગદર્શન હેઠળ થઇ રહ્યાં છે.

આ વર્ષે અધ્યાત્મયોગિની પૂજ્ય લલિતાબાઇ મહાસતીજી (પૂ.બાપજી) તથા પૂ.ડૉ.તરુલતાબાઇ મહાસતીજી જેવા વિદ્વાન સતીઓનું ચાતુર્માસ કેન્દ્રના ઉપાશ્રયને પ્રાપ્ત થતાં આશ્રમની પ્રવૃત્તિઓમાં વેગ આવશે જ, ને સંતબાલજીના અધૂરાં કાર્યોને પૂર્ણ કરવાની વાટે નવી દિશા મળશે.

સમાજના હિતને અર્થે, સમાજસેવકોઅને સંતોના સમન્વયની એક ઝંખના મુનિશ્રી સંતબાલના હૃદયમાં હતી. તેથી દારૂબંધી કરાવવા દારૂના વ્યસવમાંથી લોકોને મુક્ત કરવા, ધર્મના નામે પશુબલિ-પશુવધ અટકાવવા, ગૌવધ અટકાવી શાકાહાર તરફ લોકોને વાળવા, સર્વધર્મ સમભાવનો પ્રચાર કરવા અને અસ્પૃશ્યતા નિવારણ માટે મુનિ સંતબાલજીની પ્રેરણાથી ૧૯૭૨માં સંતસેવક સમુધમ પરિષદની સ્થાપના થઇ હતી જેમાં આચાર્ય તુલસી, પૂજ્ય અમરમુનિ, સ્વામી સત્યમિત્રાનંદગિરી, સ્વામી ઓમકારાનંદ સરસ્વતી, પૂજ્ય આનંદઋષિ મહારાજ જેવા ભારતવર્ષના દરેક સંપ્રદાય અને ધર્મના આગેવાન વીશ સંતો જોડાયા હતા અને દેશના અનેક આશ્રમોના આગેવાનો, વડાઓ પણ આ પરિષદના કાર્યમાં જોડાયા હતા. જેનું સંયોજન માનવમુનિએ કરેલું.

વકતવ્ય અને કર્તવ્યને જીવનની એક રેખા પર રાખનાર, આ આત્મસ્થ સંતે ૨૬-૩-૮૨ના ગુડી પડવાના દિને મુંબઇની ધરતીપર અંતિમ શ્વાસ લીધો. મુનિશ્રીના અંતિમદર્શન ઘાટકોપરના સ્થાનકવાસી ઉપાશ્રયમાં રાખવામાં આવેલ અને ત્યાં જ મોરારજીભાઇ દેસાઇના પ્રમુખસ્થાને શ્રદ્ધાંજલિ-ગુણાનુવાદ સભા યોજાઇ. અંતિમ સંસ્કાર ચીંચણીમાં દરિયાકિનારે થયા અને ત્યાં જ સમાધિ બનાવવામાં આવી લોકમાંગલ્યનાં કાર્યો કરતાં કરતાં આત્મમસ્તીમાં જીવનાર શતાવધાની ક્રાંતદષ્ટાને વંદના.....!

# અનુપ્રેક્ષા : શુભમાંથી શુદ્ધ પ્રતિ જવાની યાત્રા

કર્મના બોજથી ભારે બનેલ આત્માને શુદ્ધ અને હળવો બનાવવા પૂર્વાચાર્યોએ આત્મશુદ્ધિની પદ્ધતિઓ બતાવી છે. સર્વપ્રથમ ભાવના પર પૂ.કાર્તિકેયસ્વામીએ ચિંતન કરેલું. મહોપાધ્યાય વિનયવિજયજીએ, બાર ભાવના અને ચારપરાભાવનાનું શાંતસુધારસ રૂપે વિવેચન કરી અને મુમુક્ષુજીવો પર પરમ ઉપકાર કર્યો છે.

ભાવના એટલે અનુપ્રેક્ષા, અંતરદષ્ટિ. આત્મદષ્ટિએ જોવાથી અંતરચક્ષુ ખૂલી જાય છે અને આંતરદર્શનથી અધ્યાત્મમાર્ગને નવી દિશા મળે છે.

આપણે સ્વને કદી બરાબર ઓળખ્યો નથી અને પરને પર રૂપે જાણેલ નથી, એ કારણેજ સાચા સુખથી વંચિત રહ્યાં છીએ. આપણે જ આપણા ચૈતન્યને કર્મના ઝાળામાં બંદી બનાવી દીધો છે. કર્મના આવરણથી ઢંકાયેલ આત્મા દેખાયજ નહિં તો તેનો પરિચય કઇ રીતે થાય ? જ્ઞાનીઓએ આત્માને કર્મમુક્ત બનાવવાની પ્રક્રિયાને વેગવંત બનાવવા માટે, વૈરાગ્યવર્ધક બાર ભાવનાઓ બતાવી છે. ધર્મધ્યાન કરવામાં નિમિત્ત, આ ભાવનાઓ, આત્માને સ્વની સાથે એની મૂળ સ્થિતિમાં અનુસંધાન કરાવનાર, આખાજીવનનું પ્રથક્ક કરણ કરે છે. આપણો પોતાનો પર વસ્તુ સાથે સંબંધ કેવો છે અને શા કારણે થયો છે, અને કેટલો વખત ચાલે તેવો છે ? તેનું સ્પષ્ટ ભાન કરાવે છે.

## આત્મસંમોહન

વ્યક્તિ જેને માટે ભાવના કરે છે, જે અભ્યાસનું સતત પુનરાવર્તન કરે છે તેજ રૂપે તેના સંસ્કારોનું નિર્માણ થાય છે. આ આત્મસંમોહનની પ્રક્રિયા છે.

અનુપ્રેક્ષા એટલે ધ્યાનમાં આપણે જે કાંઇ જોયું તેના પરિણામ અંગે વિચાર કરવો અનુનો અર્થ છે પછીથી થનાર, પ્રેક્ષા એટલે વિચાર કરવો.

પંચમરમેષ્ટીના ગુણોનું સતત ચિંતન અનુપ્રેક્ષાથી એ ગુણોનું આપણામાં અવતરણ થાય એ ગુણો આપણામાં આત્મસાત થાય તેવી પ્રક્રિયા કરાવે છે. જે અભ્યાસનું સતત પુનરાવર્તન કરીએ તેના જેવા થવાય છે. અરિહંત થવા માટે અરિહંત

મય બનવું પડે. અશુભ ભાવોમાંથી શુભ ભાવોમાં અને શુભમાંથી શુદ્ધભાવો તરફ જવાની યાત્રા એટલે અનુપ્રેક્ષા.

ધર્મધ્યાનમાં ચાર અનુપ્રેક્ષાઓનો અભ્યાસ કરાય છે.

| | | | |
|---|---|---|---|
| ૧) | એકત્વ અનુપ્રેક્ષા | ૨) | અનિત્ય અનુપ્રેક્ષા |
| ૩) | અશરણ અનુપ્રેક્ષા | ૪) | સંસાર અનુપ્રેક્ષા |

**એકત્વ અનુપ્રેક્ષામાં** આપણે એ ચિંતન કરવાનું છે કે હું આ સંસારમાં એકલો આવ્યો છું. એટલે એકલો જનમ્યોછું અને એકલો મૃત્યુ પામવાનો છું.

માટે હવે હું આ પરમસત્યનો સ્વીકાર કરું છું. મારે એકલાએજ ચાર ગતિ અને ૮૪ લાખ યોનિમાં ભટકવાનું છે તો શા માટે હું એકલોજ મારું આત્મહિત મારું આત્મકલ્યાણ ન સાધી લઉં ? નમિ રાજર્ષિનો પ્રસંગ આપણે સાંભળ્યો છે. રાણીઓનાં હાથમાંના કંકણનો અવાજ બંધ થતાં ચિંતન કરતાં, તે કહે છે એકમાં જ સાચી શાંતિ છે, આ વિચારમાં આત્મ પ્રતિ એકત્વભાવનું ચિંતન અભિપ્રેત છે.

## અનિત્ય ભાવના

અનિત્ય ભાવનામાં આપણે ચિંતન કરવાનું કે, શરીર અનિત્ય છે. સાંસારિક સંબંધો અને સગપણો ચિંરજીવ કે શાશ્વત નથી. આત્મિક વસ્તુથી પર સર્વ પૌદ્દગલિક વસ્તુઓ તે સ્વરૂપે અનિત્ય છે. આ શરીર અને યૌવન અનિત્ય છે. સત્તા અને સંપતિ અનિત્ય છે, તો તેનું અભિમાન શા કામનું ? આપણા જીવન વ્યવહારમાં અનિત્ય અનુપ્રેક્ષા ઉપયોગી છે.

અષ્ટાપદની રક્ષા કરતાં સાગરચક્રવર્તીના તમામ પુત્રો મૃત્યુ પામ્યા, ત્યારે સાગર આર્ત ધ્યાનથી પાગલ જેવો થયો, એ સમયે ઇન્દ્ર મહારાજે તેને અનિત્ય ભાવનાની સમજણ આપી શોક દૂર કર્યો હતો.

**અશરણ ભાવનામાં** અનુપ્રેક્ષા કરવાની છે કે, જીવનને અન્યના આધારપર ટકવા દેવા જેવું નથી. આધાર ટેકો કે શરણ આપનારનું જ સ્થાયીપણું નથી. અશરણ

ભાવના આત્મશરણ પ્રતિ જાગૃતિ આણશે. જ્યારે અનાથિમુનિને મહારાજા શ્રેણિક કહે છે કે હું તમને શરણ આપીશ, ત્યારે મુનિ કહે છે રાજન ! તમે પણ અનાથ છો, ખુદ તમને કોઇનું શરણ નથી તો તમે મને શું શરણ આપશો ?

## ચાર શરણાં

વિશ્વનાં ચાર શ્રેષ્ઠ શરણભૂત તત્ત્વો છે

अरिहंते शरणं पवज्जामि । सिद्धे शरणं पवज्जामि ।
साहू शरणं पवज्जामि । केवली पन्नतं धम्मं शरणं पवज्जामि ।

અરિહંત, સિદ્ધ, સાધુ અને ધર્મ એ ચાર શરણાં ધારણ કરે, તેનું સમગ્ર જીવન મંગલમય થાય છે.

## સંસાર ભાવના

વિચારવાનું કે સંસારની વિચિત્રરચના, કર્મના પ્રકારો, મનોવિકારના આર્વિભાવનો ક્ષણે ક્ષણે સ્વાર્થ, રાગ દ્વેષની પરિણતી એ સંસાર ભાવનાનું ચિંતન, જીવને વીતરાગતા પ્રતિ દોરી જશે.

સંસારના અન્ય પરપદાર્થો અને અન્ય સંબંધોમાંથી સુખ નહીં મળે, સુખ તો આપણા આત્મામાં જ છે.

## ભાવનાયોગ વિજ્ઞાન

જૈનભાવના પદ્ધતિને ભાવનાયોગ પણ કહે છે. આધ્યાત્મિક ક્ષેત્રમાં ભાવના આત્મશુદ્ધિ માટે આત્માના ઉર્ધ્વગમન માટે આવશ્યક છે. ભાવના મનોવૈજ્ઞાનિક અને શરીર વિજ્ઞાનની દૃષ્ટિએ પણ અગત્યનું સ્થાન ધરાવે છે. નકારાત્મક વિચાર દૂર કરી હકારાત્મક ચિંતન Positive thingking શરીર અને મનને સ્વસ્થ કરે છે.

કોઇ એક રોગી સતત ચિંતન કરે કે હું રોગ મુક્ત થઇ રહ્યો છું તો તે ઝડપથી રોગમુક્ત થશે જ. રશિયામાં પોઝીટીવ થિંકીંગના પ્રયોગો થઇ રહ્યાં છે.

એક ફાંસીની સજા પામેલા કેદીને જેલરે કહ્યું કે કાલે તારો ફાંસીની સજા દેવાનો દિવસ છે, માનવીને વધુમાં વધુ પીડા દુઃખ આપે એવા એક ઇન્જેકશનની શોધ થઇ છે, જે ઇંજેકશન દેવાથી એક કલાક સુધી પીડા તડફડાટ દુઃખ થાય. તે પ્રયોગ તમારા પર કરવાનો છે. તમે આ પ્રયોગ કરવા દેશો તો તમારી સજામાં ફેરફાર પણ થઇ શકશે.

બીજે દિવસે કેદીને ઇંજેકશન આપતાં તેને એક કલાક સખત પીડા, વેદના થઇ દુઃખ થયું તેણે ધમપછાડા કર્યા. ડૉક્ટરને પૂછ્યું કે આમાં કયું કેમીકલ હતું જેથી તેને આટલી વેદના થઇ. ડૉક્ટરે કહ્યું કે કશું નહિ માત્ર પાણી હતું. માત્ર નકારાત્મક ચિંતનથી આ પીડા ઉપજી. દર્દીએ આખી રાત નેગેટીવ થિંકીંગમાં ગાળી કે સવારે મને જે ઇન્જેકશન આપવામાં આવશે, તેનાથી મને અપાર વેદના થશે ને તેને પરિણામે તેને પીડા થઇ.

એક દર્દીને ભારે શરદી થઇ, વૈદે દવા આપી દર્દીએ દવાનું નામ પૂછ્યું. વૈદ કહે 'મહાપ્રતાપ લંકેશ્વરી રસ' દર્દીને થયું દવા કેટલી ભારે કીંમતી હશે 'રસ' અને 'પ્રતાપ' નામ ધરાવતી દવા પ્રત્યે દર્દીને શ્રદ્ધાબેઠી કે સારું થશે જ ટૂંક સમયમાં દર્દીને સારું થયું વૈદને પૂછ્યું દવામાં શું હતું તો કહે તે રાખ અને મરી બેજ દ્રવ્યો દવામાં હતા. દર્દ મટાડવા માટે શ્રદ્ધાયૂકત અનુપ્રેક્ષા કારણભૂત હતી.

**અન્યત્વ ભાવનામાં** ચિંતન કરવાનું છે કે પોતાના આત્મતત્ત્વ સિવાય તમામ પૌદ્ગલિક વસ્તુઓ આત્માથી પર છે. અન્યત્વ ભાવનાથી સ્વ અને પરની સમજણનો ઉઘાડ થાય છે પરમાં રાચવું તે અલ્પજ્ઞતા છે. તેનું ભાન થતાં ભવચક્રની ગુંચવણનો જલ્દીથી નિકાલ થાય છે અને સમજાય કે પરમાંથી સુખ ના મળે. સુખ તો આત્માની અંદર પડેલું છે.

'આનંદ કંદ છે આત્મા, આનંદ એમાંથી મળે,
અન્યે ન વલખા મારતો એ મારવાથી શું વળે ?'

મેળવવા જેવું સુખ હોયતો એક માત્ર આત્માનું જ સુખ છે. પુણ્યના યોગે મળતા સુખમાં પણ રાચવા જેવું નથી. પુણ્યોદય સમાપ્ત થતાં એ સુખ પણ ચાલ્યું જશે માટે એને સુખ નહિ પણ સુખાભાસ જ કહેવાય. જો રાજ વૈભવમાં સુખ હોત તો તીર્થંકર તેને છોડી ને જાત નહીં.

જો પત્નીમાં સુખ હોતતો સુરિકંતા તેના પતિને ઝેર ન આપત. જો, પુત્રમાં સુખ હોતતો શ્રેણિક મહારાજાને કોણિક જેવો પુત્ર ન હોત, જે તેના પિતાને કેદમાં પૂરવા તૈયાર થાય. સત્તામાં જો સુખ હોત તો શુભમ ચક્રવર્તી નરકે ન જાત. માટે જ જ્ઞાનીએ કહ્યું છે કે સંસારસંબંધો કે અન્યમાં સુખનથી, સુખ માત્ર આત્મામાં જ છે.

**અશુચિ ભાવનામાં** આપણે ચિંતન કરવાનું છે કે આ શરીરને આપણેં આપણું પોતાનું માન્યું છે, તે તો હાડ માંસ લોહી અને ચરબી જેવા પદાર્થોથી ભર્યું છે વળી તેમાં પારાવાર અશુચિ અને રોગો ભર્યા પડયા છે. અશુચિભાવના ચિંતનથી, પવિત્ર શુદ્ધ ચૈતન્ય આત્મા પ્રતિ લગાવ વધશે. સનતકુમાર ચક્રવર્તીના જીવનના પલટાતા પ્રવાહોનું નિરીક્ષણ કરવાથી આ ભાવના પુષ્ટ થશે.

**આશ્રવ ભાવનામાં** અનુપ્રેક્ષા કરવાની કે જ્ઞાનીઓને આ સંસાર ભવ-વન સમાન લાગે છે, આ ભવવનમાં આશ્રવોનાં વાદળોની સતત વર્ષા થતી દેખાય છે એટલે આ સંસાર પરિભ્રમણમાં આત્માને સતત કર્મો ચોંટતા રહે છે. ચિતવૃત્તિના સંયોગનું પરિણામ આસ્ત્રવ છે. જ્ઞાનીઓની સૂક્ષ્મ દષ્ટિ જીવાત્માને તળાવ રૂપે અને ઝરણાંઓને જમીનમાંથી ફૂટતા પાણીના નાના નાના પ્રવાહને આશ્રવ રૂપે નિહાળે છે.

મિથાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ આસ્ત્રવનું કારણ છે. આસ્ત્રવ ભાવનાના ચિંતનમાં વિચારવાનું કે મારા પુરુષાર્થ અને સદગુરુની કૃપાથી મિથ્યાત્વ ના વાદળો દૂર થઇ સમ્યકદર્શનનો સૂર્ય મારા આત્મપ્રદેશને પ્રકાશિત કરે, વિરતિની છત્રી આ આશ્રવના વરસાદથી જીવનું રક્ષણ કરી શકે.

**સંવર ભાવના** આવતાં કર્મોને અટકાવવા તેનું નામ સંવર છે. પૂજ્ય ઉમાસ્વતિ મહારાજે તત્ત્વાર્થ સૂત્રના નવમાં અધ્યયનમાં આશ્રવ નિરોધને જ સંવર કહેલ છે. નિમિત્તથી કર્મબંધન થાય છે, તે આશ્રવ, છે તેનો પ્રતિબંધ કરવો એટલે સંવર.

**નિર્જરાભાવનાની** અનુપ્રેક્ષા કરતાં કરતાં કર્મ પ્રક્રિયાને સમજી લેવી જરૂરી છે. અગાઉ આપણે આશ્રવ અને સંવર વિશે વાત કરી ગયા. નવા આવતા કર્મોના પ્રવાહને અટકાવવા જેમ પુરુષાર્થ જરૂરી છે તેમ અગાઉના કર્મોને ખપાવવા પણ પુરુષાર્થ જરૂરી છે. દરેક સમયે સાત કર્મો બંધાય છે. ભલે ઉદયમાં આઠ કર્મો હોય પરંતુ, ઉદય કરતા કર્મબંધ

વધારે થતો હોવાથી આત્મા પર કર્મોનાં થર બંધાતા જાય છે. આત્મા પર કર્મોનો ભાર ઓછો કરવા તેનો નિકાલ કરવો જરૂરી છે. આ નિકાલની પ્રક્રિયા એ જ નિર્જરાભાવના છે. કર્મનો બંધ આત્મા સાથે થાય છે, તે વખતે તેની સ્થિતિ પણ નક્કી થાય છે એ સ્થિતિ એટલે ઉદયકાળ. કર્મ વિપાક ફળ કયારે ઉદયમાં આવી શકે તેનો નિર્ણય સ્થિતિબંધ કરે છે. એ સમયની પ્રાપ્તિ થાય તે પહેલાં કર્મ પડ્યું રહે, કંઇ પણ ફળ ન આપે, તે વચગાળાના સમયને અબાધાકાળ કહેવામાં આવે છે.

આવી રીતે અનેક કર્મો આત્માને ચોંટેલા હોય છે, તે કર્મોની ઉદયકાળ પહેલા ઉદીરણા કરવી એટલે નીચે પડેલા હોય તેને સપાટી પર ખેંચી લાવી, ઉદય સન્મુખ (ઉદય સન્મુખ એટલે કોઇ આપણા ઘરમાં પ્રવેશ ન કરે પણ ઘરનાં દ્વાર સુધી આવી મોઢું બતાવી જાય) કરી એને ખેરવી નાખવા એ નિર્જરા કહેવાય છે. કર્મને નિર્જરવા એટલે તેની શકિત મંદ પાડી દેવી અથવા ખેરવી નાખવા. નિર્જરા બે પ્રકારનું કાર્ય કરે છે. કર્મની સમય અને શકિતને નિર્બળ કરી નાખે છે. એ કર્મની સ્થિતિ ઓછી કરી નાખે અને કર્મનો રસ મંદ કરી નાખે છે. શૂળીની સજા સોયથી પતે તે ન્યાયે આકરા કર્મ હોય તેને નિર્જરા તદ્દન નિર્માલ્ય જેવી કરી નાખે છે. નિર્જરાની પ્રક્રિયાને કારણે કર્મની નિર્બળતાનું પરિણમન અંતમા આત્માની નિમર્ળતાનું સંવર્ધન કરે છે. નિર્જરા ભાવથી બાહ્ય અને આભ્યંતર તપ દ્વારા કેટલાંક કર્મોને સીધે સીધા (વિપાકમાં ભોગવ્યા સિવાય) આત્મપ્રદેશ ઉપરથી (પ્રદેશોદયથી) ખેરવી શકાય છે. આમ નિર્જરા દ્વારા સંચિત કર્મોનો ક્ષય થઇ આત્મા હળુકર્મી બને છે.

બાહ્ય તપ છ પ્રકારના છે. અનશન, ઉણોદરી, વૃત્તિસંક્ષેપ, રસત્યાગ, કાયાકલેશ, સંલીનતા અને છ પ્રકારના અભ્યંતરતપમાં, પ્રાયશ્ચિત, વિનય, વૈયાવૃત્ય, સ્વાધ્યાય, શુભધ્યાન અને કાયોત્સર્ગનો સમાવેશ થાય છે.

કર્મબંધ બે પ્રકારે થાય છે. નિકાચિત કર્મબંધ અને અનિકાચિત કર્મબંધ. બાંધેલા કર્મો ભોગવવા પડે છે. આ જન્મમાં યા જન્માંતરમાં કોઇ પણ ઉપાયો દ્વારા નિકાચિત કર્મબંધ તૂટતો નથી, ક્ષય પામતો નથી. પરંતુ ઉગ્ર તપને સહારે નિકાચિત કર્મ પણ પ્રાયઃ મોળા પડે છે.

તપ દ્વારા જૂના કર્મોનો નાશ થવો અને જ્ઞાન બળ દ્વારા, નવાં કર્મો ન આવે તે નિર્જરા છે. જેવી રીતે સરોવરમાં આવતું નવું પાણી અટકી જાય, તેવી રીતે સંવર, આત્મપ્રદેશ પર કર્મોના આવતા પ્રવાહને રોકે છે, અને જેમ સૂર્યનો તાપ સરોવરના પાણીને શોષે છે, તેવી જ રીતે નિર્જરા જૂનાં કર્મોને શોષી લે છે એટલે નષ્ટ કરે છે.

કર્મરૂપ વ્યાધિનું ઔષધ તપ છે. બિમારી દૂર કરવા માટે જેમ ઔષધિ લેવામાં આવે છે, તેમ કર્મરૂપ વ્યાધિનો ઉપાય તપ છે. આયુર્વેદમાં ઔષધ કઇ ચીજ સાથે લેવું તે ચીજને અનુપાન કહે છે. પરંતુ પૂર્વાચાર્યોએ કર્મરોગના ઉપાય માટે અનુપાન અને ઔષધ બન્નેમાં તપનો સ્વીકાર કરવા જણાવ્યું છે. જેમ કે ઔષધમાં આભ્યંતર તપમાંથી ધ્યાન કે કાયોત્સર્ગ લીધો હોય તો અનુપાન તરીકે ઉપવાસાદિ બાહ્ય તપ લઇ શકાય. વધારામાં બ્રહ્મચર્યપાલન કે અભક્ષ્ય ત્યાગ, એ જિનાજ્ઞા અનુપાન છે.

આ સમજણથી તપ દુ:ખરૂપ નહિ પણ સુખરૂપ લાગશે અને તપથી આંતરિક આનંદની ધારા અખંડિત વહેશે. તેથી આંતરિક પ્રસન્નતા અને માધુર્યમાં વૃદ્ધિ થશે. અજ્ઞાનીના લાખ વર્ષના તપ કરતાં પણ જ્ઞાનીનું સમજણપૂર્વકનું ભાવપૂર્વકનું એક શ્વાસોશ્વાસ જેટલું તપ અર્થપૂર્ણ છે.

નિર્જરા બે પ્રકારની છે સકામ અને અકામ. ઇરાદાપૂર્વક કર્મનો જેથી ક્ષય થાય તેને સકામ નિર્જરા કહેવામાં આવે છે. બાહ્ય સાથે અભ્યંતર તપથી જે કર્મોખરી પડે છે તે સકામની કક્ષામાં આવે છે. આપણે ઇરાદાપૂર્વક ત્યાગ કરીએ, સમજીને વસ્તુનો લાભ સુલભ હોય છતાંય મન, વચન અને કાયાના યોગ પર અંકુશ રાખીએ જેથી સકામ નિર્જરા થાય છે. જીવનમાં વ્રત નિયમ દ્વારા, ત્યાગ બુદ્ધિએ ભોગ ઉપભોગનો ત્યાગ કરીએ ત્યારે સકામ નિર્જરા થાય છે. એથી ઊલટું સમજણ કે ઇચ્છા રહિત ત્યાગ કરીએ ત્યારે અકામ નિર્જરા થાય છે. પશુને ખાવાનું ન મળે તો તે ભૂખ તરસ જાણી બૂઝીને સહન કરતા નથી. તેમને જે કર્મ ક્ષય થાય તે અકામ નિર્જરા કહેવાય. અહી. 'કામ' શબ્દ માત્ર ક્રિયા પાછળ રહેલા આશય પરત્વે જ છે. સકામ નિર્જરા પુરુષાર્થજન્ય છે. અકામ નિર્જરા તો માત્ર આગંતુક હોઇ સહેજે બની આવે છે. આમ સકામ નિર્જરા માટે અભ્યંતર તપ અનિવાર્ય બની જાય છે.

સમકિતી જીવ, જ્ઞાની સમજણપૂર્વક નિર્જરા કરે તેને સકામ નિર્જરા કહે છે. મિથ્યાત્વી જીવો અકામ નિર્જરા કરે છે. પરંતુ બંનેની કર્મનિર્જરાના પરિણામને સમજવું રસપ્રદ થઇ પડશે. એક વ્યક્તિને શિક્ષા કરવામા આવી કે તેને આજે જમવાનું આપવામાં આવશે નહિ. મિથ્યાદષ્ટિજીવની ન જમવાને કારણે અકામ નિર્જરા તો થશે, પરંતુ સાથે સાથે તે આર્તધ્યાન અને રૌદ્ર ધ્યાન કરશે. શિક્ષા કરનાર પ્રત્યે દ્વેષ ભાવ કરશે તેથી તેને કર્મબંધન થશે. જ્યારે સમ્યક્ સન્મુખ જીવ, સામેવાળી વ્યક્તિ પર દ્વેષ કરશે નહિ. પોતાના કર્મને નિમિત્ત ગણી ભૂખ સહન કરી લેશે તેથી તેનાં નવાં કર્મો બંધાશે નહિ.

જ્ઞાનીઓએ કર્મનિર્જરા માટે, અભ્યંતર તપમાં ધ્યાનની વિશિષ્ટતા બતાવી છે. ધ્યાન દ્વારા વ્યક્તિ વર્તમાનમા જીવવાનો પુરુષાર્થ કરે છે. શરીરના બાહ્ય અને આંતર અંગોની સંવેદના અને સ્પંદનોનું સાક્ષીભાવે નિરીક્ષણ કરે છે. આ પળ જીવન માટે સ્વયં સંવર બની જાય છે. આશ્રવ પ્રવાહ અટકાવવાને કારણે નવા કર્મ બંધાતા નથી. સંવેદના સાક્ષીભાવે સમતાપૂર્વક વેદાય તેથી કર્મ - નિર્જરા થાય છે. પૂર્વ સંચિતકર્મોની ઉદીરણા કરે તેની નિર્જરા કરવાના સાધન તરીકે ધ્યાનનો ઉપયોગ થાય છે.

તપને માત્ર દેહદમન નહિ પરંતુ વૃત્તિઓના ઉપશમનના ઉપાય તરીકે સ્વીકારવાનો છે અને લૌકિક માન માટે નહિ પરંતુ પારલૌકિક કે લોકોત્તર રૂપે જે સ્વીકારી શકાય.

પૂર્વાચાર્યોએ બતાવેલી વૈરાગ્યભાવનાઓમાં **મોક્ષભાવના** નામની કોઇ ભાવના નથી, પરંતુ આ **નિર્જરા** ભાવનામાં જ સંપૂર્ણ રીતે મોક્ષભાવના અભિપ્રેત છે.

**લોકસ્વરૂપ ભાવનાનું** ચિંતન કરતા સંસારની વ્યવસ્થા વિચારવી એના અનેક સ્થાનો સમજી, ત્યાં પ્રાણી આવે છે અને જાય છે, એક ખાડામાંથી બીજામાં પડે છે. લોકસ્વરૂપનું ચિંતન કરતાં બે બાબતોનો વિચાર કરવો જોઇએ એક, જ્ઞાનીઓ કહે છે કે આ સંસાર-ચૌદરાજલોકમાં એવું કોઇપણ સ્થાન નથી કે જ્યાં આપણો આત્મા જઇ આવ્યો ન હોય. નરક અને તિર્યંચનાં ભયંકર દુઃખો અને યાતનાવાળા અને સ્થળોએ પણ આ જીવ જઇ આવ્યો છે, અને સ્વર્ગના ભવ્ય દૈવી સુખોવાળા અનેક સ્થળે પણ આ જીવ જઇ આવ્યો છે, તો વર્તમાનના આ સુખ દુઃખો તેની વિસાતમાં કાંઇ નથી તેવું ચિંતવતા વર્તમાનની સ્થિતિનો આપણે સહજ સ્વીકાર કરી શકીશું.

વળી ચૌદરાજલોકની ભવ્યતા દિવ્યતા અને વિશાલતાનું ચિંતન કરતાં આપણી અહં અને મમની દિવાલો તૂટશે.

આ સમગ્ર સંસારમાં કેવી સમૃદ્ધ પ્રતિભાઓ છે, તેની તુલનામાં આપણું સ્થાન કયાં છે ? તે ચિંતવના કરવાની છે.

## અખિલ બ્રહ્માંડમાં આપણું સ્થાન કયાં ?

વર્તમાન સમયની ફોર્બ્સની (Forbes) અબજોપતિની યાદીનાં અનેક લક્ષ્મીપતિઓની તમામ સંપત્તિ કરતા લાખો ગણી સમૃદ્ધિ કુબેર પાસે હતી, અને તે સર્વસ્વ ત્યાગવાની તાકાત પણ તેનામાં હતી, તે ઐશ્વર્યની સામે આપણી સંપત્તિના સામ્રાજ્યનું શું મૂલ્ય ?

બાહ્ય અને અંતરંગ તપનો જેના જેના જીવનમાં સમન્વય હતો તેવા ભગવાન ઋષભદેવ કે જેને માત્ર સાધુને લેવા યોગ્ય ભિક્ષા-'નિર્દોષ ગોચરી' ન મળતા સહજ રીતે થયેલું ચારસો ઉપવાસનું તપ યુગોથી અદ્વિતીય અને અપૂર્વ રહ્યું છે.

શ્રી કૃષ્ણનો યોગ, રામની મર્યાદા, મહાવીર-બુદ્ધની કરૂણા, અને નરસિંહ-મીરાંની ભક્તિ જીવનની ચરમસીમાએ પહોંચી હતી. વૈરાગ્યભાવમાંથી ફલિત થતો ધન્ના-શાલિભદ્રનો ત્યાગ, શ્રીરામ પ્રતિ સાચા ભ્રાતૃપ્રેમમાંથી પ્રગટતો ભરતનો રાજ્ય ભોગવટાના ત્યાગનો, આ જગત પર જોટો જડે તેમ નથી.

આનંદ-શ્રાવક, ભામાશા, જગડુશા, વસ્તુપાળ અને તેજપાળ જેવા વીરોએ પોતાના ન્યાયસંપન્ન વૈભવમાંથી ઉલ્લાસભાવે સુપાત્રે દાન દઇ લક્ષ્મીને મહાલક્ષ્મી બનાવી. શેઠ સુદર્શનના શીલવ્રત અને ગણધર ગૌતમનાં જ્ઞાનને આપણે સદૈવ વંદન કરીએ છીએ.

જ્યારે આપણા જીવનમાં ત્યાગ, તપ, દાન, શીલ કે જ્ઞાનપ્રાપ્તિનું કોઇ સત્કાર્ય થાય કે સફળતા મળે, તે સમયે સૂક્ષ્મ અહમ્ આપણામાં પેસી જવાનો ભય હોય છે, તે ક્ષણે આવા મહાન આત્માઓનું પાવન સ્મરણ કરી તેમના જીવનમાં તપ, ત્યાગ, શીલ, બાહ્ય અને આંતરવૈભવની સાથે આપણી સરખામણી કરવી જોઇએ, તેમ કરવાથી

લાગશે કે આમા આપણી શી વિસાત ? આ અનુપ્રેક્ષા-ચિંતન આપણામાં જાગૃતિ લાવશે તેથી જીવનમાં લઘુતાભાવ પ્રગટ થશે, જે અહંકારના આક્રમણ સામે કવચ બની રહેશે.

રાજકીય, સામાજિક કે ધર્મસંસ્થામાં પદ મળે, પૈસા કે પ્રતિષ્ઠા મળે, જીવનમાં અહંકારના પ્રવેશનો ભય લાગે ત્યારે અંતરના પ્રવેશદ્વાર પર, 'આ વિરાટ વિશ્વમાં આ પદની શી વિસાત ?' નો વિચાર અહ્‌મ સામે ચોકીદાર બની માન કષાયથી આપણા આત્માનું રક્ષણ કરશે.

વિશ્વચિંતક બર્ટ્રૉન રસેલે એક લઘુકથા લખી છે. તે રૂપકને થોડી જુદી રીતે આપણા નિજી જીવનનાં પરિપ્રેક્ષ્યમાં તપાસવા જેવું છે.

પ્રસિદ્ધ અને ભવ્યમંદિરનો એક પૂજારી નિદ્રાધીન થતાં, તેને એક સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં તેણે જોયું કે તે સ્વર્ગને દરવાજે પહોંચી ગયો છે, પરંતુ દરવાજો એટલો મોટો છે કે તેનાં છેડોઓની ખબર જ નથી પડતી. તે માથું ઉંચકી જુએ છે, તે આશ્ચર્યથી જોતો જ રહી જાય છે. પરંતુ તેનો કોઇ અંત દેખાતો નથી. એ દરવાજા પર નાના માણસની ટકોરાની શી અસર થાય ? તે અસીમ સુનકારમાં કાંઇ અવાજ પેદા ન થયો. એ માથું ઠોકી ઠોકીને થાકી જાય છે અને ખૂબ દુ:ખી થાય છે. કારણ તેણે તો હંમેશાં એમ જ વિચાર્યું હતું કે, હું ભગવાનની દિવસ અને રાત-પૂજા કરૂં છું, એથી હું જઇશ ત્યારે ભગવાન દરવાજા સામે મારા સ્વાગત માટે, હાથ ફેલાવી ભેટવા તૈયાર હશે પરંતુ અહીંતો દરવાજો જ બંધ છે.

ખૂબ બૂમબરાડા પાડ્યા પછી, એક નાની બારી ખૂલે છે અને પ્રકાશનો પૂંજ દેખાય છે. તે જોઇ પૂજારી ગભરાય જાય છે. દરવાજાની બાજુમાં સરકી જાય છે કારણ કે બારીમાંથી એક-બે નહીં હજાર હજાર તેજસ્વી આંખો દેખાણી, પૂજારીની આંખો અંજાય જાય છે. તેને આંખે અંધારા આવવા લાગ્યા. પૂજારી બૂમ મારીને કહે છે, 'મહેરબાની કરી અંદર જતા રહો અને ત્યાંથી જ વાત કરો, મારા સામે જુઓ નહીં. એક એક આંખનું તેજ હજાર સૂર્ય સમાન જણાય છે.' તે કહે છે, 'હે ભગવાન આપના દર્શન થઇ ગયા, બહુ કૃપા થઇ પરંતુ પેલી તેજસ્વી આંખોવાળી વ્યક્તિ કહે છે, 'હું ભગવાન નથી. હું અહીંનો દ્વારપાળ છું અને તમે ક્યાં સંતાયા છો, મને દેખાતાં જ નથી ? પેલી હજાર આંખોવાળી વ્યક્તિને પણ તે પૂજારી ક્યાંય નજરે ચડતો નથી એટલો વામન

લાગે છે. આ અદ્દભુત ઘટનાથી પૂજારીને લઘુતા-દીનતાની અનુભૂતિ થવા માંડી, હું વિચારતો હતો કે ખૂદ ભગવાન દરવાજા પર મળશે પરંતુ આ તો ભગવાનનો દ્વારપાળ છે. થોડીવારમાં સ્વસ્થતા કેળવી પૂજારીએ દ્વારપાળને પૂછયું.

'તમને ખબર નથી કે હું આવવાનો છું ?'

દ્વારપાળે કહ્યું, 'તમારા જેવું જીવજંતુ અનંતકાળમાં અહીં પહેલીવાર જ દેખાયું છે, કયાંથી આવો છો ?' પૂજારીએ કહ્યું, 'પૃથ્વી પરથી આવું છું' દ્વારપાળ કહે, આ નામ ક્યાંય સાંભળ્યું નથી, આ પૃથ્વી કયાં છે ? ત્યારે તેનો શ્વાસ અટકી ગયો, હૃદયનાં ધબકારા બંધ થવા માંડયા, જો પૃથ્વીનું જ નામ નથી સાંભળ્યું તો હિન્દુસ્તાનનું નામ અને તેના ધર્મનાં નામ કયાંથી સાંભળ્યા હોય એ ધર્મોનાં સંપ્રદાયોના નામ એ જાણતો - જ ન હોય, અને અમુક ગામના મંદિરોની એને શી ખબર હોય ? અને એ મંદિરનાં પૂજારીને તો એ શે ઓળખે ? જ્યારે એ તો કહે છે કે પૃથ્વીનું નામ જ પહેલી વખત સાંભળ્યું છે.!

દ્વારપાળે પુનઃ પ્રશ્ન કર્યો, કયાં છે એ પૃથ્વી ? પૂજારીએ પ્રત્યુત્તરમાં કહ્યું, સૂર્યનો એક પરિવાર છે તેમાં પૃથ્વી એક ગ્રહ છે. પેલો દ્વારપાળ કહે છે, તમને ખબર નથી કે, કેટલા પાર વગરના સૂર્યો છે ? કઇ નિહારિકા ? તેમાંનો કયો સૂરજ ? કયો નંબર (Index Number) છે ? પૂજારી દિગ્મૂઢ થઇ સાંભળતો નિરુત્તર રહ્યો. પેલો દ્વારપાળ કહે, તમારી આકાશગંગા (Galaxy) નો સાંકેતિક નંબર (Code Number) બતાવી શકો તો પણ તમારા સૂરજની શોધખોળ થઇ શકે કે તમે કયા સૌર પરિવારમાંથી આવો છો. પૂજારી કહે, નંબર ? અમે તો એક જ સૂરજને જાણીએ છીએ. દ્વારપાળે કહ્યું, ચાલો પ્રયત્ન કરવામાં આવશે, શોધતાં શોધતાં કદાચ પત્તો લાગી પણ જાય, પરંતુ આ રીતે શોધ કરવી એ બહુ અઘરી વાત છે. ગભરામણમાં પેલા પૂજારીની ઊંઘ ઊડી જાય છે જાગૃત થતાં જ તે પસીનાથી તરબોળ થવા લાગે છે ને તેને પહેલીવાર જાણ થાય છે કે જે કોસ્મિક વિશ્વ, વિરાટ જગતમાં એ વસે છે ત્યાં પૃથ્વીનું જો કંઇ સ્થાન ઠેકાણું નથી તો,

'અખિલ બ્રહ્માંડમાં આપણું સ્થાન કયાં ?'

**ધર્મચિંતન અનુપ્રેક્ષામાં** ધર્મ શું ? તે ચિંતવવાનું છે। એનું સ્વરૂપ શું છે ? ધર્મ એ વસ્તુનો સ્વભાવ છે. નિમિત અને સંયોગો પરથી દષ્ટિ હટાવી અને સ્વભાવ તરફ દષ્ટિ રાખવાનો અભ્યાસ ધર્મચિંતન અનુપ્રેક્ષામાં અભિપ્રેત છે.

## બોધિદુર્લભ ભાવના

સમ્યકજ્ઞાન, સમ્યકદર્શન અને સમ્યકચારિત્રને સમજવા બહુ મુશ્કેલ છે. સમજ્યા પછી તેની પ્રાપ્તિ મુશ્કેલ છે. દસદષ્ટાંતે દુર્લભ માનવભવમાં, સાધના દ્વારા બોધિરત્નની પ્રાપ્તિ માટેનું ચિંતન ઉપકારી છે.

આપણા અંતરમનમાં ઘુંટાતી ભાવના જ આપણી સદ્‌ગતિ કે દુર્ગતિ નક્કી કરે છે.

## સદ્‌ગતિ કે દુર્ગતિ માનવના અંતરમનને આભારી છે

એ નગરમાં એક જ દિવસે બે મૃત્યુ થયાં. એક સંત મહાત્માનું અને એક ગણિકાનું બંને એક જ સમયે વિદાય થયાં. બંનેના ઘર સામ સામે, એક બીજાના ઘરમાં શું થઇ રહ્યું છે, તે બંને સારી જાણતાં હતાં.

પરંતુ યમદૂતો જ્યારે બંનેના આત્માને લેવા આવ્યા ત્યારે આશ્ચર્યકારક ઘટના ઘટી, એક યમદૂત ગણિકાનો જીવ લઇ સ્વર્ગ તરફ જવા લાગ્યો જ્યારે બીજો યમદૂત યોગીનો આત્મા લઇ નર્ક તરફ જવા લાગ્યો. યોગીએ યમદૂતને પૂછયું, ભાઇ, તમારી કોઇ ભૂલ તો નથી થતી ને ? ગણિકાને બદલે તમે મને ભૂલમાં નરકમાં લઇ જઇ રહ્યા છો આ તે કેવો અન્યાય ? આ તે કેવું અંધેર ?

યોગીએ પૃથ્વી તરફ જોયું તો તેના દેહને પુષ્પહારથી શણગારવામાં આવ્યો હતો. મૃતદેહને મૂકવા માટે ભવ્ય પાલખી બનાવવામાં આવી હતી, અંતિમયાત્રા ધામધૂમથી નીકળવાની તૈયારી ચાલતી હતી. અંતિમદર્શન માટે ભકતોની ભીડ જામી હતી. ભજનમંડળીઓ વાજિંત્રો સાથે આવી પહોંચી હતી, જ્યારે ગણિકા-વેશ્યાના મૃતદેહને ઉપાડનાર કોઇ હાજર ન હતું, લાશ ઘરની બહાર રસ્તામાં એક ખૂણે પડી હતી, કૂતરા અને ગીધ મિજબાની ઉડાવવા તત્પર હતાં.

આ જોઇને યોગી બોલ્યા, 'તારાથી તો વધારે વિવેકયુકત અને ન્યાયપૂર્ણ વ્યવહાર આ પૃથ્વીલોકના માણસો કરી રહ્યાં છે. એતો જો, કાંઇક સમજ અને સત્વરે તારી ભૂલ સુધાર !'

યમદૂતે કહ્યું, પૃથ્વીના લોકો તો માત્ર બહાર દેખાય તેટલું જ જાણી શકે છે. એમની પાસે માત્ર આંખ છે. શરીર અને બાહ્ય વ્યવહાર જ આંખ દ્વારા જોઇ શકાય છે. દૃષ્ટિ હોય તો શરીરથી આગળ ઊંડાણમાં જોઇ શકાય છે. અમે તો દિવ્યદૃષ્ટિથી સૂક્ષ્મ જોયા પછી જ ન્યાયયુકત નિર્ણયો લઇએ છીએ. પ્રશ્ન શરીરનો નથી મનનો છે ! શરીરથી તું સંન્યાસી હતો, પરંતુ તારા અંતરમનમાં શું હતું ? શું તારા સંપૂર્ણ મન પર વાસનાનો કબજો ન હતો ? ગણિકાના ઘરમાં થઇ રહેલા નાચગાન, રંગરાગમાં તારું મન ડૂબી ગયું હતું. તું સતત વિચારતો હતો કે મારું જીવન કેટલું નીરસ વ્યતીત થઇ રહ્યું છે. આ ગણિકા કેવી રંગરેલી, મોજમજા ઉડાવી રહી છે. હાય હું દુર્ભાગી ! આ જ જીવનનો સાચો આનંદ માણી રહી છે. કામવાસનાને તે ઇષ્ટ માની તેમાં આસકત હતો. મનથી જ, ઇષ્ટના વિયોગથી તું આર્તધ્યાનમાં રહેતો, શરીર પરનાં ટીલાં, બાહ્ય વહેવારો લોકોને ધર્મમય લાગતાં. તારું ચિત્ત વાસનામાં ભડકે બળતું હતું અને ગણિકાના સાન્નિધ્યની સતત ઝંખના વાંછના અને કલ્પના !

પરંતુ તને ખબર છે કે ગણિકાની માનસિક સ્થિતિ કેવી હતી ? એ ગણિકાને તો તારા સંન્યાસી જીવનમાં જે શાંતિ અને અપૂર્વ આનંદ દેખાતો હતો, તે પામવા માટે, સહરાના રણમાં સુકાયેલા કંઠે પ્રવાસી શીતળ જળને ઝંખે તેવી તીવ્ર ઝંખના કરતી હતી ! રાત્રે જ્યારે તું ભજન ગાતો અને પ્રાતઃકાળે મધુર મંગળ શ્લોકો ગાતો, ત્યારે એ ગણિકા પ્રભુમય બની જતી. તારા બાહ્યરૂપ અને ગાનને પવિત્ર માની ભાવવિભોર બની જતી. આંસુ સાથે પ્રાર્થના કરતી કે પ્રભુ મારાં કૃત્યોને માફ કરી મને આવું નિર્મળ જીવન આપ ! એક બાજુ તારા દંભની ક્ષિતિજોનો વિસ્તાર કરતો તું સંન્યાસી હોવાના અહંકારને પુષ્ટ કરતો હતો તો બીજી બાજુ, પેલી ગણિકા-વેશ્યા પોતાના પાપી જીવનનો એકરાર અને પશ્ચાત્તાપથી વિનમ્ર અને પાવન બનતી જતી હતી. પરંતુ તું તારા માનથી ગર્વિષ્ઠ બનતો જતો હતો. તારા વ્યકિતત્વને કિલષ્ટ ભાવનાઓનું અહંકારમાં પરિણમન થયું અને ગણિકાની શુભ ભાવનાઓથી તેનું વ્યકિતત્વ અહંકારશૂન્ય બની ગયું. ગણિકાના ચિત્તમાં, તેના મૃત્યુ પૂર્વે તેની વાસના અને અહંકાર મૃત્યુ પામી ચૂકયા હતા. મૃત્યુ સમયે તેનું સમગ્ર ચિત્રતંત્ર પરમાત્માની પ્રાર્થનામાં લીન હતું.

સંન્યાસી નિરુત્તર રહ્યો !

શાંતસુધારસના ઉપાસક પૂ.વિનયવિજયજીએ કહ્યું છે કે મનુષ્યના મનનું

પરિવર્તન, પરિપૂર્ણ પરિવર્તન આવશ્યક છે. શારીરિક, બાહ્ય, વ્યાવહારિક કે વસ્ત્રપરિવર્તન એ આલંબન છે. માત્ર આંતરિક પરિવર્તનનું જ મૂલ્ય છે.

માનવીની સદ્‌ગતિ કે દુર્ગતિ તેના અંતરમનને આભારી છે. બાહ્ય આવરણ કે ક્રિયાકાંડો વ્યક્તિની મહાનતાનો માપદંડ નથી. અંતઃકરણની શુભ ભાવનાઓ જ આંતરસમૃદ્ધિમાં વૃદ્ધિ કરે છે. અલૌકિક સુખ અને આનંદ આપે છે. આંતરિક ચેતનાકેન્દ્રના વર્તુળમાં અપૂર્વ આનંદના સ્ફુલિંગો સર્જવાની પ્રક્રિયાનું સાતત્ય રહે છે. જેનાથી ભીતરના આનંદનું વિશ્વ વિસ્તરતું જાય છે.

હવે આપણે એ જોઇએ કે પૂર્વાચાર્યોએ પ્રરૂપેલી આ ભાવનાનું ચિંતન કરવાથી શું લાભ થાય ? એકતો **આપણું વલણ આત્મલક્ષી બનશે** અને બીજું, આપણા જીવનની દૃષ્ટિ અને વૃત્તિનું નિરીક્ષણ કરતાં **પરિવર્તન જણાશે**.

બુદ્ધિ, તર્ક, નિમિત અને સંયોગોથી આપણી પ્રવૃત્તિઓ બદલાયા કરે પરંતુ અનુપ્રેક્ષાથી જીવનમાં સાત્ત્વિકતા અને અનાસકત ભાવઉજાગર થાય છે. અનુપ્રેક્ષા આપણી વૃત્તિઓને બદલી શકે.

## અનુપ્રેક્ષાથી વૃત્તિ બદલીએ

પ્રવૃત્તિનો ક્રિયા સાથે સંબંધ છે, અને વૃત્તિનો સંબંધ ભાવ સાથે છે.

પહેલા ધંધો કરતા હતા, માત્ર ધંધો, ઉદ્યોગ, વ્યવસાય. હવે એ પ્રવૃત્તિ બંધ કરી, સેવાની પ્રવૃત્તિ શરૂ કરી. વૃત્તિ ધંધાની હતી એટલે સેવામાં ધંધો ભળી ગયો. ખબર ન પડે તેમ ધીરે ધીરે સેવાનું વ્યાવસાયીકરણ થઇ ગયું અને ધીરે ધીરે સેવાએ ધંધો થઇ ગયો. પ્રવૃત્તિ બદલાઇ પણ વૃત્તિ તો એની એ જ રહી.

જીવનમાં સંયમનો સ્વીકાર કરવા સન્યસ્ત જીવન સ્વીકારવા દીક્ષા ગ્રહણ કરી. ઘરબાર, ધંધો, ધાપો, મિત્રો. સ્વજનો છોડયા.

પ્રવૃત્તિ તદ્દન બદલાઇ ગઇ.

પુત્ર-પુત્રી પરિવાર હતા, તેને સ્થાને શિષ્યો શિષ્યાઓના પરિવાર. માનીતા

ભકતોએ સ્વજનોનું સ્થાન લઇ લીધું. સંસારમાં હતાં. ત્યારે બંગલા ફેકટરીના નિર્માણ અને વિસ્તારની વાત હતી. હવે મંદિરો સ્થાનકોના નિર્માણ વિસ્તારની શૃંખલા શરૂ થઇ. આસકિતના ડેરા-તંબૂ તણાવા લાગ્યા. પસંદગીના ધર્મસ્થાનકો ગમવા લાગ્યા. ત્યાં વધુ રહેવાનું આકર્ષણ થયું. ખાસ ભકતજનોનો સંગ વધ્યો.

પ્રવૃત્તિ બદલાઇ પણ વૃત્તિ ના બદલાઇ. અહીં એકત્વ અનુપ્રેક્ષા જરૂરી છે.

વેપારધંધો કે ઉદ્યોગ સ્વકેન્દ્રી પ્રવૃત્તિ છે, મોટે ભાગે આ પ્રવૃત્તિ આપણા કુટુંબ પરિવારના સ્વહિત માટે લાભ માટે કરતા હોઇએ છીએ. જ્યારે સેવામાં અન્યના કલ્યાણ અને માંગલ્યની ભાવના ભળેલી છે. તેથી તેમાં સ્વાર્થને બદલે પારમાર્થિક ભાવના કેન્દ્રસ્થાને છે તેથી તે પ્રવૃત્તિમાં સત્ત્વશીલતા છે.

જ્યારે સેવા સંસ્થાના હોદ્દા કે પદ પર મમત્વ જાગે ત્યારે એ મમઅહમ્‌ને પણ ખેંચી લાવશે અને જેવી એ સંસ્થા અને તેના હોદ્દામાં આસકિત જાગશે તેવી સત્ત્વશીલતા ખતમ થઇ જશે. પ્રવૃત્તિની સાત્ત્વિકતાનો લોપ થશે. આસકિતની વૃત્તિ બદલાશે અને અનાસકત ભાવ જાગૃત થશે તો જ પ્રવૃત્તિમાં સાત્ત્વિકતા આવશે. પહેલા મારા પરિવારના સ્વજનો - બંગલા પર મોહ, આસકિત હતા તેવા જ સંસ્થાના મકાન સહકાર્યકરો અને પદ પર આસકિત છે. સંસ્થામાં દાન કર્યું છે તો ટ્રસ્ટીશીપ તો મળવી જ જોઇએ, અહીં દાન તો થયું પણ ત્યાગ ન થયો.

પ્રવૃત્તિ બદલાઇ પણ વૃત્તિ ના બદલાઇ. દાન દ્વારા લક્ષ્મીનું, પરિગ્રહનું વિસર્જન તો થયું પણ ત્યાગ વિનાનું દાન એકડા વિનાના મીંડાં જેવું છે. દાનની પ્રવૃત્તિમાં ત્યાગની વૃત્તિ ભળે તો કાંચન-મણિ યોગનું સર્જન થાય.

સેવા કરી કે દાન કર્યું, પછી મારા હૈયામાં સન્માન પદ કે શિલાલેખની ભાવના શિલાલેખની જેમ કોતરાઇ જાય તો દાન દ્વારા પરિગ્રહ વિસર્જનની ભાવના અધૂરી રહી. ત્યાગ વિના દાનનું સાફલ્ય નથી. આસકિતની વૃત્તિ બદલવી પડશે. માત્ર પ્રવૃત્તિ બદલવાથી કલ્યાણ નથી.

જીવનની અંતિમ ક્ષણે ભગવાન મહાવીરે પોતાના પ્રિય શિષ્ય ગૌતમને દૂર મોકલી અળગો કર્યો, અનાસકત ભાવ ઉજાગર કરવાની ભાવનાથી પ્રભુએ આમ કર્યું ને

તેના પરિણામે જ ગણધર ગૌતમ, કૈવલ્યના અધિકારી બન્યા.

એક સંતે તેના ભકતજનને કહ્યું, તમને ચા-તમાકુનું વ્યસન છે તે સારું નથી તેને છોડી દો. થોડા દિવસ પછી પેલો ભકતજન સંતનાં દર્શને આવ્યો ને કહ્યું બાપજી ચા-તમાકુ છોડી દીધા છે, સંત કહે સારું કર્યું પણ દિવસમાં ચા-તમાકુ યાદ આવે ત્યારે શુ કરો ? ચા યાદ આવે ત્યારે કોફી પી લઉં અને તમાકુ યાદ આવે ત્યારે ગુટખા ખાઇ લઉ ! પ્રવૃત્તિ બદલી, વૃત્તિ નહીં.

એક મુનિની પ્રેરણાથી શિક્ષણ સંકુલની સ્થાપના થઇ. મુનિના દસ વર્ષના પ્રચંડ પુરુષાર્થ બાદ સંસ્થા એક આદર્શ સંસ્કારધામ બની. કેટલીક સૈદ્ધાંતિક બાબતોમાં સંચાલકો અને ટ્રસ્ટીઓ સાથે એ જૈનમુનિને મતભેદ થયો. મુનિનું આર્તધ્યાન જોઇ તેમના ગુરુએ કહ્યું કે આ સંસ્થામાં તું આસકત થયો છે. તારું આર્તધ્યાન, રૌદ્રધ્યાન તરફ ઝડપથી જઇ રહ્યું છે. આ સંજોગોમાં તું મૃત્યુ પામે તો આ શિક્ષણ સંકુલમાં સાપ તરીકે જ જન્મે. મુનિને ઝટકો લાગ્યો. પોતાની વૃત્તિ અને પ્રવૃત્તિ પર નિરીક્ષણ કર્યું. આલોચના કરી. આખી રાતના મનોમંથન બાદ ચિત્તમાંથી વિચારોને દૂર કર્યા. વહેલી સવારે સંસ્થાના સ્થાનકમાંથી વિહાર કર્યો. મુનિની જાગૃત ચેતનાના સમ્યક્‌પરાક્રમ અને ભાવ ચિંતનથી અહી પ્રવૃત્તિ સાથે વૃત્તિ બદલાઇ ગઇ. સંસ્થામાંથી મુનિનું મહાભિનિષ્ક્રમણ, નિજી સંયમ જીવનનો મર્યાદા મહોત્સવ હતો.

અનાસક્તિના સંદર્ભે આ મહાપ્રજ્ઞજીએ એક સુંદર દષ્ટાંત આપ્યું છે. નગરમાં એક સંન્યાસી આવ્યા, સન્યાસીની જીવનચર્યા જોઇ રાજાએ સન્યાસી બનવાનું નક્કી કર્યું. રાજપાટ વૈભવ છોડી રાજા સન્યાસી પાસે આવ્યા અને કહ્યું કે મને સન્યસ્ત દીક્ષા આપો.

સંન્યાસીએ રાજાને દીક્ષા-આપી. રાજા તો જંગલમાં કુટિર બનાવી રહેવા લાગ્યા. રાજાને દીક્ષા આપનાર ગુરુ અન્યત્ર ચાલી ગયા. સન્યાસી બનેલા રાજા માત્ર કુટિરને સ્વચ્છ સુઘડ જ નથી રાખતા, ધીરે ધીરે કુટિરને વિશાળ બનાવે છે. વિવિધ વૃક્ષોનાં રંગીન લાકડાઓની કલાકૃતિ બનાવી. વાંસની કમાનો બનાવી તેને શણગારે છે. વિવિધ રંગીન ફૂલો અને પર્ણોથી કુટિરનું સુશોભન કરે છે. કુટિરના વિશાળ આંગણામાં કેટલાંક પશુ પંખીને પાળે છે. એક વર્ષ પછી રાજાને દીક્ષા આપનાર સન્યાસી ગુરુ તે જંગલના રસ્તા પરથી પસાર થઇ રહ્યા હતા. રાજાએ ગુરુ સન્યાસીને પોતાની

કુટિરમાં પધારવા આમંત્રણ આપ્યું. રાજાએ કુટિર આંગણ, પશુ પંખી અને સુશોભનો બતાવી પૂછ્યું.

ગુરુજી મારી કુટિર કેવી લાગી ?

ગુરુજીએ કહ્યું કુટિર તો મહેલ જેવી સોહાય છે. ગુરુ દ્વારા કુટિરના વખાણ સાંભળી સન્યસ્ત થયેલા રાજાના મુખ પર અહમ્ અને ખુશીના ભાવ જોઇ ગુરુ વિચારે છે.

રાજા મહેલમાંથી તો બહાર નીકળી ગયા પરંતુ, રાજામાંથી મહેલ નથી ગયો.

ચિત્તમાં મહેલ મોજૂદ જ છે.

ગુરુ કહે,

પહેલાં, મહેલ અને રાજ્યનો વિસ્તાર અને શણગાર કરતા હતા. હવે કુટિરનો. પહેલા મહેલ, રાણી, કુંવરો, સેવકો પ્રત્યે મોહ હતો હવે કુટિર, ફૂલ, ઝાડ, પાન, પશુ-પંખી પ્રત્યે મોહ, આમાં પરિગ્રહ પ્રત્યેની આસક્તિ કેમ છૂટશે ? પ્રવૃત્તિ જરૂર બદલાઇ વૃત્તિ નથી બદલાઇ. રાજામાંથી રાજર્ષિ થવું હોય તો પ્રવૃત્તિ સાથે વૃત્તિને બદલવી પડશે. સન્યાસી બનેલ રાજાએ અનુપ્રેક્ષા કરી, પ્રમાદ અને મોહની નિદ્રાથી જાગૃત થયા. પશુ-પંખી, ફૂલ, ઝાડ અને કુટિરનો ત્યાગ કરી અન્ય સ્થળે ચાલી ગયા. પૂર્ણ સન્યાસી થવા સમગ્રસામ્રાજ્યનો અને વૈભવનો ત્યાગ કર્યો હતો તે ત્યાગ કરતા, જંગલની આ કુટિરનો ત્યાગ મહાન હતો, કારણ આ ત્યાંગમાં ચિત્તવૃત્તિમાંથી આસક્તિનો ત્યાગ અભિપ્રેત હતો. અહીં પ્રવૃત્તિની સાથે વૃત્તિ બદલાઇ હતી. કુટિરમાંથી અન્યત્ર જંગલ તરફ જતી સન્યાસીની યાત્રા અનાસક્તિના માર્ગે મુક્તિની યાત્રા હતી.

**પ્રસન્નચંદ્ર રાજર્ષિની** વાત આપણે સૌ જાણીએ છીએ રાજાશ્રેણિકને ભગવાન, રાજર્ષિના અંતરમનના ભાવોનું રહસ્યોઘાટન કરતાં કહે છે કે રાજર્ષિના યુદ્ધ હિંસા અને રૌદ્રધ્યાનના ભાવો તેના, જીવને સાતમી નર્ક સુધી લઇ જવાની ભૂમિકા બાંધે છે અને તેની આલોચનાના ભાવો-અનુપ્રેક્ષા શુભમાંથી શુદ્ધ તરફની યાત્રાનું પરિણામ તેને કૈવલ્યના અધિકારી બનાવે છે.

ધર્મધ્યાનમાં પ્રવેશ કરવા માટે આ બાર ભાવનાનું ચિંતન ભવચક્રના ફેરા ટાળી આત્મા સાથે અનુસંધાન કરાવનાર છે. બાર ભાવના પછી ભાવનાની ક્ષિતિજનો વિસ્તાર

જ્ઞાનીઓએ ચાર **પરાભાવના** દ્વારા કર્યો છે.

**મૈત્રી, પ્રમોદ, કરુણા** અને **માધ્યસ્થ** ભાવનાનું આચરણ જીવને શિવ બનાવે છે.

આ સૃષ્ટિના તમામ જીવો સાથે મારે મૈત્રી છે ક્ષમાપના અને **મૈત્રીભાવ** જૈન દર્શનની વિશ્વને અણમોલ ભેટ છે.

ગુણવાનના ગુણ જોઇ આનંદ થવો અને તે ગુણોની પ્રશંશા કરવી તે **પ્રમોદભાવ** છે.

એ ભાવના ભાવતાં તેવાજ ગુણોનું આપણામાં અવતરણ થાય. દુઃખી વ્યક્તિનું દુઃખ જોઇ આપણા હૃદયમાં અનુકંપાનું ઝરણું પ્રવાહિત થાય, એનું દર્દ આપણું જ દર્દ છે એવી અનુભૂતિ સાથે તેનું દુઃખ દૂર થાય તેવા ઉપાયો કરવાનું ચિંતન અને પુરુષાર્થમાં કરૂણા **અનુકંપાભાવ** અભિપ્રેત છે.

જ્યાં પોતાનો ઉપાય ન ચાલે શિખામણ ન ચાલે તેવા, મનને આકુળ-વ્યાકુળ કરનારા પ્રસંગોએ, અન્યનું વર્તન ત્રાસ ઉપજાવે તેવું હોય, એ વ્યક્તિ અને બનાવો પ્રત્યે ઉપેક્ષાભાવ રાખી ક્રોધ કર્યા વગર સમતા રાખી શાંત વિચારણા દ્વારા તેનું યોગ્ય સ્થાન સમજવાની ધીરજ તે **માધ્યસ્થભાવ** છે. પાપી પાપ કરે તેની સામે દ્વેષનો અભાવ અને તેના પ્રત્યે કુણી લાગણીનો પણ અભાવ તે **માધ્યસ્થભાવ** છે.

## મોક્ષમાર્ગના દ્વારમાં પ્રવેશ કોને મળે ?

મોક્ષના દ્વારે મોટી ભીડ જામી હતી. મહામાનવ સમુદાયમાંના પ્રત્યેક માનવને મોક્ષમાં જવું હતું, દિગંતમાં જવું હતું, દિગંત એટલે જ્યાં દશે દિશાઓ વિલય પામે તે સિદ્ધાલય, પરંતુ દિગંતના માર્ગે જવાનું દ્વાર ખુલતું ન હતું. દ્વારપાળ દ્વાર ખોલતો નહોતો, કેટલાક પંડિતોએ - વિદ્વાનોએ આગળ આવીને કહ્યું, 'અમે જ્ઞાની છીએ, અમે હજારો શાસ્ત્રો વાંચ્યા છે. લાખો લોકોને ધર્મોપદેશ આપ્યો છે, અમારે મોક્ષમાં જવું છે દ્વાર ખોલી નાખો !

દ્વારપાલે કહ્યું, 'અહીં શાસ્ત્રોનું મૂલ્ય નથી, અનુભવનું મૂલ્ય છે, સ્વાનુભૂતિનું મૂલ્ય છે. જનોપદેશની કિંમત નથી. ઉપદેશનું મૂલ્ય છે - તમને મોક્ષમાં પ્રવેશ નહીં મળે.'

ભીડમાંથી કૃશકાય, તપસ્વી, મુનિ, સંન્યાસીઓ આગળ આવ્યા અને તેઓએ કહ્યું કે, 'અમે ઘોર તપસ્યા કરી છે, કેટલાય ઉપવાસ કર્યા છે, કષ્ટદાયી વ્રત-નિયમોનું પાલન કર્યું છે, અમારે માટે મોક્ષનું દ્વાર ખોલો.'

દ્વારપાળે કહ્યું કે, 'આ વ્રત-નિયમોનું પાલન અને તપ ત્યાગ તમે કઇ ભાવનાથી કર્યું હતું તે જાણવું પડશે....હા તમે ત્યાં યશ પ્રતિષ્ઠા અને માનસન્માન પામવાની ઇચ્છાથી અને સ્વર્ગનાં સુખો પામવાની ઇચ્છાઓથી આ બધું કર્યું હતું. માત્ર તપ ત્યાગ અને વ્રતનિયમોનું પાલન કરનારાઓ માટે મોક્ષદ્વારમાં પ્રવેશ નથી મળતો. બાહ્યતપ સાથે અંતરતપની જરૂર હતી. કામેચ્છારહિત તપની જરૂર હતી. તમે ધર્મક્રિયાઓ કરી હતી, પરંતુ ધર્મધ્યાન કર્યું ન હતું માટે અહીં પ્રવેશ ન મળે...અહીંથી પાછા જાઓ.

ભીડ કંઇક ઓછી થઇ તો કેટલાક લોકો આગળ આવ્યા અને બોલ્યા, 'અમે સમગ્રજીવન પરોપકારમાં વ્યતીત કર્યું છે, દાન કર્યું છે માટે અમને પ્રવેશ મળવો જોઇએ.' દ્વારપાળ કહે તમારા દાન પાછળ પ્રચ્છન્ન અહંકાર અને પરોપકાર પાછળ પ્રતિષ્ઠા પામવાની ઇચ્છા છુપાયેલી હતી. માટે શુદ્ધ ભાવના વગર કરેલા જીવોપકારની અહીં કશી જ કિંમત નથી !

ભીડ ચાલી ગઇ, પરંતુ સૌથી પાછળ એક મનુષ્ય ઊભો હતો. દ્વારપાળે એને પૂછ્યું, 'ભાઇ તું હજુ કેમ ઊભો છે ? અહીં શા માટે આવ્યો છે ? તેણે કહ્યું, કોણ મને અહીં લઇ આવ્યું છે તેની મને ખબર નથી. મારી પાસે શાસ્ત્રજ્ઞાન નથી. મેં ઘોર તપ કે વ્રતો કર્યા નથી કે કઠોર નિયમો પાળ્યા નથી. આમ મારી પાસે કશું નથી.'

'હા કોઇ જીવ સાથે મારે શત્રુતા ન હતી, કોઇને હું નડ્યો નથી. સૌને માટે મારા હૃદયમાં પ્રેમ છે. મૈત્રીભાવનું ગાન મારા હૃદયમાં સતત ગુંજન કરે છે. કોઇને દુઃખી જોઇ મારાં નયનો કરુણાજલથી છલકાઇ ઉઠતા સંતો અને સજ્જનો જોતાં મારું હૃદય પ્રમોદભાવથી પુલકિત થતું. મારા પ્રત્યે અયોગ્ય વર્તન કરનાર પરત્વે મને દ્વેષ ન આવતો પણ માધ્યસ્થ ભાવ વડે હું તેની ઉપેક્ષા રાખતો, પરંતુ આટલા માત્રથી મોક્ષ માર્ગે જવાના પ્રવેશ દ્વારમાં પ્રવેશની મારી યોગ્યતા પ્રાપ્ત થતી નથી. માટે હું પણ પાછો વળું છું.' પરંતુ તેના આશ્ચર્ય વચ્ચે દ્વારપાલે તેને માટે મોક્ષમાર્ગનું દ્વાર ખોલી નાખ્યું હતું.

શાંત સુધારસનું પાન કરાવનાર આ એક ઉપનય કથા છે. વાસ્તવમાં મોક્ષદ્વારેથી આપણે કરોડો જોજન દૂર છીએ. આપણે સૌ એ માર્ગે જવા તત્પર છીએ એટલે આ દૃષ્ટાંતકથાનું ચિંતન કરતા જીવનમાં મોક્ષમાર્ગે જવાના ગુણોનું સ્પષ્ટીકરણ થશે.

માત્ર જ્ઞાની કે પંડિત થવાથી એ માર્ગે જઇ શકાશે નહિ. જ્ઞાન સાથે ભાવયુકત ક્રિયા ભળે તો મોક્ષદ્વારે જઇ શકાશે.

ભાવનાઓનું ઉગમસ્થાન અંતઃકરણ છે, ચિત્ત છે, ભાવના વિનાની ક્રિયા એકડા વિનાના મીંડાં જેવી છે. ધર્મ અનુષ્ઠાનોની ક્રિયાની પશ્ચાદ્‌ભૂમાં ભૌતિકકામના કે વાંછના સાધના માર્ગને સાચી દિશા ન આપી શકે.

બાહ્ય ધર્મ ક્રિયા કરી સંતોષ માનવાથી આધ્યાત્મિક અનુષ્ઠાનોનો પૂર્ણ ફાયદો ઉઠાવી શકાશે નહિ. સ્વર્ગ, નર્ક કે મોક્ષનો આધાર મનુષ્યના મન પર છે. ચિત્તમાં-અંતઃકરણમાં ક્રાંતિ જ આત્માને ઉર્ધ્વગમન કરાવી શકે.

મૈત્રી, પ્રમોદ, માધ્યસ્થ અને કરૂણા એ ચાર પરા ભાવનાની અનુપ્રેક્ષા આપણને મોક્ષમાર્ગના અધિકારી બનાવી શકે.

આ સોળભાવનાઓ જીવનનો આંતરવૈભવ છે. અનુપ્રેક્ષા શુભમાંથી શુદ્ધ તરફ જવાની યાત્રા છે. આ ભાવનાઓથી જીવ શાંતસુધારસનું પાન કરી જીવમાંથી શિવ બનવાના રાજમાર્ગ પ્રતિ જઇ શકે છે.

(Paper for 12th Biennial Jaina Convention July 3-6-2003
cincinnati ohio USA)

X-X-X

## ગુણવંત બરવાળિયા 'ગુંજન'ના પુસ્તકો (સર્જન અને સંપાદન)

- ઊર નિર્ઝરા (સ્વરચિત કાવ્યોનો સંગ્રહ)
- તપાધિરાજ વર્ષીતપ (જૈનદર્શનમાં તપ)
- કલાપી દર્શન (કવિ કલાપીની જન્મશતાબ્દી નિમિતે પ્રગટ થયેલ તેમના જીવન-કવન અને વિવેચનના લેખોનો સંચય)
- હૃદય સંદેશ (શિક્ષણ અને વિદ્યા-જગતને લગતા લેખો)
- પ્રીત - ગુંજન (સો વર્ષના પ્રણય કાવ્યોનો પ્રતિનિધિ સંગ્રહ)
- શૈલેષી (આલોચના અને ઉપાસના)
- અહિંસા મીમાંસા
- Commentry on Non-Violence (અહિંસા મીમાંસા અંગ્રેજી)
- વાણીના ઝરૂખેથી (વાગ્મિતા)
- ચંદ્રસેન કથા
- અધ્યાત્મનિષ્ઠ સંતબાલજી
- સંકલ્પસિદ્ધિના સોપાન
- અમરતાના આરાધક
- આગમ દર્શન (પરિચય પુસ્તક)
- ભગવાન મહાવીર અને સંયમ જીવન
- દામ્પત્ય વૈભવ (દામ્પત્ય જીવનને લગતાં લેખોનો સંચય)
- દાર્શનિક દ્રષ્ટા
- વિશ્વવાત્સલ્યનો સંકલ્પ
- અભિવંદના
- જીવનનું રહસ્ય
- કામધેનું (હિન્દી-અંગ્રેજી)
- ઉત્તમ શ્રાવકો
- અધ્યાત્મ સુધા
- અધ્યાત્મ આભા
- અમૃત ધારા
- અધ્યાત્મ અમૃત (જૈન અધ્યાત્મ સ્ટડી સર્કલના દશાબ્દી વર્ષ નિમિત્તે સભ્યોના અધ્યાત્મ વિષયક લેખનો સંગ્રહ)
- શ્રીમદ રાજચંદ્ર-એક દર્શન (શ્રીમદ્જીના જીવનના વણસ્પર્શ્યા પાસાનું દર્શન)
- સર્વધર્મ દર્શન
- અમરસેન વયરસેન કથા
- Glimpses of world religions (સર્વધર્મ દર્શન અંગ્રેજી)
- શાકાહાર (અનુવાદ-ડૉ. મધુબહેન બરવાળિયા)
- દુલેરાય માટલિયા કૃત બે વિરલ વિભૂતિઓ શ્રીમદ્ રાજચંદ્ર અને ગાંધીજી
- જ્ઞાન સાધના અને સરસ્વતી વંદના
- મર્મસ્પર્શ
- મૃત્યુનું સ્મરણ
- ભારતીય સંસ્કૃતિમાં દાન ભાવના
- જૈનધર્મ (પરિચય પુસ્તિકા)
- આપની સન્મુખ
- વિચારમંથન

પ્રાપ્તિ સ્થાન :
- નવભારત સાહિત્ય મંદિર
  ૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦૦૦૨.
  ગાંધી રોડ, દેરાસર પાસે, અમદાવાદ-૩૮૦૦૦૧.
- ચિંતન પ્રકાશન : ૧/૩૧૬, સિદ્ધિવિનાયક, હિંગવાલા લેન એક્ષ., મુંબઈ-૭૫. ફોન : ૨૫૧૨ ૫૬૫૮.

